ઓક્ટોબર-૨૦૨૩
વર્ષ : ૧૬
અંક : ૦૪
મુલ્ય : રૂા. ૨૦/-

સહ વીર્યં કરવાવહૈ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા સંચાલિત સમાજનું મુખપત્ર

# સેતુ સમાજ સંદેશ

*Unity is our Strength*

(માસિક)



જમશેદપુર સદ્‌ભાવના મીટમાં ઉપસ્થિત મહાસભાના આદરણીય પ્રમુખ શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા સાથે અન્ય હોદ્દેદારશ્રીઓ એવં અગ્રણીશ્રીઓ...



જમશેદપુર બિઝનેસમીટ-૨૦૨૩ ઉદ્‌ઘાટન સમારોહની તસ્વીર...



જમશેદપુર બિઝનેસમીટ-૨૦૨૩માં યુવા ઉદ્યોગપતિ વિપીનભાઈ રાઠોડનું જાહેર સન્માન કરતા મહાસભાના હોદ્દેદારશ્રીઓ...



અંજાર ઘટકના વિજયનગર સ્થિત પ્લોટ પર નવનિર્મિત શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરુષોત્તમભાઈ સોલંકી કાર્યાલય" માટે ભૂમિ લીઝના દાતાશ્રી અંજાર ઘટકનું સન્માન મહાસભાના પદાધિકારીઓના હસ્તે સ્વીકારતા અંજાર ઘટક પ્રમુખ શ્રી વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર....

ચાલો રાયપુર (છત્તીસગઢ)    પધારો રાયપુર રાયપુર (છત્તીસગઢ)    ચાલો રાયપુર રાયપુર (છત્તીસગઢ)

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

## ત્રિ-વાર્ષિક અધિવેશન એવં વિરાટ સગપણ સંમેલન

તા. ૨૩, ૨૪, ૨૫, ડિસેમ્બર-૨૦૨૩,

*If undelivered please return to :*
**Setu Samaj Sandesh**
*C/o. Shree K.G.K. Samaj Bhavan*
*Nr. Townhall,*
*ANJAR - KUTCH 370 110.*
*Ph. : (02836) 246511*

RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2023-2025
Posted at S.O. BHUJ on 2nd of Every Month.





Late Karmsinh Madhavji Tank
(Sinogra)



Mr. Prafulchandra K. Tank
Mob: +91 9825053258

Mr. Kishan P. Tank
Mob: +91 9925811599

KCI

# KARMA CHEMICAL INDUSTRIES

Manufacturer of : BASIC DYES

**RHODAMINE B 540%**

Basic Violet 10 & Other Qualities

**BASIC RHODAMINE B BASE**

BASIC DYES FOR

**Paper, Textile Printing & Leather**

**Factory** : 67/6, Phase 1, G.I.D.C ,Vatva. Ahmedabad-382445 , ph:079-25890110

**Residence** : 21,22/D Ramkrishna Soc; Near Aavkar hall; Maninagar; Ahmedabad-380008. ph:079-25462812

**E-mail** : karmachemical@gmail.com, tankishan5115@gmail.com

|| विद्यादान महादान || || परम पूज्य श्री गंगा मैया ध्रुव स्मृति || || सा विद्या या विमुक्तये ||

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ - કચ્છ) ૩૭૦ ૧૦૫. ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

કન્યા કેળવણીના ક્ષૈત્રે ભારત વર્ષમાં આપણા સમાજનું એકમાત્ર છાત્રાલય કુકમા (કચ્છ) મુકામે સમાજબંધુઓના સહયોગથી બંધારણીય રીતે સ્થાપવામાં આવેલ છે. દેશ-પરદેશ વસતા શુભેચ્છકો તથા ઉદાર દિલ દાતાશ્રીઓના સહયોગથી તેમજ નિષ્ઠાવાન કાર્યકર્તાઓની જહેમતથી છાત્રાલયનું સંચાલન સુચારૂ રૂપે થઇ રહ્યું છે. હાલે ધો. ૫ થી કોલેજકક્ષા સુધીની વિદ્યાર્થીનીઓને છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવે છે.

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842માં જમા કરાવી માનદ્ વ્યવસ્થાપક શ્રી મોહનલાલ કુંવરજીભાઇ ચૌહાણ મો. 09427767810ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.



'સમાજરત્ન' શ્રદ્ધેય
સ્વ. હિરજીભાઇ ખીમજીભાઇ
ચૌહાણ - રત્નાગીરી

: પ્રેરણા સ્રોત :

દર મહિનાની ૨જી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

# સેતુ સમાજ સંદેશ

સમાજના શીલ, શિક્ષણ અને સહકારનું માસિક

'સમાજરત્ન'
શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ
સોલંકી - માધાપર



સહ વીર્યં કરવાવહૈ

વર્ષ : ૧૬ અંક : ૦૪ ઓક્ટોબર-૨૦૨૩

સંસ્થાપક અને આદ્યતંત્રીશ્રી :
વૈદ્યરાજ સ્વ. પ્રાગજીભાઈ મોનજીભાઈ રાઠોડ

(Subject To Anjar Jurisdiction Only)

:: સમાજ સંરક્ષક ::



ભરતભાઈ કાંતિલાલ સાવરિયા
રાયપુર (છત્તીસગઢ)

: માનદ્ તંત્રી-મુદ્રક-પ્રકાશક :



વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર
'ખોડિયાર કૃપા' પ્લોટ નં. 8, કામધેનુ સોસાયટી-1,
અંજાર (કચ્છ) 370 110 M. 9408244644, 8160121930

: માલિક :



યોગેશભાઈ મગનભાઈ ચાવડા
પ્રમુખ શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા

અધ્યક્ષ, સેતુ સમાજ સંદેશ સંચાલન સમિતિ



હિતેશ ભોગીલાલ ચૌહાણ
63-65 / B, બંસરીવિલા, ગામ : મેઘપર કુંભારડી,
અંજાર (કચ્છ) 370 110.M. 9909069057

:: પથદર્શક ::



સ્વ. ભરતભાઈ વલમજીભાઈ વાઢેર
અંજાર (કચ્છ)

માનદ્ સંયોજક (Coordinator)
વિનોદ કેશવજીભાઈ પઢિઆર

પોસ્ટ એવં પ્રિન્ટીંગ
વિનોદ લીલાધરભાઈ ચૌહાણ

લવાજમ-વિજ્ઞાપન
અજય પ્રાગજીભાઈ પઢિઆર

સભ્યશ્રીઓ : વિનોદ શાંતિલાલ જેઠવા વિજય પ્રાગજીભાઈ પઢિઆર પ્રતિક દિનેશભાઈ ટાંક ગિરીશ મહેશભાઈ પરમાર


ધર્મ-સંસ્કૃતિ અને સ્વસ્થ પરંપરાઓનું પાલન કરવું એ દરેક વ્યક્તિ કે સમાજની પવિત્ર ફરજ છે. જી-૨૦ સમીટમાં ભાગ લેવા ભારત આવેલા બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનક, કે જેઓ મુળ ભારતીય છે.... તેમનો પોતાના સનાતન હિન્દુ ધર્મ પ્રત્યેનો આદર ભર્યો વ્યવહાર તેનું શ્રેષ્ઠતમ ઉદાહરણ છે. એક ભારતીય તરીકે તકે દુનિયાના કોઇ પણ ખુણામાં વસતા હો કે કોઇપણ શ્રેષ્ઠ પદ ઉપર હો... વારસા અને લોહીમાં મળેલું સત્ય હંમેશા જાગૃત રહેવું જોઇએ. આપણી આર્ય સંસ્કૃતિ વિશ્વમાં શ્રેષ્ઠ ગણાય છે. આપણા વેદો, ઉપનિષદો અને ધર્મગ્રંથો વિશ્વભરમાં વંચાય અને પોંખાય છે. કારણ કે ઇશ્વરે આપેલું આ અનમોલ માનવ જીવન કેમ જીવવું તે અંગે માર્ગદર્શન આપે છે. અંધારા માર્ગમાં રસ્તો ન દેખાય ત્યારે ટોર્ચ ચાલુ કરીને તેના દ્વારા મળતા પ્રકાશના સથવારે આગળ વધીએ છીએ. આવું જ કાંઇક ધર્મનું છે. ધર્મને આપણે ધારણ કરીએ તો જીવનમાં આડા-અવળા કે ઉંચા-નીચા રસ્તે કઇ રીતે ચલાય તેનો આપો-આપ માર્ગ બતાવે. ધર્મ એ પાયો છે તો સંસ્કૃતિ તેનું આભુષણ અને પરંપરાઓ તેની વાહક છે. આ ત્રણેય એકબીજાના પુરક છે.

ધર્મ-સંસ્કૃતિ અને પરંપરાઓની દૃષ્ટિએ ભારત એ વૈવિધ્યસભર દેશ છે. આપણા જેટલા તહેવારો વિશ્વમાં કોઇ દેશમાં ઉજવાતા નથી. આપણા દરેક તહેવારોની પૃષ્ઠભુમિ ધર્મ અને સંસ્કૃતિના રંગે રંગાયેલી છે. રામનવમી, જન્માષ્ટમી, ગણેશ ચતુર્થી કે નવરાત્રી ઉત્સવની ઉજવણી આસ્થા-ઉમંગ અને પ્રેરણાનું માધ્યમ બની આપણા ઉત્સાહમાં વધારો કરે છે. તહેવારોની ઉજવણીની રીત સંપ્રદાયોના માધ્યમથી કદાચ અલગ અલગ હોઇ શકે પણ તેનો ઉદ્દેશ તો એકજ હોય છે. સનાતન ધર્મએ મૂળ છે તો સંપ્રદાયો તેની શાખા છે. આપણે ગમે તે સંપ્રદાય સાથે જોડાયેલા હોઇએ પણ સનાતન ધર્મને ભુલવો જોઇએ નહીં. ગૌરવની વાત છે કે આપણો સમાજ પણ વૈદિક સંસ્કૃતિને અનુસરતો એક ભાગ છે. સંગઠીત-સ્વસ્થ અને સાત્વિક સમાજના નિર્માણ માટે ધર્મનું આચરણ માધ્યમ બને છે. સંસ્કૃતિએ ધર્મનું આભુષણ એટલા માટે છે કે તેના જતનથી વ્યક્તિ અને સમાજ સુશોભિત તથા સમૃદ્ધ બને છે. માણસના વિચાર, વ્યવહાર અને આચરણમાં થતું સંસ્કારોનું દર્શન છેવટે આદર્શ સમાજની રચના કરે છે. ''હારે જીતે કુરૂ ક્ષેત્રો... નથી એ હાર-જીત... હારે-જીતે સંસ્કૃતિ એ સાચી હારજીત...'' યુદ્ધના મેદાનમાં થતી હાર-જીત કરતાં સંસ્કૃતિના રખોપા માટે થતી હાર-જીત વધારે મહત્વની છે. સમયની સાથે સંસ્કૃતિના મુલ્યો બદલાતાં જાય છે. આધુનિકતાનો રંગ ધીમા પગલે અને પાછલા દરવાજેથી સમાજ વ્યવસ્થામાં પ્રવેશી રહ્યો છે ત્યારે આપણે સૌએ સતર્ક રહેવાની જરૂર છે. સમાજ અને દેશનું ભવિષ્ય એવા આપણા બાળકો આપણી મૂળ સંસ્કૃતિ સાથે જોડાયેલા રહે તેવા પ્રયાસો આપણને કરવાના છે. તો ચાલો, જાગ્યા ત્યારથી સમાજ સમજીને આગળ વધીએ...

**- વિનોદ લીલાધર ચૌહાણ (પ્રભારી, પ્રિન્ટીંગ અને પોસ્ટિંગ)**


મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી)
સમાજ ભવન,
ટાઉન હોલ પાસે,
અંજાર (કચ્છ) ૩૭૦ ૧૧૦

વાર્ષિક લવાજમ : ₹ ૨૦૦
આજીવન લવાજમ : ₹ ૧૫૦૦

મહાસભા વેબસાઇટ
www.kgksamaj.org

રકમ કોઇપણ Bank of Baroda - Anjar ની શાખામાં "Setu Samaj Sandesh" ના
Saving A/c. No. 03740100017955
IFSC Code - BARB0ANJARX (5th Character is Zero) માં ભરી શકાય છે.
E-mail : setusamaj@gmail.com Visit us on at : www.setusamajsandesh.org

ખાસ નોંધ : ★ સરનામામાં ફેરફાર અથવા સુધારા-વધારા તેમજ વિજ્ઞાપન બાબતે જાણકારી મેળવવા માટે 9067292827 નંબર પર S.M.S. / Whatsapp કરવા વિનંતી. મેસેજમાં ગ્રાહક નંબર, પુરૂં નામ - સરનામું લખવું અનિવાર્ય છે. ★ સેતુ સમાજ સંદેશમાં પ્રકાશીત થતા અહેવાલ, વિચાર, પત્ર, જાહેરખબર, લેખ વગેરેની વિગત સાથે તંત્રીશ્રી, મહાસભાના પદાધિકારીઓ સહમત હોય એ જરૂરી નથી. વિગતને લખનારના વ્યક્તિગત વિચારો સમજવા.



Reg. No. : S/12386 of 1972-73 West Bengal Societies Act - XXVI of 1961

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા



પ્રમુખશ્રી મહાસભા
શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા
'અંબર', વાત્સલ્ય ભૂમિ, વાઠોડા,
પો. નાગપુર (મહારાષ્ટ્ર) 35
Mob. 9373129642

સહ વીર્યં કરવાવહૈ

મહામંત્રીશ્રી મહાસભા
શ્રી વિનોદભાઈ કેશવજીભાઈ પઢિઆર
પ્લોટ નં. 26-બી, બાલાજીનગર-1
અંજાર (કચ્છ) 370 110
Mob. 09978790488

Regd. Office : 22, Hysham Road, Kolkata - 700 020 (W.B.)

Main Office : Shri Kshatriya Gyati Sewa Samiti, Opp. Satkar Hotel, Civil Station Road, Po. Raipur (C.G.) 492009. Ph./Fax : 0771 - 4098024

NAGPUR Office : "AMBER", Vatsalya Bhumi, Wathoda, Nagpur - 35. Mob. 937312642 ANJAR Office : Shop No. 5, Balaji Chambers - 2, Below Hotel Payal, Po. ANJAR (Kutch) 370 110, Mob. 9978790488




*પ્રમુખ સ્થાનેથી...*

# મારા મનની વાત...

## સર્વે સમાજબંધુઓને સાથ...

**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા સ્વર્ણ જયંતિ સત્રની સમાપન વેળાએ... સતત સમાજ ઉત્કર્ષ યાત્રાના સર્વે સહયાત્રી સમાજબંધુઓ.... આપ સૌનું આત્મીય અભિવાદન... આભાર.... રામ રામ... જય સમાજ**

આપ સૌ વડિલો, માતાઓ, બહેનો, ભાઇઓ, સખાઓ, સહકાર્યકર્તા મિત્રોના સુંદર સાથથી મહાસભાના આંગણે ઐતિહાસિક અવસર એટલે કે, **મહાસભા સ્થાપનાની ૫૦ વર્ષની યશસ્વી યાત્રાના ઐતિહાસિક પડાવે મહાસભા પ્રમુખશ્રી** તરીકે મારી વરણી થઇ એ ઘડી મારા માટે સૌભાગ્ય એવં આત્મ ગૌરવ બની રહી જ્યારથી **પરમ આદરણીય સ્વ. શ્રી રણજીતબાપાની** આંગળી પકડી સમાજસેવાની કેડીએ પ્રયાણ કર્યું તે દિવસની ઘડી અને આજનો દિવસ... મિત્રો એક વાતનું અત્યંત આત્મસંતોષ રહ્યો કે પરમકૃપાળુ પરમાત્માની અસીમ કૃપાથી મહાસભા પ્રમુખપદે રહી સમસ્ત સમાજબંધુઓની સેવા કરવાનું સૌભાગ્ય મળ્યું તે મારા સર્વે વડીલોના આશિર્વાદરૂપી પ્રસાદ સ્વરૂપે ગ્રહણ કરી સમાજના સર્વે વર્ગના સર્વાંગી વિકાસ માટે તન, મન, ધન, સમયથી સમર્પિત થયાનો આત્મસંતોષ જ જીવનપર્યંતની મૂડી બની રહેશે.

મહાસભા પ્રમુખશ્રીનો પદભાર સંભાળતા જ, સૌ પ્રથમ અમારા **કુળદેવી મા ચામુંડા માતા – ચંદિયા**ના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા. આ પ્રસંગે સમસ્ત કચ્છના ૬૦૦થી પણ વધારે સમાજબંધુઓએ મારૂ રજવાડી શાહી સન્માન કરી પુરા સત્ર માટેની શક્તિનો સંચય કરી દીધો. માદરેવતનની માટીની મીઠી-મીઠી મધુર સ્મૃતિઓને માનસપટ પર અંકિત કરી સમાજ ઉત્કર્ષ યાત્રાનો શુભારંભ કર્યો. પરંતુ વિધિ-વિધાનને કંઇક અલગ જ આયોજન હશે કે સત્રના આરંભે કાળમૂખા કોરોનાએ સમસ્ત વિશ્વને ઘરની ચાર દિવાલોમાં કેદ રહેવા મજબૂર કરી દીધા. જન-સામાન્યની રોજ-બ-રોજની ગતિવિધિઓ જ જ્યાં ઠપ્પ થઇ ગઇ હોય ત્યાં સમાજ ઉત્કર્ષના જાહેર કાર્યક્રમોની તો કલ્પના પણ ન કરી શકાય. પરંતુ પ્રકૃતિનો પણ એક નિયમ છે કે જ્યારે પણ એક માર્ગ બંધ કરે છે ત્યારે અન્ય માર્ગો ખોલી પણ દે છે. વર્તમાન સમયમાં તંત્ર વિજ્ઞાને કરેલ પ્રગતિને કારણે 'ઓનલાઇન' પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળ્યું. વર્ક ફ્રોમ હોમ ઘરે બેઠા બેઠા તંત્ર વિજ્ઞાનને સથવારે સમાજ ઉત્કર્ષની પ્રવૃત્તિઓ સતત ચાલુ રાખવી એ દૃઢ સંકલ્પ કરી સાથી મિત્રોના અદમ્ય ઉત્સાહથી મહાસભા, મહિલા મંડળ, યુવા મહામંડળની સમાજ




ઉત્કર્ષની યાત્રા સતત ચાલુ રાખી. ઓનલાઇન મીટીંગો, સભાઓ, સેમીનારો, વાર્તાલાપો વગેરેના આયોજન કરી સમાજબંધુઓને કોરોનાના કપરા કાળમાં પણ સતત વ્યસ્ત રાખ્યા. આજ ક્રમમાં એક ઐતિહાસિક, વિશ્વ વિક્રમધારી ઓનલાઇન સમુહ ભાગવત કથાનું આયોજન. શરૂઆતની થોડી તકલીફો બાદ તો અપૂર્વ, અપ્રતિમ, અદ્‌ભૂત, સફળતાને વર્યું. ૫૩૪ પોથીઓનું વિશ્વ વિક્રમધારી આયોજન અત્યંત સફળતાથી પૂર્ણ થતાં જ સમસ્ત સમાજમાં નવી આશા-ચેતનાનો સંચાર થયો અને આંતરરાષ્ટ્રીય સ્તરના આ આયોજનથી સમસ્ત સમાજ ફરીથી એક સુત્રમાં પરોવાઇ ગયો.

મિત્રો, કોરોના કાળની અસર ધીમે-ધીમે ઓસરતા જ સમાજ ઉત્કર્ષની વિવિધ યોજઓના અમલીકરણનો સમય આવી ગયો. મારી સતત એકજ લાગણી અને માંગણી રહેતી કે આપણી માતૃસંસ્થાનું કાર્યક્ષેત્ર હવે **આંતરરાષ્ટ્રીય સ્તર**નું થયું છે. વડીલોના પુણ્ય પ્રતાપે અત્યંત સુદઢ સંગઠનનું માળખું વારસામાં મળેલ છે. સતત ૫૦ વર્ષથી રૂઢીગત વિકાસના કાર્યો પણ થતાં રહ્યા છે. **પરંતુ એક આંતરરાષ્ટ્રીય સંસ્થાને શોભે એવી એક ઇંચ જગ્યા પણ મહાસભાની પોતાની માલીકીની લઇ શકી નથી.** મહાસભાની વડોદરા બેઠકમાં મારા મનની વેદના વ્યક્ત કરી. આપણા માદરેવતન કચ્છમાં જ આવી ભૂમિ સંપાદન થાય, ત્યાં વિરાટ વિવિધલક્ષી ભવન બને એવી મારી ઇચ્છાને આપણા કચ્છી સમાજબંધુઓએ વધાવી લીધી. કચ્છના નંદનવનસમા નાગલપર, અંજાર, મુન્દ્રા હાઇવે રોડની તદ્દન નજીક, સૂચિત મહાસભા વિવિધલક્ષી ભવન માટે આશરે ૧૩૦૦૦ ચો.ફુટ જમીન મહાસભાની પોતાની માલીકીની જગ્યાની ખરીદ કરી **રાષ્ટ્રીય મહાસભાના ઉપપ્રમુખ બ્ર.કુ. બાબુભાઇ અરજણભાઇ પરમાર (ખંભરા) માધાપર તથા મહાસભાના માનદ્ સભ્ય એવં કચ્છ પ્રાદેશિક સમિતિના ચેરમેન શ્રી ભોગીલાલભાઇ દેવશીભાઇ ચાવડા - ચંદિયા, મુન્દ્રા**ના આર્થિક સહયોગથી આ પ્લોટ પર ચોમેર






કમ્પાઉન્ડ વોલનું બાંધકામ પૂર્ણ કરાવેલ છે સાથે-સાથે આ અત્યંત મોકાની જગ્યા પર વિવિધલક્ષી ભવનના બાંધકામ માટે માધાપર નિવાસી , **હાલ નૈરોબી–કેન્યા–આફ્રિકાવાસી માતૃશ્રી અમૃતબેન દયારાભાઇ રાઠોડ પશ્રિવાર હ. રાજેશભાઇ રાઠોડ – રૂા. ૧૫,૦૦,૦૦/– (પંદર લાખ)** જેટલું માતબર દાન આપી મૂઠી ઊંચેરા પરિવારમાં સ્થાન મેળવેલ છે. અંજારના વિજયનગરના પ્લોટનો વિવાદ સમાજમાં વિષાદનું કારણ બની રહ્યો હતો. **મહાસભા નિવર્તમાન પ્રમુખશ્રી પ્રફુલ્લભાઇ પરમાર એવં અંજાર ઘટકના પૂર્વ પ્રમુખ સ્વ. શ્રી અનિલભાઇ ટાંક**ના કૂનેહ ભર્યા માર્ગદર્શનમાં અંજાર ઘટક અને મહાસભા વચ્ચે સુખદ સમાધાન થયા બાદ **સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકીજી**ના મુખ્ય આર્થિક સહયોગ એવં પૂર્વ પ્રમુખશ્રીઓના આંશિક આર્થિક સહયોગથી રૂા. ૩૦ લાખના ખર્ચે મહાસભાના મધ્યસ્થ કાર્યાલય બાંધકામમાં ગ્રાઉન્ડ ફ્લોરનું કાર્ય પૂર્ણ થઇ ગયેલ છે.

આપણા વડીલો રોજી-રોટી, કામ-ધંધા, રોજગારની શોધમાં માદરે વતન કચ્છ છોડી ભારત વર્ષના અનેક સ્થળોએ હિજરત કરી ગયા. સતત દુષ્કાળગ્રસ્ત એવં કુદરતી આપદાઓથી ગ્રસ્ત આપણા પ્યારા વતન કચ્છને વિનાશક વાવાઝોડા અને ભયાવહ ભૂંકપે તહસ-નહસ કરી નાખેલ. સરકારશ્રીની ઉદાર આર્થિક નિતિઓને કારણે માત્ર ૧૦ વર્ષમાં આપણું પ્યારૂ કચ્છ ન માત્ર બેઠું થઇ ગયું પરંતુ દોડતું થઇ ગયું. કચ્છમાં ચોમેર વિકાસનું વાવાઝોડું ફુંકાઇ ગયું. ભારત વર્ષના બે-બે મેજર પોર્ટ કંડલા એવં મુન્દ્રાને કારણે કચ્છએ ગુજરાત રાજ્યનું ગ્રોથ એન્જીન બની ગયું. વેપાર-ધંધા, રોજગાર-નોકરીની વિપુલ તકોનું સર્જન થયું. આપણા કચ્છની મૂળ વસતી ૧૨ લાખ પરંતુ અકલ્પનીય વિકાસને કારણે આજ કચ્છની વસતી ૨૨ લાખે પહોંચી છે. અર્થાત અકલ્પનીય વિકાસના ફળનો લાભ લેવા બીન કચ્છી-ગુજરાતી બંધુઓ કચ્છમાં આવી બે પાંદડે થતા ગયા. જ્યારે વર્ષો પહેલા ધંધા-રોજગારની તલાસમાં કચ્છ છોડી બહાર વસેલા સમાજબંધુમાંના માત્ર ૧૦% ખુબજ સુખ-





સંપન્ન થયા. ૩૦% સુખદ જીવન જીવવા ભાગ્યશાળી થયા જ્યારે ૪૦% સમાજબંધુઓ મધ્યમવર્ગીય જીવન વ્યાપન કરતા અને ૨૦% સમાજબંધુઓ માટે પરિસ્થિતિ અત્યંત વિકટ બનતા સ્વયંભુ કચ્છમાં આવી સુખ-સંપન્ન થતા ગયા. અત્યંત જરૂરીયાતમંદ પરિવારો અને કચ્છમાં પોતાનું સ્વર્ણિમ ભવિષ્ય જોતા સમાજબંધુઓના પુનઃવસન માટે મહાસભાએ કચ્છના પેરીસ સમા મુન્દ્રા પોર્ટ નજીક ભોરારા ગામે **"શ્રી કે.જી.કે. સદ્ભાવનાનગર"**ની એક મહત્વકાંક્ષી યોજના ઘડી. આપણા સમાજના અગ્રણી ઉદ્યોગપતિ મુંબઇ એવં મુન્દ્રા મધ્યે વિરાટ વ્યવસાયીક સામ્રાજ્ય ધરાવતા **આદ. શ્રી ભોગીલાલભાઇ ચાવડાજી**ની આગેવાનીમાં લગભગ ૨૧,૦૦૦ ચો.વાર (૧,૯૦,૦૦૦ ચો.ફુટ) જમીનની ખરીદ કરી સમાજબંધુઓના પુનઃવસન કાર્યક્રમને વેગવંતો બનાવવા અત્યંત કીફાયતી ભાવે પ્લોટ આપી માત્ર ૪૫ દિવસમાં રૂા. ૪.૫૦ કરોડ એકત્રિત કરી શક્યા છીએ. મિત્રો, સારા કામમાં સો વિઘ્ન તો આવે જ.

**માત્ર ત્રણ વર્ષના અલ્પકાળમાં રૂા. ૮ કરોડથી વધુના વિકાસ કાર્યો સંપન્ન કર્યા.** અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે મહાસભા ઉપપ્રમુખ, સમસ્ત વિશ્વમાં પ્રથમ ક્રમે ડીઝલ વેચાણ ધરાવતા બિઝનેસ ટાયકૂન **શ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડ (અંજાર) ગાંધીધામ** પરિવારે રૂા. ૫૦ લાખના ખર્ચે કચ્છના ૨૦ માતાજી મંદિરનો જીર્ણોદ્ધાર કરાવી સમાજ ઉત્કર્ષનું અનન્ય અનુકરણીય કાર્ય કરેલ છે. આમ, **સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકીજીના આશીર્વાદ એવં શ્રી પ્રફુલ્લભાઇ પરમાર, શ્રી મનોજભાઇ સોલંકી, શ્રી ભરતભાઇ સાવરીયા, શ્રી વિમલભાઇ ચાવડા, શ્રી ભોગીલાલભાઇ ચાવડા, શ્રી મનોજભાઇ વેગડ**ના સીધા માર્ગદર્શન એવં મારા સહયોગી પદાધિકારીશ્રીઓ, કાર્યકર્તાઓના અથાક પરિશ્રમથી મને પણ ખૂબજ ઉર્જા મળેલ છે અને સમાજ ઉત્કર્ષના વિરાટ કાર્યો નિયત સમય અવધીમાં પૂર્ણ કરવા પ્રોત્સાહન મળેલ છે. મિત્રો, મહાસભા સ્વર્ણ જયંતિ સત્રની વિકાસગાથાના અન્ય યશસ્વી કાર્યો વિવિધ સમિતિઓના માધ્યમથી કરવામાં આવેલ છે. પરંતુ સમય અને સ્થાનના અભાવે તેની માત્ર ઝલકીયાં અહીં પ્રસ્તુત કરી રહેલ છું.









# સમાજબંધુઓ સાથે સીધો સંવાદ...




- લગભગ પાંચ લાખથી વધુ ખર્ચ કરી ડીઝીટલ વસ્તીપત્રકનું પ્રકાશન કરવામાં આવ્યું. જેમાં મહાસભાના ઉપપ્રમુખશ્રી અને પ્રભારી શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીજીએ સંપૂર્ણ ખર્ચ પોતાના તરફથી વહન કર્યો.
- આકસ્મિક સહાય યોજનામાં ખાસ જરૂરતમંદ સમાજબાંધવો માટે લગભગ 30 લાખ રૂપીયા મેડીકલ સહાય અને લગભગ ૩ લાખ રૂપીયા અન્નપુર્ણા યોજનામાં વિતરીત કરવામાં આવ્યા.
- સંજીવની સમિતિ દ્વારા ત્રણ વર્ષના સત્રમાં લગભગ ૨૧ લાખ રૂપીયાની મેડિકલ સહાય વિતરીત કરવામાં આવી.
- અભિલાષા સમિતિ દ્વારા ત્રણ વર્ષના સત્રમાં લગભગ ૧૭ લાખ રૂપીયાની શિક્ષણ સહાય વિતરીત કરવામાં આવી.
- કચ્છ દર્શન સમિતિ દ્વારા વિવિધ પ્રાંતના સમાજબાંધવોને કુળદેવી દર્શનનો લાભ અપાવ્યો અને માતાજી તથા કુળદેવતા ડાડાના મંદિરોનું નિર્માણ કાર્ય હજુ પણ કરવામાં આવી રહ્યું છે.
- મહિલા ઉત્કર્ષ સમિતિના પ્રભારી શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડના શુભ પ્રયત્નોથી આ સત્રમાં દર મહિને એક પ્રોજેક્ટ લેખે ૩૪ પ્રોજેક્ટનું સફળ આયોજન કરી મહિલાઓને પગભર કરવા પ્રયાસો કરવામાં આવ્યા.
- ઘટકોના પુનઃગઠન સમિતિના માધ્યમથી ઘટકે ઘટકે ફરી સમાજબંધુઓ સાથે સીધો સંવાદ કરવા અને માળખાને મજબુત બનાવવા પ્રયાસ કરવામાં આવ્યા.
- સ્કીલ ડેવલપમેન્ટ સમિતિ દ્વારા અમદાવાદ અને અંજાર ખાતે જરૂરતમંદ સમાજબંધુઓને વિવિધ સ્કીલની તાલિમ નિઃશુલ્ક પ્રાપ્ત કરાવવામાં આવી.
- લક્ષ્ય સમિતિ દ્વારા બિઝનેશ મીટના આયોજનો દ્વારા સમાજના ઉદ્યોગપતિઓને સમાજની મુખ્ય ધારા સાથે સાંકળવામાં આવ્યા.
- મિત્રો આટલા વિશાળ કાર્યો અને લાખો રૂપિયા સમાજબંધુઓના લાભાર્થે ઉપયોગ કરવા છતાં પણ ત્રણ વર્ષના સત્ર દરમ્યાન મહાસભાના કાયમી ભંડોળ ફિક્સ ડીપોઝટમાં તો વધારો જ કરેલ છે.
- આ સિવાય બધા હોદ્દેદારો અને અન્ય બધી સમિતિઓના પ્રભારીશ્રી અને સહપ્રભારીશ્રીઓ તેમજ સભ્યશ્રીઓએ સમાજ ઉત્કર્ષના કાર્યમાં ખુબજ નિષ્ઠાપૂર્વક પોતાનું યોગદાન આપેલ છે તે બદલ સૌને ધન્યવાદ આપું છું અને આવા સૌ પ્રભારી અને સહપ્રભારીશ્રીઓને આ સ્થળેથી બિરદાવું છું.

**– શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડા – પ્રમુખશ્રી મહાસભા**

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

## સેવાલક્ષી વિવિધ સમિતિઓના પ્રભારીશ્રી / સહ પ્રભારીશ્રીઓની સુચિ



### ડિજીટલ વંશાવલી



શ્રી ભરતભાઈ કાંતીલાલ સાવરીયા
રાયપુર (છ.ગ.) મોબા. - 93018 25240



શ્રી ગૌરવભાઈ હરિલાલભાઈ ચાવડા
રાયપુર (છ.ગ.) મોબા. - 98271 16141

### સંજીવની



શ્રી વિનોદભાઈ શાંતિલાલભાઈ જેઠવા
અંજાર (કચ્છ) મોબા. - 98251 63288



શ્રી સુરેશભાઈ રતીલાલ ચૌહાણ
કોરબા (છ.ગ.) મોબા. - 88176 54105

### આર્થિક ઉત્કર્ષ



શ્રી મનોજભાઈ દુર્ગાલાલભાઈ વેગડ
ગાંધીધામ (કચ્છ) મોબા. - 98795 49765



બ્ર.કુ.શ્રી બાબુભાઈ અરજણભાઈ પરમાર
માધાપર (કચ્છ) મોબા. - 98252 97341



શ્રી ભોગીલાલભાઈ દેવશીભાઈ ચાવડા
મુન્દ્રા (કચ્છ) મોબા. - 99982 19191



શ્રી અંબાલાલભાઈ વીરજીભાઈ ચૌહાણ
બિલાસપુર(છ.ગ.) મોબા. - 99818 34888

### આકાંક્ષા



શ્રી સુનીલભાઈ વિશ્રામભાઈ ચાવડા
હૈદ્રાબાદ (આ.પ્ર.) મોબા. - 98480 30013



શ્રી નિખિલ ધનજીભાઈ ચૌહાણ
નાગપુર (મહા.) મોબા. - 98230 55699

### રાષ્ટ્રીય વસ્તી પત્રક



શ્રી મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
માધાપર (કચ્છ) મોબા. - 98791 50113



શ્રી હેમંતભાઈ હરિરામભાઈ ગોહિલ
રાયપુર (છ.ગ.) મોબા. - 98279 36748

### ઘટક/પ્રાદેશિક પુર્નગઠન અને પ્રચાર પ્રસાર



શ્રી દિનેશભાઈ ચીમનભાઈ ચાવડા
પુણે (મહા.) મોબા. - 74993 10624



શ્રી નારાયણભાઈ પુંજાભાઈ રાઠોડ
દુર્ગ (છ.ગ.) મોબા. - 98271 77118

### મધ્યસ્થ ન્યાયપંચ



શ્રી બલરામભાઈ ત્રિકમજીભાઈ જેઠવા
અંજાર (કચ્છ) મોબા. - 93285 30119



ડૉ. અશોકભાઈ હેમરાજભાઈ ટાંક
નાગપુર (મહા.) મોબા. - 98229 41905

### અભિલાષા



શ્રી વિનોદભાઈ લીલાધરભાઈ ચૌહાણ
ભુજ (કચ્છ) મોબા. - 98791 50113



શ્રી જયેન્દ્રભાઈ મોરારજીભાઈ સોલંકી
ગાંધીધામ (કચ્છ) મોબા. - 99099 53077

### કચ્છ દર્શન એવં પ્રવાસન



શ્રી લાધુરામભાઈ જીવરામભાઈ રાઠોડ
ખંભરા (કચ્છ) મોબા. - 94272 35870



શ્રી અજય પ્રાગજીભાઈ પઢિયાર
અંજાર (કચ્છ ) મોબા. - 94288 96437

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

## સેવાલક્ષી વિવિધ સમિતિઓના પ્રભારીશ્રી /સહ પ્રભારીશ્રીઓની સુચિ





### હેલ્પડેસ્ક

શ્રી ગૌરવભાઈ જગદીશભાઈ ટાંક
નાગપુર (મહા.) મોબા. - 8007161696



### પરદેશ સમાજ સંકલન

શ્રી પ્રવિણભાઈ સુર્યકાન્તભાઈ વેગડ
અંજાર (કચ્છ) મોબા. - 9825361822



### આકસ્મિક મેડિકલ સહાય

શ્રી વિનોદભાઈ મોહનભાઈ ખોડિયાર
અંજાર (કચ્છ) મોબા. - 81601 21930



### ઓનલાઈન ભાગવત

શ્રી ભરભાઇ હીરજીભાઇ ચાવડા
રાયપુર (છ.ગ.) મોબા. - 9827156979



### સ્કીલ ડેવલપમેન્ટ

શ્રી દીપકભાઈ નાનાલાલભાઈ ચૌહાણ
અમદાવાદ (ગુજ) મોબા. - 98795 49765



શ્રી સુરેશભાઈ નોત્તમભાઈ ચાવડા
ભિલાઈ (છ.ગ.) મોબા. - 94252 35380



### લક્ષ્ય-વિશિષ્ટ સન્માન-પરિચય પુસ્તિકા

શ્રી પરેશભાઈ ગોવિંદભાઈ ચૌહાણ
રાજકોટ (ગુજ.) મોબા. - 94266 35142



શ્રી કિરીટભાઈ રમણિકભાઈ ચૌહાણ
ધનબાદ (ઝારખંડ) મોબા. - 77659 29995



### દેશ વિદેશ સમન્વય

શ્રી વિજય પ્રાગજીભાઈ પઢિયાર
અંજાર (કચ્છ) મોબા. - 78745 57680



શ્રી પ્રતિકભાઈ દિનેશભાઈ ટાંક
અંજાર (કચ્છ) મોબા. - 81289 48884



### કાનુની સલાહ

શ્રી ભગવાનજી માધવજી રાઠૌડ
નાગલપર (કચ્છ) મોબા.- 98242 38040



શ્રી મહેન્દ્રભાઈ કેશવલાલજી રાઠૌડ
બિલાસપુર (છ.ગ.) મોબા. - 94252 61800



### સરકારી યોજના લાભ

શ્રી બાબુભાઈ એસ. ચૌહાણ
માધાપર (કચ્છ) મોબા. - 98792 26618



ડૉ. નરેન્દ્રભાઈ જાદવજી ચૌહાણ
ઉદયપુર (રાજ.) મોબા. - 94141 68607



### મૈરેજ બ્યુરો

શ્રીમતી જ્યોતિબેન ભક્તિરામભાઈ રાઠૌડ
જાલના (મહા.) મોબા. - 94213 19802



શ્રી મેહુલભાઈ ચંદ્રકાંતભાઈ ચૌહાણ
નાગપુર (મહા.) મોબા. - 93711 30543



### મહિલા ઉત્કર્ષ

શ્રીમતી મીતાબેન અશોકભાઈ રાઠૌડ
લાતુર (મહા.) મોબા. - 90965 98944



શ્રીમતી પુષ્પાબેન જીવરામભાઈ ટાંક
અંજાર (કચ્છ) મોબા. - 99987 77451



### સેતુ સમાજ સંદેશ

શ્રી હિતેશભાઈ ભોગીલાલ ચૌહાણ
અંજાર (કચ્છ) મોબા. - 99090 69057



### સુવર્ણ જયંતી વર્ષ ઉજવણી

શ્રીમતી હેતલબેન દેવેન્દ્રભાઈ ચાવડા
જયપુર (રાજ.) મોબા. - 96801 24122

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

રજી. કાર્યાલય : ૨૨, હૈશામ રોડ, કોલકાતા - ૭૦૦૦૨૦
રજી. સંખ્યા :*S/12386 Of 1972-73 West Bengal Societies Registration Act XXVI of 1961*

**ચૂંટણી અધિકારીનું કાર્યાલય - વર્ધા (મહારાષ્ટ્ર)**

## મહાસભાના પ્રમુખશ્રીની ચૂંટણી - સત્ર : ૨૦૨૪-૨૦૨૬



શ્રી હરીશભાઈ વલ્લભભાઈ પરમાર
(ચૂંટણી અધિકારીશ્રી તથા નિર્વાચન નિર્ણય અધિકારી)
"વૃંદાવન", પોદ્દાર બગીચા, શાસ્ત્રી ચોક,
પો. વર્ધા (મહારાષ્ટ્ર) 442001
મો. 9423120382

આત્મીય સમાજબંધુઓ.... જય સમાજ... રામ રામ...

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના આગામી સત્ર ૨૦૨૪-૨૦૨૬ના આદ. પ્રમુખશ્રીની ચૂંટણી તટસ્થ અને નિષ્પક્ષ રીતે સંપન્ન કરાવવા માટે બિલાસપુર મધ્યેની કાર્યવાહક સમિતિની બેઠકમાં મને ચૂંટણી અધિકારીશ્રી તરીકેનો કાર્યભાર સોંપવામાં આવ્યો.

આ પહેલા ગોંદિયા મધ્યેની કાર્યવાહક સમિતિ અને બંધારણીય સામાન્ય સભામાં આદ. પ્રમુખશ્રીની ચૂંટણી ઓનલાઇન ઇ-વોટીંગ પદ્ધતિથી કરવામાં આવે તેવું નક્કી કરવામાં આવેલ હતું. ત્યાર બાદ મેં મારી સમિતિ બનાવી ચૂંટણીની સમયસારીણી-નિયમો અને સંબંધિત ફોર્મની માહિતિ સપ્ટેમ્બર-૨૦૨૩ના સેતુ સમાજ સંદેશમાં પ્રકાશીત કરવામાં આવી હતી. સાથે સાથે આ બાબતે કાનુની સલાહ માટે ઓડીટર શ્રી રજીસ્ટ્રાર સાહેબશ્રી અને નિષ્ણાંતોની સલાહ લીધા બાદ એવું ફલિત થાય છે કે માન. ચેરીટી કમિશ્નરની મંજુરી વગ આપણે ઓનલાઇન વોટીંગ કરાવી શકતા નથી. આ માટે મહાસભાના આદ. પ્રમુખશ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડા, સલાહકાર પ્રમુખ શ્રી પ્રફુલ્લભાઇ કેશવજીભાઇ પરમાર, ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી, વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ શાંતિલાલભાઇ જેઠવા અને સલાહકાર-નિષ્ણાંતોની સલાહ લઇ **ઇ-વોટીંગ કરાવવાનો નિર્ણય રદ્દ કરવામાં આવે છે. મહાસભાની પ્રણાલી મુજબ બેલેટ પેપરથી જ વોટીંગ કરવામાં આવશે. મહાસભાની આગામી ત્રિ-વાર્ષિક અધિવેશન દરમ્યાન તા. ૨૪/૧૨/૨૦૨૩ને રવિવારના સવારે ૯.૦૦ થી બપોરે ૩.૦૦ કલાક દરમ્યાન બેલેટ પેપર દ્વારા મતદાન કરાવવામાં આવશે અને સાંજે ૬.૦૦ કલાકે મતગણના કરી પરિણામ જાહેર કરવામાં આવશે.** બાકીની સમયસારણી તેમજ નિયમો પણ પ્રકાશિત કરવામાં આવે છે. મહાસભાના આદ. પ્રમુખશ્રીના પદ માટે જે પણ પ્રતિનિધિઓને સેવા આપવા ઇચ્છા હોય તેઓ નિયમ મુજબ નિયત નમુનામાં ફોર્મ અને સંલગ્ન માહિતિ ભરી નિયત સમયમર્યાદામાં રજુ કરવા અનુરોધ કરવામાં આવે છે.

ઉપરોક્ત માહિતિ સર્વે સમાજબંધુઓ માટેના અભ્યાસ અર્થે વોટ્સએપ દ્વારા ડિજીટલ માધ્યમથી દરેક સમાજબંધુઓ સુધી પહોંચાડવા પ્રયાસ કરવામાં આવે છે. સાથે સાથે **સમાજની અધિકૃત એપ KGKOne પર સમાચારના પેજમાં પ્રકાશિત કરવામાં આવેલ છે.** જેની સૌ સમાજબંધુઓએ નોંધ લઇ તેમાંથી પણ પ્રતિનિધિ યાદી તેમજ ફોર્મસ ડાઉનલોડ કરી શકાય છે. અન્યથા સેતુ સમાજ સંદેશમાં આપેલ ફોર્મસની ઝેરોક્ષ કરાવી શકાય છે તેના માટે ચૂંટણી અધિકારીશ્રી પાસેથી ફોર્મ મેળવવાની જરૂરત રહેશે નહીં.

**તા. ૧૯/૦૯/૨૦૨૩** **વિનિત : હરીશ વલ્લભજી પરમાર ચૂંટણી અધિકારીશ્રી શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા**

| ક્રમ | કાર્યક્રમનું વિવરણ | તારીખ |
|---|---|---|
| ૧ | પ્રમુખપદના ઉમેદવારોથી નામાંકન પત્રો સ્વીકારવા | ૨૦-૧૦-૨૦૨૩ થી ૩૧-૧૦-૨૦૨૩ સાંજે ૫.૦૦ કલાક સુધી |
| ૨ | નામાંકન પત્રોની ચકાસણી | ૦૧-૧૧-૨૦૨૩ |
| ૩ | વૈધ અને અવૈધ નામાંકનની સુચના ઉમેદવારને ફોનથી પાઠવવી | ૦૧-૧૧-૨૦૨૩ |
| ૪ | વૈધ નામાંકન પાછા લેવાની પ્રક્રિયા | ૦૨-૧૧-૨૦૨૩ થી ૦૫-૧૧-૨૦૨૩ સાંજે ૫.૦૦ કલાક સુધી |
| ૫ | નામાંકન પરત લીધા બાદ બાકી રહેલ માનનીય ઉમેદવારના નામની ઘોષણા | ૦૬-૧૧-૨૦૨૩ |
| ૬ | એકથી વધારે ઉમેદવાર રહી જતાં ચૂંટણીની તૈયારી અને નિર્વાચન પ્રતિનિધિ તથા નિરિક્ષક સહયોગીઓની નિયુક્તિ | ૦૭-૧૧-૨૦૨૩ થી ૧૫-૧૨-૨૦૨૩ |
| ૭ | મતદાન - રાયપુર અધિવેશન | તા. ૨૪-૧૨-૨૦૨૩, રવિવાર સમય : સવારે ૦૯.૦૦ થી સાંજે ૩.૦૦ |
| ૮ | મતગણના તથા પરિણામની ઘોષણા | તા. ૨૪-૧૨-૨૦૨૩ના સાંજે ૬.૦૦ |
| ૯ | વિધીવત ઘોષણા તથા ચાર્જ સોંપણી | રાયપુર અધિવેશન તા. ૨૫-૧૨-૨૦૨૩ |

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

સહ વીર્યં કરવાવહૈ

## મહાસભાના પ્રમુખશ્રીની ચૂંટણી સત્ર : ૨૦૨૪-૨૦૨૬

## ચૂંટણીના નિયમો

**૧. સંક્ષિપ્ત શિર્ષક વિસ્તાર તથા પ્રારંભ :**

(૧) આ નિયમો ''ચૂંટણીના નિયમો '' કહેવામાં આવશે.

(૨) આ નિયમો મહાસભાના પ્રમુખશ્રીની ચૂંટણીને લાગુ પડશે.

(૩) આ નિયમો મહાસભાના પ્રમુખશ્રીની આગામી ચૂંટણી સત્ર : ૨૦૨૪-૨૦૨૬ માટે અમલમાં રહેશે.

**૨. વ્યાખ્યા :**

આ નિયમોમાં, સિવાય કે સંદર્ભ અન્યથા અપેક્ષિત જણાય :

(૧) 'બંધારણ' એટલે સંસ્થાનું જ્ઞાપન તથા સંસ્થાના નિયમો અને ધારાધોરણો.

(૨) 'સંસ્થા' એટલે શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા.

(૩) 'નિર્વાચન' કે 'ચૂંટણી' એટલે મહાસભાના પ્રમુખશ્રીની ચૂંટણી.

(૪) 'પ્રપત્ર' એટલે આ નિયમો અંતર્ગત બનાવવામાં આવેલ પ્રારૂપ.

(૫) 'મતદાતા' એટલે સંસ્થાના બંધારણ મુજબ બનેલ

(ક) સંબધ્ધ ઘટકનો પ્રતિનિધિ, જેનું સભ્ય પદ લવાજમ નિર્દિષ્ટ સમયમર્યાદા દરમ્યાન મળી ગયેલ હોય, તથા

(ખ) મહાસભાના પૂર્વ પ્રમુખશ્રીઓ

(૬) 'પ્રકાશિત' એટલે સંસ્થાના મુખપત્રમાં છપાએલ અને/અથવા પરિપત્ર દ્વારા મોકલાવેલ.

(૭) 'ચૂંટણી મંડળ' એટલે સંસ્થાના નિયમ મુજબ નિયુક્ત સમિતિ.

(૮) સભ્ય : મહાસભાના સભ્ય એટલે બંધારણના નિયમ મુજબ સંબધ્ધ ઘટક કે જેને મહાસભાના સભ્ય તરીકે દાખલ કરવામાં આવેલ હોય આમ સંબધ્ધ ઘટકએ મહાસભાના સભ્ય છે અને તેઓ પોતાના ઘટકની સંખ્યા પ્રમાણે બંધારણના નિયમ મુજબ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના પોતાના પ્રતિનિધિઓ નામાંકિત કરી શકે છે.

નોંધ : જે શબ્દોની વ્યાખ્યા અહીં નથી કરવામાં આવેલ એના શબ્દાર્થ બંધારણ પ્રમાણે કરવામાં આવશે.

**૩. ચૂંટણી મંડળ :**

(૧) ચૂંટણી વર્ષમાં પર્યાપ્ત સમય અગાઉ નિયમ મુજબ ચૂંટણી અધિકારીની નિયુક્તિ કરવામાં આવશે.

(૨) ચૂંટણી મંડળ કુલ ૩ થી ૭ સભ્યોનું રહેશે જેમાંના એક સભ્યને અધ્યક્ષ/સંયોજક તરીકે નીમવામાં આવશે જેમને ચૂંટણી/નિર્વાચન અધિકારી પણ કહી શકાશે તથા જેઓ નિર્વાચન નિર્ણય અધિકારી (રીટર્નીંગ ઓફીસર) પણ રહેશે. વધુમાં જેઓ ચૂંટણીના કાર્યને સુચારૂ રૂપે પાર પાડવા તેમને મદદરૂપ થાય તે રીતે ચૂંટણી મંડળની રચના કરશે.

(૩) ચૂંટણી મંડળના અધ્યક્ષને જરૂર જણાતાં તેઓ ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ કરવા માટે પર્યાપ્ત સંખ્યામાં સહયોગીઓની નિમણુંક કરી શકશે.

**૪. મતદાતા યાદી :**

બંધારણના નિયમ મુજબ રાખવામાં આવતી સભ્યોની નોંધપોથી (રજીસ્ટર ઓફ મેમ્બર્સ)ના આધારે મહામંત્રી દ્વારા મતદાતા યાદી તૈયાર કરીને પર્યાપ્ત સમય અગાઉ ચૂંટણી મંડળને આપવામાં આવશે.

**૫. મતદાતા પરિચય પત્ર :**

(૧) મતદાતા પરિચય કાર્ડ ફોટા સાથે દરેક સંબધ્ધ ઘટકે બનાવવાનો રહેશે. તેને મતદાન સમયે મતદાતાએ શર્ટ પર આસાનીથી જોઇ શકાય તે રીતે લગાવવાનો રહેશે. તેને ઘટક પ્રમુખશ્રી દ્વારા સહિ સાથે પ્રમાણિત કરવાનું રહેશે.

(૨) મહાસભાના મહામંત્રી/મંત્રી દ્વારા મહાસભાના પૂર્વ પ્રમુખશ્રીઓને નિર્ધારીત પ્રપત્ર ક્ર. ૧ માં મતદાતા પરિચય પત્ર આપવામાં આવશે જેની એક પ્રતિ ચૂંટણી અધિકારીને આપવામાં આવશે તથા એક પ્રતિ મહાસભાના કાર્યાલયમાં રાખવામાં આવશે.

**૬. ચૂંટણીના વિભિન્ન ચરણોનો સમયબદ્ધ કાર્યક્રમ (સમયસારણી) :**

ચૂંટણી મંડળ દ્વારા ચૂંટણીના વિભિન્ન ચરણોનો સમયબદ્ધ કાર્યક્રમ (સમય પત્રક સારણી) તૈયાર કરીને પ્રકાશિત કરવામાં આવશે.

**નોંધ :–** (૧) ઉપરોક્ત સમય સારણીમાં ચૂંટણી મંડળ આયોજકોની અનુકૂળતાને લક્ષમાં લઇને મહાસભાના પ્રમુખશ્રીની સહમતિથી

ફેર-બદલ કરી શકાશે.

(૨) આ સમય સારણી મહાસભાના કેન્દ્રીય કાર્યાલય તથા સેતુ સમાજ સંદેશમાં અને વેબસાઇટ તેમજ એન્ડ્રોઇડ એપ પર પ્રકાશિત કરવામાં આવશે તેમજ પ્રત્યેક ઘટકને પ્રચારાર્થે મોકલાવવામાં આવશે.

**૭. ઉમેદવારોનાં નામાંકન :**

(૧) મહાસભાના કોઇપણ સંબધ્ધ ઘટકના પ્રતિનિધિ, જેનું નામ અંતિમ મતદાતા યાદીમાં હોય, જે મહાસભાના બંધારણ તથા નિયમો મુજબ પ્રમુખપદની યોગ્યતા ધરાવતા હોય તથા તેની ઉંમર ઓછામાં ઓછા ૪૦ વર્ષની હોય અને જે પ્રતિનિધિ મહાસભાના કોઇપણ એક સત્ર દરમ્યાન મહાસભાના કાર્યવાહક સભ્ય તરીકે સેવા આપેલ હોય તેનું નામાંકન પ્રપત્ર ક. ૨માં યોગ્ય રીતે ભરીને ચૂંટણી અધિકારી પાસે રજુ કરી શકાય છે. નામાંકન સાથે નિર્ધારિત શપથપત્ર તથા નિર્ધારીત સહપત્રો બીડવા જરૂરી છે.

(૨) મહાસભાના કોઇપણ સંબધ્ધ ઘટકના પ્રતિનિધિ જેનું નામ મતદાતા યાદીમાં હોય તથા જે બંધારણના નિયમો મુજબ અપાત્રતા ધરાવતો ન હોય તે નામાંકન માટે કોઇપણ એક ઉમેદવારના પ્રસ્તાવક અથવા અનુમોદક બની શકે છે.

(૩) પ્રમુખ પદના નામાંકન પત્રમાં દશ પ્રસ્તાવકો તથા દશ અનુમોદકોના હસ્તાક્ષર હોવા જરૂરી છે. ઉપરોક્ત ૨૦ પ્રતિનિધિ ઓછામાં ઓછા ૧૦ ઘટકથી હોવા અનિવાર્ય છે. ઉમેદવાર દ્વારા બે ફોર્મ ભરી જમા કરવાની સ્થિતિમાં ઉપરોક્ત બંધારણનું પાલન કરતા ૨૦ અન્ય પ્રતિનિધિના હસ્તાક્ષરની જરૂરત રહેશે. અર્થાત જેને ઉમેદવારના પહેલા ફોર્મમાં હસ્તાક્ષર ન કર્યા હોય. કોઇપણ પ્રતિનિધિ કોઇ એક ઉમેદવારના કોઇ એક ફોર્મ માત્રમાં જ હસ્તાક્ષર કરી શકશે. કોઇપણ સંજોગોમાં એક ઘટકના બેથી વધારે પ્રતિનિધિઓ એક ફોર્મમાં સહી કરી શકશે નહીં.

(૪) નામાંકન પત્ર ઉમેદવાર અથવા તેના કોઇપણ એક પ્રસ્તાવક દ્વારા ચુંટણી અધિકારી પાસે નિર્દિષ્ટ સમયાવધિમાં રજુ કરી શકાય છે અથવા રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી.થી મોકલાવી શકાય છે.

**૮. અનામત રકમ :**

(૧) નામાંકન પત્ર સાથે અનામત રકમ રૂપે રૂા. ૧૧,૦૦૦.૦૦ અંકે રૂપીયા અગ્યાર હજારની રકમનો ''ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા''ના નામનો ડ્રાફ્ટ નિર્દિષ્ટ બેંક ખાતાનો આપવાનો રહેશે.

(૨) કોઇ ઉમેદવાર એકથી વધુ નામાંકન પત્રો દાખલ કરી શકે છે. સર્વે નામાંકન પત્રો એકજ સેટ રૂપે ગણવામાં આવશે. વધારેના નામાંકન માટે વધારાની અનામત રકમ જમા કરાવવાની જરૂર નથી, પરંતુ આવા પ્રત્યેક નામાંકન પત્રમાં ઉપરોક્ત નિયમ ૭(૩) પ્રમાણે પ્રસ્તાવકો તથા અનુમોદકો જુદા જુદા હોવા જોઇએ.

(૩) જે ઉમેદવાર પોતાનું નામાંકન પાછું લઇ લેશે અથવા જે ઉમેદવારને કુલ મતોના ઓછામાં ઓછા ૨૦% મત મળ્યા હશે તેને આ અનામત રકમ પાછી આપવામાં આવશે. ૨૦%થી ઓછા મત મેળવનાર ઉમેદવારને એ રકમ પાછી આપવામાં નહીં આવે.

**૯. નામાંકનોની ચકાસણી :**

ચૂંટણી અધિકારી દ્વારા નામાંકન પત્રોની ચકાસણી નિર્દિષ્ટ સમયાવધિમાં કરવામાં આવશે તથા તે વખતે ઉમેદવાર અને/અથવા તેના પ્રસ્તાવક અથવા અધિકૃત પ્રતિનિધિ હાજર રહી શકે છે.

**૧૦. નામાંકન પાછા લેવા :**

(૧) કોઇપણ ઉમેદવાર ચૂંટણી અધિકારીને નિર્દિષ્ટ સમયાવધિમાં પ્રપત્ર ક્ર. ૩માં લેખિત આવેદન આપીને પોતાનું નામાંકન પાછું ખેંચી શકે છે.

(૨) આવું આવેદન ઉમેદવારે જાતે ચૂંટણી અધિકારીની રૂબરૂમાં આવીને આપવાનું રહેશે.

**૧૧. નિર્વાચન પ્રતિનિધિ :**

(૧) કોઇપણ ઉમેદવાર પ્રપત્ર ક્ર. ૪માં ચૂંટણી માટે પોતાના વધુમાં વધુ ૨ નિર્વાચન પ્રતિનિધિઓની (પોલીંગ એજન્ટ) નિયુક્તિ કરી શકે છે.

(૨) ચૂંટણી મંડળ દ્વારા કરવામાં આવતી કાર્યવાહીઓમાં ચૂંટણી મંડળની સૂચના અનુસાર ઉમેદવાર અને/અથવા તેના નિર્વાચન પ્રતિનિધિ હાજર રહીને જરૂરી નિરિક્ષણ કરી શકે છે.

**૧૨. નિર્વિરોધ નિર્વાચન :**

જો નામાંકન પાછાં લેવાની નિર્ધારિત અવધિ પૂરી થયે પ્રમુખપદ માટે માત્ર એક જ ઉમેદવાર રહી જશે તો નિર્વાચન નિર્ણય અધિકારી દ્વારા તરત એવા ઉમેદવારને પ્રપત્ર ક. ૫માં નિર્વિરોધ ઘોષિત કરી શકાશે, જેની એક પ્રતિ એવા ઉમેદવારને આપવામાં આવશે.

**૧૩. ચૂંટણી પ્રચાર :**

(૧) કોઇપણ ઉમેદવાર પોતાનો ફોટો, પરિચય, સામાજીક ક્ષેત્રે કરેલ કાર્યોનો ઉલ્લેખ તથા સંક્ષિપ્ત ઘોષણા પત્ર (મેનિફેસ્ટો) ચૂંટણી અધિકારીને પૂર્વ નિશ્ચિત સમયમાં મોકલાવશે તો તેને ચૂંટણી મંડળ દ્વારા સુસંગત ભાષામાં તૈયાર કરી મહાસભાના મુખપત્ર 'સેતુ સમાજ સંદેશ'માં પ્રકાશિત કરવામાં આવશે. પરંતુ ઉમેદવાર અથવા તેમના કુટુંબીજનો કે કોઇપણ શુભેચ્છક દ્વારા સેતુ

સમાજ સંદેશ કે બીજા કોઇપણ માસિક, પાક્ષિકમાં શુભેચ્છકોના નામોનું લીસ્ટ છપાવી શકાશે નહીં. ઉમેદવાર ઇચ્છે તો અલગથી પેમ્પલેટ બનાવી પોતે જાતે અથવા તેના શુભેચ્છકો દ્વારા પ્રતિનિધિઓને મોકલી શકાશે. ઉમેદવાર કે તેના શુભેચ્છકો દ્વારા આ સૂચનાનું ચૂસ્ત પાલન કરવાનું રહેશે. જો આવી બાબત ચૂંટણી અધિકારીશ્રીના ધ્યાનમાં આવશે તો ચૂંટણી મંડળ સાથે ચર્ચા કરી યોગ્ય પગલા ભરવામાં આવશે.

(૨) કોઇપણ ઉમેદવાર અન્ય ઉમેદવારનું ચરિત્ર હનન કરતાં કે લાંછન લગાડતાં વકતવ્યો ન કરવા અથવા પરિપત્રો પ્રકાશિત તથા પ્રચારિત ન કરવાં. આવી કોઇ વાત ધ્યાનમાં આવતાં તેમજ ચૂંટણીને પ્રભાવિત કરતા અને પ્રતિનિધિઓને લાભાન્વીત કરતા અનુચિત કાર્યોની જાણકારી મળતાં ચૂંટણી અધિકારી યોગ્ય પગલાં લેશે અથવા નિર્દેશ આપશે તેનું પાલન કરવું ઉમેદવાર માટે અનિવાર્ય રહેશે.

(૩) ચૂંટણીમાં ઉમેદવારી કરનાર ઉમેદવાર અને તેના સમર્થકો દ્વારા ઘટકોની મુલાકાત લઇ ઉમેદવાર દ્વારા પ્રમુખ પદની દાવેદારી જાહેર કરી મત આપવા અપિલ કરી શકશે. અને પોતાના ઘોષણા પત્ર તેમજ ત્રણ વર્ષના સત્ર દરમ્યાન કરવાના કાર્યોની જાણકારી આપી શકશે તેમજ પ્રતિનિધિઓને રૂબરૂ મળીને પણ પ્રચાર કરી શકશે. પરંતુ હરીફ ઉમેદવાર અથવા હરીફ જુથના કોઇપણ સભ્ય કે તેના કાર્ય વિશે વિવાદીત ટીપ્પણી કે સમાજમાં અસંવાદિતાનું વાતાવરણ ઉભું કરવાની કોશીષ કરતા જણાશે તો ચૂંટણી મંડળ તેની યોગ્યતા પર તપાસ કરી નિર્ણય આપવાનો પોતાનો અધિકાર અબાધિત રાખશે અને ચૂંટણી મંડળના કોઇપણ કાર્ય પ્રત્યે ન્યાય મેળવવા ન્યાયક્ષેત્ર ચૂંટણી અધિકારી જ્યાં નિવાસ કરતા હશે (વર્ધા-મહારાષ્ટ્ર) ત્યાંનું રહેશે.

(૪) મતદાન પ્રારંભ થવાના ૨૪ કલાક પહેલાં ઉમેદવાર દ્વારા કોઇપણ પ્રકારનો ચૂંટણી પ્રચાર સર્વત્ર બંધ કરવાનો રહેશે.

## ૧૪. મતદાન પદ્ધતિ :

(૧) જો ચૂંટણી કરવાની જરૂર પડે, તો મતપત્રિકા દ્વારા ગુપ્ત મતદાન પદ્ધતિથી અહીં આગળ દર્શાવેલ વિધિ અનુસાર ચૂંટણી કરાવવામાં આવશે.

(૨) પ્રતિનિધિત્વ/અવેજનામાં (પ્રોક્સી) પદ્ધતિ અથવા ટપાલ દ્વારા મતદાન નહીં કરાવી શકાય.

## ૧૫. મતપત્રિકા પ્રપત્ર :

(૧) મતપત્રિકા ચૂંટણી અધિકારી દ્વારા તૈયાર થશે. આવી દરેક મતપત્રિકા બુક પર ઉમેદવાર અથવા તેમના નિર્વાચન પ્રતિનિધિના હસ્તાક્ષર લેવામાં આવશે.

(૨) મતપત્રિકામાં ઉમેદવારોનાં નામો અવટંક મુજબ અંગ્રેજી વર્ણાનુક્રમ અનુસાર રહેશે.

(૩) મતદાતાએ પોતાનો મત કોઇપણ એક જ ઉમેદવારના પક્ષમાં આપવાનો રહેશે.

## ૧૬. મતદાન કેન્દ્રની વ્યવસ્થા :

(૧) મતદાન કેન્દ્ર બહાર નીચે મુજબના પરિપત્રો પ્રમુખ રૂપથી પ્રદર્શિત કરવામાં આવશે :

(ક) સ્પર્ધી ઉમેદવારોની યાદી.

(ખ) અંતિમ મતદાતા યાદી.

(ગ) મતપત્રિકાનો નમૂનો.

(૨) મતદાન કેન્દ્રમાં એક મતકુટિર તૈયાર કરવામાં આવશે જેમાં જઇને મતદાતા પોતાનો મત પડદા પાછળ નોંધી શકે છે.

(૩) ચૂંટણી અધિકારી દ્વારા પૂરતી સંખ્યામાં મતપત્રિકાઓ, મતદાતા યાદીઓ, મતપત્રિકા પર લગાવવાના નિશાનોના જરૂરી સાધનો તેમજ અન્ય આવશ્યક ઉપકરણો, વગેરેની વ્યવસ્થા કરવામાં આવશે.

(૪) ચૂંટણી અધિકારી મતદાનના કાર્યમાં તેમને સહાયરૂપ થવા આવશ્યક સંખ્યામાં વ્યક્તિઓની નિમણુંક કરશે.

(૫) ઉમેદવારો તથા તેમના નિર્વાચન પ્રતિનિધિઓને મતદાન કેન્દ્રમાં ચાલી રહેલ મતદાન તેમજ મતગણનાની સંપૂર્ણ પ્રક્રિયા જોવા તથા તેથી સંબંધિત જરૂરી કાર્યો કરવા માટે અંદર આવવાની તથા ચૂંટણી પરિણામની ઘોષણા થતાં સુધી ત્યાં રહેવાની ચૂંટણી અધિકારી પરવાનગી આપશે/અયોગ્ય વર્તન પર પરવાનગી નિરસ્ત કરશે.

(૬) ચૂંટણી અધિકારી મતદાન કેન્દ્રમાં મતદાન કરવા માટે પ્રવેશ આપવાની મતદાતાઓની સંખ્યાને સમય-સમય પર નિયંત્રિત કરશે.

## ૧૭. મતદાન પ્રક્રિયા :

(૧) જેમ જેમ પ્રત્યેક મતદાતા મતદાન કેન્દ્રમાં પ્રવેશ કરશે, મતદાન-અધિકારી તેના પરિચય પત્રથી તેના નામ તથા અન્ય વિગતોની ચકાસણી મતદાતા યાદીની સંબંધિત નોંધના આધારે કરશે તથા મતદાતાનો ક્રમાંક, તેનું નામ અને અન્ય વિગતો ચકાસશે.

(૨) કોઇપણ ઉમેદવાર અથવા તેના નિર્વાચન પ્રતિનિધિ કોઇપણ વ્યક્તિ પ્રત્યે, જે મતદાતા હોવાનો દાવો કરતો હોય, આપત્તિ લઇ શકે છે ત્યારે ચૂંટણી અધિકારી આવી આપત્તિ વિષે પોતાની ધારણા પ્રમાણે સંક્ષિપ્ત તપાસ કરશે. જો ચૂંટણી અધિકારીને સંતોષ થશે કે આવી આપત્તિ પુરવાર થઇ શકી નથી, તો તે તેવી વ્યક્તિને મતદાન કરવાની અનુમતિ આપશે અને જો તેને સંતોષ થશે કે આવી આપત્તિ પુરવાર થઇ છે તો તે તેવી વ્યક્તિને મતદાન કરવાથી અટકાવી શકશે.

(૩) પ્રત્યેક મતપત્રિકાની પાછળ ચૂંટણી અધિકારી પોતાન હસ્તાક્ષર કરશે અને/અથવા તફાવત બતાવતી નિશાની લગાવશે.

(૪) મતદાતાને મતપત્રિકા આપતાં પહેલાં ચૂંટણી અધિકારી અથવા તેમના દ્વારા નિયુક્ત સભ્ય/સહયોગી એ મતપત્રિકાનો, ક્રમાંક મતદાતા યાદીની સંબંધિત નોંધ સામે લખશે તથા મતપત્રિકાના પ્રતિરૂપ (અડધિયાં)માં મતદાતાના હસ્તાક્ષર લેશે.

(૫) કોઇપણ ઉમેદવાર અથવા તેના નિર્વાચન પ્રતિનિધિ વિશિષ્ટ મતદાતાને આપવામાં આવેલ મતપત્રિકાનો, ક્રમાંક ક્યાંયપણ લખશે નહીં.

**૧૮. મતદાન સમાપન :**

નિર્ધારિત સમયે ચૂંટણી અધિકારી મતદાન બંધ કરાવશે તથા ત્યાર બાદ કોઇપણ મતદાતાને મતદાન કેન્દ્રમાં પ્રવેશ કરવા નહીં દે પરંતુ જે બધા મતદાતાઓ મતદાન બંધ થતાં પહેલાં મતદાન કરવા લાઇનમાં હાજર હશે તેમને મતદાન કરવા દેવામાં આવશે.

**૧૯. મતગણના :**

(૧) સ્પર્ધી ઉમેદવારો તથા તેમના નિર્વાચન પ્રતિનિધિઓ સમક્ષ ચૂંટણી અધિકારી/નિર્વાચન નિર્ણય અધિકારી દ્વારા અથવા તેની દેખરેખ તથા તેના નિર્દેશનમાં ચૂંટણી મંડળ દ્વારા મતગણના કરવામાં આવશે.

(૨) નિમ્નાંકિત કારણોસર નિર્વાચન નિર્ણય અધિકારી મતપત્રિકાને રદ્દબાતલ કરી શકશે.

(ક) જો એમાં કોઇ નિશાન કે લખાણ હશે જેનાથી મતદાતા ઓળખાઇ જાય, અથવા

(ખ) જો એમાં કોઇ મત આપવામાં આવેલ ન હોય, અથવા

(ગ) જો એમાં એકથી વધુ ઉમેદવારોને મતો આપવામાં આવ્યા હોય, અથવા

(ઘ) જો એમાં મત આપવાનું નિશાન એવે સ્થાને-એવી રીતે હોય જેથી શંકા ઉત્પન્ન થાય કે મત ક્યા ઉમેદવારને આપવામાં આવ્યો છે, અથવા

(ચ) જોએ નકલી મતપત્રિકા હોય, અથવા

(છ) નિર્વાચન નિર્ણય અધિકારીને સમજાય કે મતપત્રિકા એવા જ અન્ય કારણોસર અન્યથા રદ્દબાતલ કરવા જેવી છે.

(૩) મતગણના કર્યા બાદ નિર્વાચન નિર્ણય અધિકારી દ્વારા એની નોંધ પ્રપત્ર ક્ર. ૭માં કરવામાં આવશે તથા એની ઘોષણા કરવામાં આવશે.

**૨૦. ચૂંટણીના પરિણામની ઘોષણા :**

(૧) નિર્વાચન નિર્ણય અધિકારી ત્યાર બાદ જે ઉમેદવારને સર્વાધિક મતો મળ્યા હોય તેને ચૂંટાયેલ ઘોષિત કરશે તથા તેને પ્રપત્ર ક્ર. ૮માં પ્રમાણપત્ર આપશે.

**નોંધ : ઉમેદવારોને સમાન મતો મળવાની પરિસ્થિતિમાં વિજેતા ઉમેદવારનો નિર્ણય 'ભાગ્ય ચિઠ્ઠી' પદ્ધતિથી કરવામાં આવશે તથા આવો નિર્ણય એવા બધા ઉમેદવારોને માન્ય રહેશે.**

(૨) નિર્વાચન નિર્ણય અધિકારી ત્યાર બાદ પ્રપત્ર ક્ર. ૯માં ચૂંટણીના પરિણામને પ્રમાણિત કરશે, જેની હસ્તાક્ષરિત પ્રતિ મહાસભાના પ્રમુખશ્રીને યથાશીઘ્ર મોકલાવવામાં આવશે.

**૨૧. ચૂંટણીના કાગળોની વ્યવસ્થા :**

(૧) નિર્વાચન નિર્ણય અધિકારી

(ક) વૈદ્ય મતપત્રિકાઓ (ખ) રદ્દ મતપત્રિકાઓ (ગ) વાપરેલ મતપત્રિકાઓના પ્રતિરૂપો (અડધિયાં) તથા પૂર્ણરૂપે વધેલ (અનયુઝ્ડ)ના જુદા જુદા પોટલાં (બંડલ્સ) બનાવશે જેને જુદા જુદા પેકેટમાં રાખીને સીલ કર્યા બાદ તેના ઉપર પોતાના હસ્તાક્ષર કરશે તથા તેના ઉપર જરૂરી વિગતો લખશે.

(૨) બીજા બધા સંબંધિત કાગળો એક જુદા પેકેટમાં સીલ કરીને એ ઉપર નિર્વાચન અધિકારી દ્વારા હસ્તાક્ષર કરીને જરૂરી વિગતો લખવામાં આવશે.

(૩) આ પ્રકારે તૈયાર કરવામાં આવેલ બધા પેકેટો, મહાસભાના કેન્દ્રીય કાર્યાલયમાં સુરક્ષિત રીતે રાખવામાં આવશે તથા સક્ષમ અધિકારી અથવા ન્યાયાલયના આદેશ વગર ખોલવામાં નહીં આવે.

**૨૨. વિવિધ :**

(૧) ચૂંટણી મંડળ તેને યોગ્ય લાગતાં, ચૂંટણીના વ્યવસ્થિત સંચાલન માટે અતિરિક્ત પેટા નિયમો બનાવી શકશે.

(૨) ચૂંટણીથી સંબંધિત બધી બાબતોમાં ચૂંટણી મંડળનો નિર્ણય અંતિમ અને સર્વમાન્ય રહેશે.

**હરીશભાઇ વલ્લભમજીભાઇ પરમાર**
**ચૂંટણી અધિકારીશ્રી, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા**

Reg. No. S/12386 of 1972-73 West Bengal Societies Act - XXVI of 1961

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

## SHREE KUTCH GURJAR KSHATRIYA SAMAJ MAHASABHA

સહવીર્યં કરવાવહૈ

Regd. Office : 22, Hysham Road, Kolkata - 700020 (W.B.)

ઉમેદવારનો
ફોટો

પ્રપત્ર–૨

# મહાસભાના પ્રમુખશ્રીની ચૂંટણી સત્ર : ૨૦૨૪–૨૦૨૬

## નામાંકન પત્ર

**આથી અમો મહાસભાના સભ્યો આગામી સત્ર : ૨૦૨૪–૨૦૨૬ માટે મહાસભાના પ્રમુખશ્રીની ચૂંટણીના ઉમેદવારનું નામ પ્રસ્તાવિત કરીએ છીએ.**

ઉમેદવારનું પુરૂં નામ :

ઉમેદવારના પિતા/પતિનું નામ :

ઉંમર : (૧/૧૦/૨૦૨૩ના) : દેશમાં ગામ :

વર્તમાન પ્રવૃત્તિ / વ્યવસાય :

અભ્યાસ :

ઉમેદવારનું ઘટક : પ્રાદેશિક સમિતિ :

ઉમેદવારનો મતદાતા ક્રમાંક :

ઉમેદવારનું પુરૂં સરનામું :

ફોન નં : મોબાઈલ નં. :

ફેક્સ નં. : ઈ–મેલ :

સંલગ્ન બેંક ડ્રાફ્ટના નંબર : તારીખ :

બેંકનું નામ :

**અમો પાછળ સહી કરનાર પ્રસ્તાવક અને અનુમોદક ઘોષણા કરીએ છીએ કે અમો મહાસભાના સભ્ય છીએ. અમારા નામો મતદાતા યાદીમાં પાછળની વિગતો જણાવ્યા પ્રમાણે આપવામાં આવ્યા છે. અમારા ઘટક દ્વારા માર્ચ–૨૦૨૬ સુધીનું પ્રતિનિધિ શુલ્ક મહાસભા કાર્યાલયમા જમા થયેલ છે.**

પાનું : ૧

## ભાગ – ૧ (પ્રસ્તાવક)

| ક્રમ | પ્રસ્તાવકોનું પુરૂં નામ | ઘટક | મતદાતા ક્રમાંક | હસ્તાક્ષર |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |
| ૬ | | | | |
| ૭ | | | | |
| ૮ | | | | |
| ૯ | | | | |
| ૧૦ | | | | |

## ભાગ – ૨ (અનુમોદક)

| ક્રમ | પ્રસ્તાવકોનું પુરૂં નામ | ઘટક | મતદાતા ક્રમાંક | હસ્તાક્ષર |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |
| ૬ | | | | |
| ૭ | | | | |
| ૮ | | | | |
| ૯ | | | | |
| ૧૦ | | | | |

પાનું : ૨

હું મહાસભા પ્રમુખ પદ માટેનો ઉમેદવાર શ્રી/શ્રીમતી........................................................ ઘટક .......................... આ નામાંકન પત્ર માટે મારી સહમતી આપું છું તથા ઘોષણા કરું છું કે....,

(ક) મેં ............. વર્ષની ઉંમર પૂરી કરી લીધેલ છે. (ખ) આ નામાંકનમાં ભરેલ વિગતો સાચી છે. (ગ) મારી માહિતિ તથા પ્રસ્તાવકો અને અનુમોદકોના મારા પરના વિશ્વાસના આધારે હું મહાસભાના બંધારણ તેમજ ચૂંટણી નિયમો મુજબ પ્રમુખપદના ઉમેદવારની પાત્રતા ધરાવું છું. (ઘ) હું મહાસભાના બંધારણ/સંસ્થાના નિયમો અને ધારાધોરણો, ઠરાવો, નિર્દેશો, ચૂંટણીના નિયમો તથા અનુશાસનનું પાલન કરવાનું આથી વચન આપું છું. (ચ) મારું નામ મહાસભા મતદાર યાદીમાં ક્રમાંક ........................ પર છે.

**સ્થળ :**

**તારીખ :** **ઉમેદવારના હસ્તાક્ષર**

## નામાંકન પત્ર સાથે નીચે મુજબના સહપત્રકો બીડવા તથા સૂચનાનું પાલન કરવું અનિવાર્ય છે.

(૧) (ક) ઉમેદવાર ઘટકના સભ્ય છે તથા તેમના પર ઘટક કે સંબંધિત સંસ્થાનું કોઇ લેણું નથી તે અંગેનો મૂળ દાખલો. ☐

(ખ) જે-તે (સંબંધિત) સંસ્થામાં કરેલ સામાજીક પ્રવૃત્તિ અંગેનું વિવરણ અલગથી આપવું. ☐

(ગ) જન્મ તારીખ / ઉંમરના પ્રમાણ પત્રની પ્રમાણિત નકલ ☐

(ઘ) નિર્ધારીત મૂલ્યના સ્ટેમ્પ પેપર ઉપર પ્રપત્ર '૨-ક' મુજબ નોટરી પાસે કરાવેલ મૂળ શપથપત્ર (**AFFIDAVIT**) ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી અનુવાદમાં ☐

(ચ) પાસપોર્ટ સાઇઝના ૪ ફોટોગ્રાફ ☐

(છ) વોટર આઇ.ડી. અથવા ડ્રાઇવીંગ લાયસન્સ અથવા પાનકાર્ડની પ્રમાણિત ઝેરોક્ષ નકલ. ☐

(જ) પ્રસ્તાવકના અને અનુમોદકના પૂરા નામ અને મોબાઇલ નંબર સાથેનું લીસ્ટ અલગથી ☐

(૨) (ક) પ્રમુખ પદના નામાંકન પત્રમાં દશ પ્રસ્તાવકો તથા દશ અનુમોદકોના હસ્તાક્ષર હોવા જરૂરી છે. ઉપરોક્ત ૨૦ પ્રતિનિધિ ઓછામાં ઓછા ૧૦ ઘટકથી હોવા અનિવાર્ય છે. ઉમેદવાર દ્વારા બે ફોર્મ ભરી જમા કરવાની સ્થિતિમાં ઉપરોક્ત બંધારણનું પાલન કરતા ૨૦ અન્ય પ્રતિનિધિના હસ્તાક્ષરની જરૂરત રહેશે. અર્થાત જેને ઉમેદવારના પહેલા ફોર્મમાં હસ્તાક્ષર ન કર્યા હોય. કોઇપણ પ્રતિનિધિ કોઇ એક ઉમેદવારના કોઇ એક ફોર્મ માત્રમાં જ હસ્તાક્ષર કરી શકશે. કોઇપણ સંજોગોમાં એક ઘટકના બેથી વધારે પ્રતિનિધિઓ એક ફોર્મમાં સહી કરી શકશે નહીં. (ખ) પ્રસ્તાવક અને અનુમોદક સભ્યએ પોતાનું નામ ગુજરાતીમાં મતદાર યાદી પ્રમાણે લખવું તથા સહી કરવી તથા વીસે-વીસ પ્રતિનિધિઓના મોબાઇલ નંબર અલગથી લખી ફોર્મ સાથે જોડવા. (ગ) નામાંકન પત્ર સાથે અનામત રકમ રૂા. ૧૧,૦૦૦/- નો ડ્રાફ્ટ **"Shree Kutch Gurjar Kshatriya Samaj Mahasabha"** ના નામનો બનાવી સંલગ્ન કરવો.

**ખાસ નોંધ :** ● મૂળ નામાંકન પત્ર સાથે સર્વે મૂળ પ્રતિઓ તથા ડી.ડી. ચૂંટણી અધિકારીશ્રીને સમય મર્યાદા અંતર્ગત પાઠવવા આવશ્યક છે. ● નામાંકન પત્ર ભરનાર ઉમેદવારશ્રીએ પોતાનું આવેદન બે નકલમાં ભરીને આપવાનું રહેશે. એક પ્રતિ કાર્યાલયની ફાઇલે રાખવામાં આવશે અને બીજી પ્રતિ ઉમેદવારને સહી કરી પાછી આપવામાં આવશે. ● નામાંકન પત્ર પરત ખેંચવાનું થાય તેવા કિસ્સામાં ઉમેદવારે જાતે ચૂંટણી અધિકારી સમક્ષ રૂબરૂ આવવાનું રહેશે. ● ઉપર મુજબની વિગતો રજુ કરવામાં અધુરાશ રહેતાં નામાંકન પત્ર રદ્દ કરવામાં આવશે.

### નામાંકન પત્ર રજુ કરવાનું સરનામું :-

**શ્રી હરીશભાઇ વલ્લભભાઇ પરમાર**

(ચૂંટણી અધિકારીશ્રી તથા નિર્વાચન નિર્ણય અધિકારી)

''વૃંદાવન'', પોદ્દાર બગીચા, શાસ્ત્રી ચોક,

પો. વર્ધા (મહારાષ્ટ્ર) **442001**

મો. **9423120382**

### નામાંકન થી સંબંધીત તારીખોનું વિવરણ :-

**પ્રમુખ પદના ઉમેદવારથી નામાંકન પત્ર સ્વીકારવા**
તા. ૨૦/૧૦/૨૦૨૩ થી ૩૧/૧૦/૨૦૨૩
**નામાંકન પત્રોની ચકાસણી :** તા. ૦૧/૧૧/૨૦૨૩
**વૈદ્ય નામાંકન પત્રોનું પ્રકાશન અને તેની સુચના**
તા. ૦૧/૧૧/૨૦૨૩
**વૈદ્ય નામાંકન પાછા લેવાની પ્રક્રિયા**
તા. ૦૨/૧૧/૨૦૨૩ થી ૦૫/૧૧/૨૦૨૩
**મતદાન : ૨૪-૧૨-૨૦૨૩ સવારે ૯.૦૦ થી સાંજે ૩.૦૦**
**મતગણના તથા પરિણામની ઘોષણા :**
**તા. ૨૪-૧૨-૨૦૨૩ના સાંજે ૬.૦૦ કલાકે**
વિધીસર ઘોષણા તથા ચાર્જ સોંપણી અધિવેશન સ્થળ

**પાનું : 3**

## નિર્વાચન નિર્ણય અધિકારી દ્વારા ભરવા માટે

નામાંકન પત્રકનો ક્રમાંક :

આ નામાંકન પત્ર મને મારા કાર્યાલયમાં તા. ..................................ના .................................. વાગ્યે ઉમેદવાર/પ્રસ્તાવક/અનુમોદક‘અધિકૃત પ્રતિનિધિ ........................................................................(નામ) દ્વારા આપવામાં આવેલ છે.

સ્થળ :

તારીખ : નિર્વાચન નિર્ણય અધિકારી

## નામાંકન પત્ર સ્વીકૃત અથવા રદ્દબાતલ કરવાનો નિર્વાચન નિર્ણય અધિકારીનો નિર્ણય

મેં આ નામાંકન પત્રની મહાસભાના બંધારણ તથા ચૂંટણીના નિયમો મુજબ ચકાસણી કરી લીધેલ છે અને હું નીચે મુજબનાને નિર્ણય આપું છું.

..........................................................................................................................................

..........................................................................................................................................

સ્થળ :

તારીખ : નિર્વાચન નિર્ણય અધિકારી

## નામાંકનની પહોંચ તથા ચકાસણી વિશે સૂચના

નામાંકન પત્રનો ક્રમાંક :

શ્રી/શ્રીમતી ..........................................................................................................

એ મહાસભાના પ્રમુખ પદનું નામાંકન પત્ર મારા કાર્યાલયમાં તા. .............................. ના ................................ વાગ્યે ઉમેદવાર/પ્રસ્તાવક/અનુમોદક/અધિકૃત પ્રતિનિધિ ........................................................................ (નામ) દ્વારા રજુ કરેલ છે. તમામ નામાંકન પત્રોની ચકાસણી અગાઉ ઘોષિત અધિસૂચના મુજબ કરવામાં આવશે. નામાંકન પત્ર સાથે પ્રાપ્ત સંલગ્ન પત્રો નીચેની વિગતે મળેલ છે.

સ્થળ :

તારીખ : નિર્વાચન નિર્ણય અધિકારી

પાનું : ૪

સહવીર્ય કરવાવહૈ

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા
| | | તારીખ | સ્થળ | ઉપસ્થિત જનસંખ્યા | તારીખ | સ્થળ | ઉપસ્થિત જનસંખ્યા | તારીખ | સ્થળ | ઉપસ્થિત જનસંખ્યા |
| ૧ | સગપણ સંમેલન | | | | | | | | | |
| ૨ | સમુહ લગ્ન | | | | | | | | | |
| ૩ | સમુહ ભાગવત | | | | | | | | | |
| ૪ | અન્ય આયોજન | | | | | | | | | |
| ૫ | મહાસભાના આયોજન | | | | | | | | | |

**E અન્ય વિગત :–**

(૧) આપની પ્રાદેશિક સમિતિ અંતર્ગત અત્યાર સુધી વિશિષ્ટ વ્યક્તિ સન્માન પ્રાપ્ત કરેલા મહાનુભાવોની સંખ્યા :

(૨) આપની પ્રાદેશિક સમિતિ દ્વારા આપના ઘટકોના જરૂરીયાતમંદ સમાજબાંધવોના ઉત્કર્ષ માટે કરેલા વિશિષ્ટ કાર્યોની નોંધ : (જરૂર પડે અલગ કાગળમાં વિગત આપવી) ____________________

____________________

(૩) આપની પ્રાદેશિક સમિતિમાંથી કેટલા મહાનુભાવો અત્યાર સુધી મહાસભા ક્ષેત્રે સેવા આપી ચૂક્યા છે ?

(૪) પ્રાદેશિક સમિતિ દ્વારા ઘટકોને કરેલા પત્ર વ્યવહારની નોંધ માટે રજીસ્ટર-ફાઈલો રાખવામાં આવેલા છે ? હા / ના ☐

(૫) મહાસભાના પત્ર વ્યવહારની નોંધ માટે રજીસ્ટર-ફાઈલો રાખવામાં આવે છે ? હા / ના ☐

(૬) પ્રાદેશિક સમિતિને વધુ કાર્યક્ષમ બનાવવા માટે આપના સુચનો જણાવવા વિનંતી. ____________________

____________________

તારીખ :　　　　પ્રાદેશિક સમિતિનો સિક્કો :　　　　પ્રમુખશ્રી/મંત્રીશ્રીના હસ્તાક્ષર :



## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# ।। લક્ષ્ય-૩ ।।

**વ્યાવસાયીક સંકલન, સંગઠન, સમૃદ્ધિ**

પ્રભારી : શ્રી પરેશભાઈ ગોવિંદભાઈ ચૌહાણ          સહપ્રભારી : શ્રી કિરીટભાઈ રમણીકભાઈ ચૌહાણ

માધવ માર્કેટીંગ - ૨૦૩, લાખાજીરાજ ટ્રસ્ટ ભવન, ઢેબર ચોક, રાજકોટ - ૩૬૦૦૦૧ મો. ૯૪૨૬૬૩૫૧૪૨, ૮૮૪૯૩૪૫૧૪૨ E-mail : paresh.lakshya@gmail.com

# લક્ષ્ય બિઝનેસ મીટ અહેવાલ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા લક્ષ્ય સમિતિ દ્વારા વાર્ષિક મીટ નું આયોજન સીગભૂમ પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા જમશેદપુર ઘટક ના આમંત્રણને માન આપી તારીખ ૧૦-૯-૨૦૨૩, રવિવારના રોજ જમશેદપુર નિવાસી સિંગભુમ પ્રાદેશિક પ્રમુખ આદરણીય શ્રી દિપકભાઈ ટાંકના લક્ઝરીયસ હોટલ નટરાજના નવ નિર્મિત બેન્કવેટ હોલમાં રાખવામાં આવી હતી.

મહાસભાના પ્રમુખ આદરણીય શ્રી યોગેશભાઈ ચાવડા દ્વારા બિઝનેસ મીટનો શુભારંભ કરવામાં આવ્યો. જમ્શેદપુર મહિલા મંડળ દ્વારા પ્રાર્થના દ્વારા મીટીંગ ની શરૂઆત કરવામાં આવી.

સર્વ પ્રથમ લક્ષ્ય સમિતિના સહ પ્રભારી શ્રી ચૌહાણ દ્વારા પધારેલા સર્વ મહાનુભવોનું હાર્દિક સ્વાગત કરે તથા લક્ષ્ય સમિતિ દ્વારા મહાસભા અંતર્ગત વ્યવસાયકો અને પ્રોફેશનલ અને એક મંચ પર લાવી એકબીજા સાથે જોડી વ્યવસાય વ્યવસાયિક વિકાસ સાથે સામાજિક વિકાસ કરવાનો ઉદ્દેશ જણાવ્યો હતો



સલાહકાર પ્રમુખ શ્રી પ્રફુલભાઈ ચાવડા, મહાસભાના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી ભુપેન્દ્રભાઈ પરમાર અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી, ભૂતપૂર્વ પ્રમુખ શ્રીમતી પ્રતિમાબેન પરમાર, મહાસભાના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી વિનોદભાઈ જેઠવા ડો શ્રી મનોજભાઈ સોલંકી શ્રી હેમંતભાઈ ગોહિલ મહાસભાના માનદ સભ્ય શ્રી ભોગીલાલભાઈ ચાવડા, મહાસભાના મંત્રીશ્રીઓ શ્રી ભગવાનજીભાઈ રાઠોડ, શ્રી સુરેશભાઈ ચૌહાણ તથા શ્રી કિશોરભાઈ ટાંક તથા સિંગ ભૂમ પ્રાદેશિક સમિતિના સભ્યો અને પુરવત્તર વિભાગના વ્યવસાયિકો અને બિઝનેસમેનો હાજર રહ્યા હતા.

સર્વ પ્રથમ મહાસભાના પ્રમુખશ્રી યોગેશભાઈ ચાવડા લક્ષ્ય ની મીટના પ્રયોજકશ્રી દીપકભાઈ ટાંક, લક્ષ્ય સમિતિના પ્રભારી શ્રી પરેશભાઈ ચૌહાણ સહ પ્રભારી તથા શ્રી કિરીટભાઈ ચૌહાણ, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી અને બેંગ્લોર થી પધારે બિઝનેસ શ્રી વિપીનભાઈ રાઠોડ ના હસ્તે દીપ પ્રાગટ્ય

લક્ષ્ય સમિતિ વિશે વધુ માહિતી માટે તેમણે સમિતિના પ્રભારી શ્રી પરેશભાઈ ચૌહાણને આમંત્રણ આપેલ. શ્રી પરેશભાઈ ચૌહાણ દ્વારા લક્ષ્ય સમિતિની ૨૦૧૪ થી શરૂ થયેલી યાત્રાને એક દશકો જમશેદપુરમાં ઉજવણી થવા બદલ ખુશાલી જાહેર કરી હતી. આજની મીટમાં અપેક્ષા કરતા ખૂબ જ વધારે અને હાઉસફુલ ઓડિયન્સ આપણા સમાજમાં લોકોને બિઝનેસ મીટમાં આવવાનો રસ પડ્યો તે જાણી આનંદ થયો. એમણે ભાર પુર્વક જણાવ્યું હતું કે આજની મીટના અંતે પધારેલા દરેક લોકો કંઈક નવું લઈને જશે જો તેઓ પોતાનો સો ટકા ઇન્વોલમેન્ટ આજે આપશો. ત્યારબાદ તેઓએ મીટમાં પધારેલા સર્વ મહનુંભવનો વ્યવસાયિક પરિચય કરાવ્યો હતો. જેમાં દરેક વ્યક્તિએ પોતાના નામની સાથે પોતાનું કચ્છમાં ગામ હાલનું ગામ, વ્યવસાયનું નામ અને પોતાની નિપુણતા અંગે ટૂંકમાં માહિતી આપવાનો કર્યો હતો. આ ઇન્ટ્રોડક્શનમાં દરેક લોકોએ ખેલદિલી પૂર્વક જણાવ્યું કે અમે લોકો માં સમાજ ના કે પ્રાદેશિકના પદાધિકારીઓને ઓળખતા

હતા પરંતુ તેઓના વ્યવસાય કે ધંધા બાબતે અજાણ હતા, પરંતુ આજની આ મિટ ના માધ્યમથી અમોને તે અંગેની જાણકારી મળી અને આનો ચોક્કસ લાભ લેશે.

આજની બિઝનેસ નો બીજો મુખ્ય ઉદ્દેશ સમાજના લોકોને વ્યવસાયિક તરફ લઈ જવા અને ઇન્ટરપ્રિન્યરશીપ શરૂ કરવા બાબતે જાગૃત કરવાનો ઉદ્દેશ હતો. આપણા સમાજના ઘણા વ્યવસાયિકો કે જેઓએ પોતાની કેરિયરની શરૂઆત ઝીરોથી કરી હતી અને આજે સફળતાને રોજ પર બિરાજમાન છે તેના પરથી લોકોને પ્રેરણા મળે તેવા ઉદેશ થી આપણા સમાજના સફળ વ્યવસાયિકોની સક્સેસ સ્ટોરી પણ રજૂ કરવામાં આવી હતી. સર્વપ્રથમ આ કડીમાં મહાસભા ના પ્રમુખશ્રી યોગેશભાઈ ચાવડાજી દ્વારા પોતાના કેરિયરની શરૂઆત નોકરીથી કરી હતી અને આજે તેઓ ચાર થી વધારે મોટા વ્યવસાય ના માલિક છે. તેઓએ દરેક લોકોને **'ગુરું'** પિક્ચર ખાસ જોવાનો આગ્રહ કર્યો હતો કે જેમણે બિઝનેસમેન બનવું હોય તેમણે આ પિક્ચર વારંવાર જોવું જોઈએ.

આવી છે.

જમ્યા બાદ જે વ્યવસાય લોકોએ પોતાના વ્યવસાય ની માહિતી આપવા માટે પ્રેઝન્ટેશન અગાઉથી આપેલા હતા તેવા લોકોને પ્રેઝન્ટેશન આપવા માટે તક આપવામાં આવી હતી સર્વપ્રથમ દુર્ગ થી પધારેલા રીતેશભાઈ ટાંક દ્વારા પોતાના નવા ઇનોવેશન વિશે માહિતી આપી હતી તથા તેમને મળેલા એવાર્ડ્સ વિશે જાણકારી આપી. બંનઈ નિવાસી શ્રી દીપકભાઈ ચૌહાણ કે જેવો ખૂબ જ સરળ અને શાંત સ્વભાવ ધરાવે છે જેવો એ પોતાની કારકિર્દી ફક્ત ₹૩૫,૦૦૦ થી કરી તેમાં સેકન્ડ હેન્ડ ફ્રસર લઈ આજે તેઓ ખૂબ જ મોટા કોન્ટ્રાક્ટર છે તથા બે મોટી ફેક્ટરીઓ તથા બે મોટા મોલ ધરાવે છે. આમ દ્રઢ ઈચ્છા શક્તિ દ્વારા માણસ ધારે તે મેળવી શકે છે તેનો ઉત્કર્ષ ઉદાહરણ તેમને પૂરું પાડેલ.

ઓરિસ્સાના ભદ્રક નિવાસી એવા શ્રી પ્રતિકભાઇ પરમાર દ્વારા એક નવા પ્રકારના બિઝનેસ ફીસ અને ઈંડા પાલન માટેનો એક અલ્ટ્રા મોડલ પ્લાન્ટ ધરાવે છે અને આ એક ખૂબ જ ગ્રોઈંગ



મહાસભાના ઉપ પ્રમુખ ડોક્ટર મનોજભાઈ સોલંકી જી દ્વારા વ્યવસાય માં આધ્યાત્મિકતા અને નીતિમત્તા પર સમજણ આપી હતી અને વ્યવસાયને એક ધર્મ સમજીને કરવાથી પ્રગતિ થવામાં કોઈ રોકી નહિ શકે તેમ જણાવેલ.

માનદ સભ્ય આદરણીય શ્રી ભોગીલાલભાઈ ચાવડા દ્વારા પણ સફળતા માટે સખત મહેનત અને અથાગ પરિશ્રમ પર ભાર મૂક્યો હતો. તેઓએ મુન્દ્રા મુકામે સમાજના કોઈપણ બાંધવોને સેટ થવું હોય તો રોજગાર આપવાની બાયધરી આપી હતી તથા હાલમાં જ મહાસભા દ્વારા મુન્દ્રા મુકામે શરૂ કરવામાં આવેલ સદભાવના નગરની માહિતી આપી હતી. એક રોકાણ માટેની ઉત્તમ તક પણ ગણાવી હતી.

લોકોને સાંભળવામાં બપોરના બે ક્યારે વાગી ગયા તેનો અંદાજ ન રહ્યો અને શ્રી દિપકભાઈ દ્વારા જણાવવામાં આવ્યું છે સ્વાદિષ્ટ ભોજન ઠંડુ થઈ રહ્યું છે, ત્યારે ભોજન માટે બ્રેક લેવામાં આવ્યો અને બ્રેક બાદ તુરંત ફરી પાછા મળવા નું નક્કી કરવામાં

ઇન્ડસ્ટ્રી હોય વિકાસની વિપુલ તકો છે તથા આ કામ એક ખૂબ જ ઔધોગિક સાહસિકતા ધરાવે છે. તેવી જ રીતે દુર્ગ થી પધારેલા શ્રી વિપિનભાઈ પરમાર દ્વારા પોતાના નર્સરી બિઝનેસની નવી ઊંચાઈઓ વિશે જાણકારી આપી હતી તથા તેમણે મેળવેલા એવાર્ડ્સ માહિતી આપી હતી.

આપણા સમાજના ગૌરવ સમા એવા બેંગ્લોર નિવાસી શ્રી વીપીનભાઈ રાઠોડ કે જેવો યુનિટ્રોન ઇન્ડસ્ટ્રીઝના પ્રણેતા છે તથા તેઓ હાલમાં સફળ ચંદ્રયાન અભિયાનના એક ખૂબ જ પાયાના સાથીદાર હતા. તેમની કંપની દ્વારા ઉપગ્રહના ખૂબ જ અગત્યના પાર્ટ્સ , કેમેરા આપવામાં આવેલા હતા. આ ઉપરાંત ભારત સરકાર દ્વારા ડિફેન્સ મિનિસ્ટ્રી દ્વારા થતા ઘણી બધી યોજનાઓમાં તેમની કંપની જોડાયેલી છે પરંતુ તેઓ એ નો ડિકલેરેશન ડોક્યુમેન્ટ્સ સાઇન કરેલ હોવાથી તેઓ જાહેરમાં તેની માહિતી આપી શકે તેમ નહોતા. આમ આપણા સમાજની એક વ્યક્તિ આટલા ઊંચા ગજાને વ્યવસાય પણ પહોંચેલા છે તે જાણી

સમગ્ર સભા ખૂબ જ ગર્વ અનુભવી.

એવી જ રીતે આજના મીટ ના પ્રયોજક શ્રી દિપકભાઈ ટાંક ના ભાઈશ્રી અતુલભાઇ ટાંક પણ એક ખૂબ જ વિશાળ ફેક્ટરી ધરાવે છે, જે પબ્લિક લિમિટેડ છે જે એવો એ પોતાની જર્ની કેવી રીતે શરૂ કરી તેને ખૂબ જ સરળ ભાષામાં માહિતી આપી અને જણાવ્યું કે કોઈપણ સફળતા માટે નાણા બાધા રૂપ થતા નથી. ફક્ત પોતાને મહેનત અને પોતાની લગન ખૂબ જ જરૂરી હોય છે.

આદરણીય શ્રી દિપકભાઈ ટાંકના ધર્મપત્ની શ્રીમતી દર્શનાબેન ટાંક પણ એક ખૂબ જ સફળ વ્યવસાય છે જેવો પોતાની ટ્રાવેલ એજન્સી ધરાવે છે તથા તેઓ અલગ અલગ રાજ્યમાં પોતાની શાખાઓ ધરાવે છે તથા ખૂબ જ મોટા પાયે દેશ અને વિદેશમાં તેમના વર્ટિકલ્સ અને વ્યવસાય ધરાવે છે આમ એક નારી શક્તિ પણ આજના ટ્રાવેલ્સ જેવા કોમ્પિટિટિવ બિઝનેસમાં ખૂબ જ સફળતાપૂર્વક કામ કરી કુટુંબ અને સમાજનો ગૌરવ વધારેલ છે.

બીલાસપુર થી ખાસ પધારેલા બે બહેનો શ્રીમતી સીમાબેન અને મંગળાબેન કે જેઓને ફરવાનો શોખ હતો તેમને તેમના ઘરેથી સહકાર મળતા તેઓએ પોતાના શોખ ને એક વ્યવસાયમાં તબદિલ કર્યો અને એક ટ્રાવેલ્સ એજન્સી શરૂ કરી જેમાં તેઓ એવા લોકોને ફરવા લઈ જવાનું શરૂ કર્યું કે જે વડીલો સક્ષમ નહતા એવા વડીલો ને દરેક જગ્યાએ જાત્રા કરાવી અને આશીર્વાદ મેળવ્યા છે. તેઓ અંદામાન નિકોબાર, નેપાળ ચારધામ, જ્યોતિર્લિંગ જેવી યાત્રાઓ ફક્ત પૈસા કમાવવા નહીં પરંતુ લોકોને યાત્રા કરાવી અને સંતોષ અને પુણ્ય કમાવાનું પણ શુભ કાર્ય કરી રહ્યા છે. નાગપુર થી ખાસ પધારેલા શ્રી સુભાષભાઈ ચાવડાએ પોતાની નવનિર્મિત ફેક્ટરી કે એક આદર્શ ફેક્ટરી ની પરિકલ્પના કોઈ કરે તો તે કેવી હોય તેમનો એક એમણે સુંદર મજાનો વિડીયો બતાવેલો હતો તથા તેમણે તેમના બિઝનેસના અલગ અલગ વર્ટિકલ વિશે માહિતી આપી હતી. તેવી જ રીતે જમશેદપુર નિવાસી શ્રી રાજેશભાઈ ચાવડાએ પણ પોતાની અદ્યતન ફેક્ટરી નો એક સરસ મજાનો વિડીયો પ્રસ્તુત કર્યો હતો અને તેમની ઓટોમેટિક કંપની ના પ્રોડક્ટસ વિશેની માહિતી આપી હતી. મહાસભાનું ત્રી-વાર્ષિક અધિવેશન તા. ૨૩.૨૪.૨૫ ડિસેમ્બર ૨૦૨૩ ના રોજ રાયપુર મુકામે થવા જઈ રહ્યું છે જેમાં એક પ્રથમ વખત જ વ્યાપાર મેળો તથા સ્કીલ ડેવલોપમેન્ટ માટેની વ્યવસ્થા કરવામાં આવી છે જે અંગેની માહિતી મહાસભાના પ્રમુખશ્રી યોગેશભાઈ ચાવડા તથા સલાહકાર પ્રમુખશ્રી પ્રફુલભાઈ પરમાર દ્વારા આપવામાં આવેલ. દરેક વ્યવસાયકો ને આ અધિવેશનમાં પધારી વ્યાપાર મેળા નો લાભ લેવા આગ્રહ ભરી અપીલ કરેલ.

મહાસભાના સલાહકાર પ્રમુખ શ્રી પ્રફુલભાઈ પરમાર દ્વારા પણ પોતાની સંઘર્ષ યાત્રા જણાવતા કહ્યું કે તેઓએ ફક્ત ૧૫૦ રૂપિયા પ્રતિમાસ થી પોતાની કેરિયરની શરૂઆત કરી હતી અને આજે તેઓની પાસે એક પ્લાયવુડની ફેક્ટરી તથા એક વિશાળ કનવેનીયાર બેલ્ટની ફેક્ટરી અને તેઓએ મોટા ગજાના ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટર તરીકે છતીસગઢ ના રજનંદગામ માં કામ કરી રહ્યા છે આમ પ્રખંડ મહેનત અને દ્રઢ સંકલ્પ શક્તિ દ્વારા માણસ પોતે ધારે તે મેળવી શકે છે તેનો તેઓ ઉત્કર્ષ ઉદાહરણ છે. મીટના અંતિમ પડાવમાં મહાસભા લક્ષય સમિતિ દ્વારા "**લક્ષ્ય એચીવર એવોર્ડ્સ**" નો હાઈએસ્ટ સન્માન ચંદ્રયાન સાથે જોડાયેલા શ્રી વીપીનભાઈ રાઠોડ તથા શ્રી અતુલભાઇ ટાંક ને સન્માનિત કરવામાં આવ્યા. વર્ષ દરમિયાન પોતાની અદ્વિતીય સિદ્ધિ બદલ લક્ષ આઈકોનિક એવોર્ડ ૨૦૨૩ માટે નીચેના વ્યવસાયકો સન્માનિત કરવામાં આવ્યા. ૧. શ્રી રિતેશભાઈ પરમાર - દુર્ગ, ૨. શ્રી પ્રતિકભાઇ પરમાર - ભદ્રક (ઓડીસા), ૩. શ્રી વીપુલભાઈ પરમાર - દુર્ગ, ૪. શ્રીમતિ દર્શના બેન ટાંક - જમશેદપુર, ૫. શ્રીમતિ સીમા બેન ચાવડા અને શ્રીમતી મંગલા બેન ચૌહાણ - બિલાસપૂર, ૬. શ્રી દિપક ભાઈ ચૌહાણ - બનઇ (ઓડિશા)ડ મહાસભાના પ્રમુખશ્રી તથા લક્ષ્ય ટીમ દ્વારા લક્ષ્ય એચિવર એવોર્ડ્સ વિનર્સને એક મોમેન્ટો તથા એક સર્ટિફિકેટ અને સાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવેલા. લક્ષ આઈકોનિક એવોર્ડ વિજેતા ને એક આકર્ષક સર્ટિફિકેટ તથા સાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવેલા હતા સમગ્ર મીટીંગ નું સુચારુ રૂપથી વ્યવસ્થા કરવા માટે જમશેદપુર ઘટકના પ્રમુખ શ્રી સુભાષભાઈ ચૌહાણ અને તેમની ટીમ તથા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી તૃપ્તિબેન રાઠોડ અને તેમની ટીમને એક પ્રતિકાત્મક ભેટ આપવામાં આવી હતી. સમગ્ર જમશેદપુર ઘટક અને સિગ ભુંમ પ્રાદેશિક સમિતિનો ખાસ આભાર પ્રગટ કરવામાં આવેલો. તથા આજની મીટ માટે ખૂબ જ જહેમંત કરનાર જમશેદપુર નિવાસી તથા ગત લક્ષ્ય મીટમાં લક્ષ્ય એચિવેર એવોર્ડ વિજેતા એવા શ્રી રાજેશભાઈ ચાવડાનો સવિશેષ યોગદાન બદલ આભાર પ્રગટ કરવામાં આવેલ. મીટમાં પધારેલા સર્વ મહાનુભવો માટે એક ફીડબેક ફોર્મ આપવામાં આવેલું હતું. જેમાં તેમના સચોટ જવાબ બદલ એક લક્ષ્ય ની યાદગીરી રૂપે એક **લક્ષ્ય કપ** સર્વને આપવાની જાહેરાત કરવામાં આવી હતી જેથી દરેક લોકો પોતાનો લક્ષ્ય યાદ કરી શકે. સમગ્ર મીટ ના પ્રયોજક શ્રી દિપકભાઈ ટાંકને પણ એક ખુબ સરસ મોમેન્ટો અને સાલ ઓઢાડીને મહાસભાની ટીમ તથા લક્ષ્ય ટીમ દ્વારા સન્માન કરવામાં આવેલું. હોટેલ નટરાજ ના મનેજર અને સિંગભુમ પ્રાદેશિક સમિતિ ના મંત્રી શ્રી દિનેશભાઈ યાદવ નો પણ ખૂબ આભાર તેઓ એ ખડે પગે રહી ને દરેક સભ્યો ની સાર સંભાળ રાખી હતી. આમ આ બિઝનેસ મીટમાં પધારેલા દરેક લોકોને કશું નવું જાણવા મળેલું તથા દરેક લોકોએ આ મીટને ખૂબ જ સારી રીતે માણી હતી. અંતમાં સૌ સુ - મધુર યાદો સાથે સૌ છૂટા પડ્યા.

|| જય અંબે ||

## શ્રી ગાંધીધામ ગુર્જર ક્ષત્રિય સાર્વજનિક ટ્રસ્ટ

સહકારિત



### શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ગાંધીધામ ઘટક
### શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ગાંધીધામ મહિલા મંડળ
### શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ગાંધીધામ યુવા મંડળ

દ્વારા આયોજીત

# આમંત્રણ



# રાસ રમઝટ-૨૦૨૩

પ્રતિ શ્રી , ..................................................................

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ ગાંધીધામ ના સર્વે સમાજ બંધુઓને જણાવતા આનંદ થાય છે કે દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રિ મોહત્સવનુ આયોજન કરવામાં આવેલ છે. આપ સૌને સહપરિવાર પધારવાનું હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

**તા. ૧૫/૧૦/૨૦૨૩**
**રવિવાર**
**થી**
**તા. ૨૩/૧૦/૨૦૨૩**
**સોમવાર**

**:: દરરોજના કાર્યક્રમ ::**

**ભોજન**
**રાત્રે ૮.૦૦ થી ૯.૦૦ સુધી.**

**આરતી : રાત્રે ૯.૦૦ કલાકે**

**રાસ ગરબા / દાંડિયા રાસ**
**રાત્રે ૯.૩૦ થી ૧૧.૩૦ સુધી.**

**ઈનામ વિતરણ**
**રાત્રે ૧૧.૩૦ થી ૧૨.૦૦ સુધી.**

**વિશેષ આકર્ષણો**

વિરાટ વિશાળ ગાંધીધામ સમાજ ભવનમાં સુગમ બેઠક વ્યવસ્થા

કચ્છના નામાંકિત ઓરકેસ્ટ્રા ટીમના સંગાથે અને ઉત્તમ સાઉન્ડના સથવારે

ઝગમગતા લાઈટ ડેકોરેશન

આકર્ષિત મંડપ ડેકોરેશન

આકર્ષક ઈનામોની વણઝાર

**સમુહ મહા આરતી : સોમવાર, તારીખ ૨૩-૧૦-૨૦૨૩ (નોમ) ના દિવસે**

## નૂતન વર્ષ સ્નેહ મિલન-૨૦૨૩

સોમવાર તા. ૧૩/૧૧/૨૦૨૩ ના સવારે ૮.૩૦ કલાકે થી... સાથે અલ્પાહાર રાખવામાં આવેલ છે.

**સ્થળ : શ્રી ક.ગુ.ક્ષ. સમાજ ભવન, પ્લોટ નં. ૬૯, સેક્ટર ૮, ડી માર્ટ પાસે, ગાંધીધામ-કચ્છ.**

**નિમંત્રક**



શ્રી ગાંધીધામ ગુર્જર ક્ષત્રિય સાર્વજનિક ટ્રસ્ટ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ગાંધીધામ ઘટક - મહિલા મંડળ - યુવા મંડળ



નોંધ : આ કાર્યક્રમ ફક્ત આપણા સમાજના સભ્યો માટે મર્યાદિત છે.

કદી ન ભુલાય એવા અનેરા અનુભવ માટે

# પધારો રાયપુર ...

23
24 ડિસેમ્બર
25 2023


શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ
**મહાસભા**
સહ વીર્યં કરવાવહૈ

મહાસભા · ઝોનલ · પ્રાદેશિક · રાયપુર

ત્રિ-વાર્ષિક અધિવેશન
મંગળ પરિચય સમ્મેલન 2023

## ત્રણ દિવસ સંપૂર્ણ સમાજ- રાયપુર ને આંગણે...

- સમાજની યુવા પેઢીને માર્ગદર્શન વિશેષ કરીને સમયસર લગ્ન માટે પ્રેરિત કરવા
- લગ્નજીવનમાં વધતા વિખવાદો પર માર્ગદર્શન
- ભાઇયોના સંપત્તિ વિખવાદ અને કુટુંબ ક્લેશથી બચવાના દિશા નિર્દેશ



વિષયો ઉપર મેળવશું શંકાઓનું સમાધાન માટે
**લાઈફ કોચ અને પ્રખ્યાત વક્તા**
**ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી**
BAPS સંસ્થા
પધારી રહ્યા છે ... આપણા અધિવેશને
રાયપુર ઘટકના આંગણે...

શુભ તિથિ - રવિવાર, 24મી ડિસેમ્બર
સંધ્યા 5.00 કલાકે

**મંગળ પરિચય**

મૈરેજ બ્યુરો નું આયોજન ...

24 થી 40 વર્ષ આયુ વર્ગના
સમાજના સમસ્ત **અપરિણત યુવક-યુવતીઓ** ની
વર્ગીકૃત માહિતિઓ સાથે તમને મડશે પરિણામલક્ષી સહયોગ...

નવા કલેવર અને
પરિણામ લક્ષી
વ્યવસ્થા સાથે
રજીસ્ટ્રેશન માત્ર 500/-

**Skill SAMAJ**

યુવાઓ અને પરિવારની આર્થિક વિકાસ માટે કેરિયર લક્ષી પ્રશિક્ષણ

- ફોટોગ્રાફી/વિડિયો એડિટીંગ
- મહેંદી આર્ટિસ્ટ પ્રશિક્ષણ
- મેકઅપ આર્ટિસ્ટ /બ્યુટી પાર્લર
- કેક/બેકરી આયટમ પ્રશિક્ષણ

ક્ષેત્રના વિશેષજ્ઞોથી પ્રશિક્ષણ

ત્રણ દિવસ
કૌશલ વિકાસ
પ્રશિક્ષણ
માત્ર 500/-

**રાષ્ટ્રીય TRADE FAIR**

રાષ્ટ્રીય ઓળખાણ અને આર્થિક પ્રગતિનો સાર્થક પ્રયાસ

સમાજ ઇતિહાસનો
પ્રથમ **વ્યાપાર મેળો**
લગભગ 60 થી વધુ સ્ટૉલ

ત્રણ દિવસ
સ્ટૉલ શુલ્ક
માત્ર 1500/-

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા સદ્ભાવના મીલનની યાદગાર ક્ષણો



















# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા સદ્ભાવના મીલનની યાદગાર ક્ષણો



# શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાની લક્ષ્ય સમિતિની વાર્ષિક મીટની યાદગાર પળો



# શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાની લક્ષ્ય સમિતિની વાર્ષિક મીટની યાદગાર પળો



# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજ – અંજાર
# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજ યુવા મંડળ – અંજાર
# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજ મહિલા મંડળ – અંજાર

## વિવિધ પ્રવૃત્તિઓની તસ્વીરી ઝલક...



















શ્રી ક.ગુ.ક્ષ. (મિસ્ત્રી) સમાજ અંજાર ઘટક પ્રેરીત

શ્રી ક.ગુ.ક્ષ. (મિસ્ત્રી) સમાજ મહિલા મંડળ અંજાર સહકારીત

## શ્રી ક.ગુ.ક્ષ. (મિસ્ત્રી) સમાજ યુવા મંડળ - અંજાર

આયોજીત

# નવરંગ નવરાત્રી મહોત્સવ - ૨૦૨૩

**તા. ૧૫-૧૦-૨૦૨૩, રવિવાર થી તા. ૨૪-૧૦-૨૦૨૩, મંગળવાર,**

**સમય : રાત્રે ૮.૦૦ કલાકે, શરદપૂનમ તા. ૨૮-૧૦-૨૦૨૩, શનિવાર**

**સ્થળ : શ્રી ક.ગુ.ક્ષ. (મિસ્ત્રી) સમાજ ભવન, ટાઉન હોલ પાસે, અંજાર**



|| સમાજરત્નશ્રી ||

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજના સર્વે સન્માનનીય વડીલો, માતાઓ, ભાઈઓ-બહેનો, યુવાઓ, યુવતીઓને સહર્ષ જણાવતાં આનંદ થાય છે કે, આસો નવરાત્રી નિમિત્તે **નવરંગ નવરાત્રી મહોત્સવ-૨૦૨૩**નું આયોજન અંજાર સમાજ ભવનના વિશાળ પ્રાંગણમાં **વેગડ સાઉન્ડ–અંજાર**ના સથવારે એવં **સોલંકી મંડપ એન્ડ લાઈટ ડેકોરેશન–અંજાર**ની ઝાકઝમાળમાં ભવ્યાતિભવ્ય, રંગારંગ, સંગીતમય, આનંદ-ઉલ્લાસ, ઉમંગ, ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવશે. અંજાર ઘટકની અનન્ય પરંપરા એવમ્ **'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકીજી**ની પ્રેરક પ્રેરણાથી અંજારના આંગણે **સમસ્ત કચ્છ**ના સમાજપ્રેમીબંધુઓના સાત્વિક સહકારથી ઉજવાતા સમાજ ઉત્સવમાં સહપરિવાર, સગા-સંબંધી-સ્નેહીજનો, મિત્રવર્તુળ સંગાથે પધારવા આત્મીય આમંત્રણ પાઠવીએ છીએ...

**નવરંગ નવરાત્રી મહોત્સવના ભવ્ય આયોજનની કડીમાં વધુ એક આકર્ષણ ઉમરેતા**

**સમસ્ત સમાજબંધુઓ માટે સંપૂર્ણ નવરાત્રીના આયોજનમાં પ્રવેશ નિઃશુલ્ક રાખવામાં આવેલ છે.**

:: મુખ્ય પ્રાયોજક ::



**સ્વ. કેશવજીભાઈ મોરારભાઈ ટાંક તથા**
**સ્વ. કાન્તાબેન કેશવજીભાઈ ટાંક સમસ્ત પરિવાર - અંજાર**

:: સહ પ્રાયોજક ::



**શ્રી ભોગીલાલભાઈ દેવશીભાઈ ચાવડા પરિવાર**
**મુન્દ્રા (કચ્છ)**

:: સહ પ્રાયોજક ::



**ગં.સ્વ. જયાબેન તથા સ્વ. જીવરામભાઈ મોરારભાઈ ટાંક**
**પરિવાર - હ. પ્રવિણભાઈ જીવરામભાઈ ટાંક - અંજાર (કચ્છ)**

:: વિનિત ::

**શ્રી વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર**
પ્રમુખશ્રી અંજાર ઘટક

**શ્રી મુકેશભાઈ હરિલાલ ખોડિયાર**
પ્રમુખશ્રી અંજાર યુવા મંડળ

**ગં.સ્વ. સવિતાબેન જયંતિલાલ ચૌહાણ**
પ્રમુખશ્રી અંજાર મહિલા મંડળ

**શ્રી ગિરીશભાઈ મહેશભાઈ પરમાર**
અધ્યક્ષશ્રી નવરાત્રી મહોત્સવ - મો. ૯૯૨૫૩૧૮૬૨૬

**શ્રી પ્રતિકભાઈ દિનેશભાઈ ટાંક**
સહઅધ્યક્ષશ્રી નવરાત્રી મહોત્સવ - મો. ૮૧૨૮૯૪૮૮૮૪

**શ્રી ક.ગુ.ક્ષ. (મિસ્ત્રી) સમાજ સમસ્ત યુવા મંડળ– અંજાર**

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય - કુકમા

## સામાન્ય સભા તથા સરસ્વતિ સન્માન સમારોહ તા. ૩/૯/૨૦૨૩ની તસ્વીર ઝલક




જલારામ યાત્રા સંઘ
(અધિક માસ યાત્રા)
તા. ૨૪-૭-૨૦૨૩ થી તા. ૩-૮-૨૦૨૩
સારંગપુર, આટકોટ, વિરપુર, રાંદલ ના દાદવા - સોમનાથ - દ્વારકા
બેટ દ્વારકા - નાગેશ્વર જ્યોતિર્લિંગ - કચ્છ ૧૮ ગામ કુળદેવી દર્શન.
TOURIST


જલારામ યાત્રા સંઘ






જલારામ યાત્રા સંઘ




કચ્છ ના 18 ગામ માતાજી દર્શન









જલારામ યાત્રા સંઘ





# સમાજ ગૌરવ – હાર્દિક અભિનંદન



# Pranav Parmar

**Birth Date : 26 Nov. 2005**

All The Best For Your Future Endeavours !

**ડૉ. મનિષભાઈ પરમાર** અને **શ્રીમતી દર્શનાબેન પરમાર**ના સુપુત્ર **પ્રણવ પરમાર (સિલ્વાસા)**
**All India JEE MAINS** પરીક્ષામાં **All India** માં **92% Merit** સાથે ઉત્તિર્ણ થઈ
પરિવાર તથા સમાજનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન...
હાલમાં તેઓ ઈલેક્ટ્રોનિક્સ કોમ્પ્યુનિકેશન માટે **NIT Surat** માં અભ્યાસ કરી રહ્યા છે.

## Well Wishers

| | | | |
|---|---|---|---|
| Dada | : Shri Karamshibhai Parmar - Parli | Nana | : Lt. Arun Nanji Chawda - Kurnool |
| Dadi | : Smt. Prabhaben Parmar | Nani | : Smt. Susheela Arun Chawda - Kurnool |
| Papa | : Dr. Manish Parmar - Silvassa | Fai | : Smt. Pratibha Ajendra Rathore - Warangal |
| Mummy | : Dr. Darshana Parmar - Silvassa | Fai | : Smt. Archana Parmar - Nagpur |
| Ygr. Siser | : Unnati Parmar | Fai | : Smt. Deepa Praffull Maru - Aurangabad |



# જન્મ દિવસની શુભેચ્છા/બાયોડેટા





અમારા લાડલા **ચિ.માધવ** ને જન્મદિવસની ખૂબ-ખૂબ વધાઈ.
આપ જીવનમાં ઉતરોત્તર પ્રગતિ કરો, આપનું સ્વાસ્થ્ય નિરોગી રહે તેવી શુભકામનાઓ.


દાદા : સ્વ. લગધીરભાઈ ટાંક
દાદી : ગં.સ્વ. જયાબેન (માધાપર)


પપ્પા : Er. રમેશભાઈ ટાંક
મમ્મી : મિતાબેન (માધાપર)


નાના : ભવાનભાઈ વેગડ
નાની : સ્વ. અનસુયાબેન (માધાપર)


વિનોદમાસા, વંદનામાસી,
રીંકલદીદી, મહિમા (અંજાર)


જીતુમામા, વૈશાલીમામી,
રિચા, ધ્યાની (માધાપર)


દેવેનમાસા, લીનામાસી,
હનીદીદી, રીમઝીમ (જાબવા)


ઉદયકુવા, શિલ્પાફઈ,
ધવલભાઈ (અંજાર)

## BIO-DATA

| | |
|---|---|
| **D.O.B.** | : 19-09-1998, Saturday \| **Time :** 03:45 AM \| Bhuj-Kutch. |
| **Height** | : 6' feet \| **Blood Group :** O+ve |
| **Kuldevi** | : Shree Brahmani Mataji, Madhapar \| **Gotra :** Saunak |
| **Education** | : B.E. Civil (HJD Institute, Kera) |
| **Firm** | : Owner at **Madhav Consultant** (Family Business) |
| **Contact** | : 98254 41642, 99794 64849, 94287 48511 |

¤ ARCHITECTURAL PLANNING & CIVIL CONSULTANT
¤ SUPERVISION ¤ ESTIMATING ¤ INTERIOR ¤ 3D VIEW
¤ VALUATION ¤ GOVT. APPROVED ENGINEER

1-2, 1st Floor, Omkar Arcade,
Opp. Rajput Samajwadi,
Gayatri Mandir Road, Navavas,
Madhapar, Bhuj-Kutch. 370020.

madhav consultant
Since 1990

# જન્મદિવસની હાર્દિક શુભકામનાઓ .....







## શ્રી પ્રદિપભાઈ ચત્રભુજભાઈ ચૌહાણ

જન્મ તિથી : બુધવાર, ૬ ઓક્ટોબર

### શુભાકાંક્ષી

સ્વ. શ્રી મણીલાલભાઈ કેશવજીભાઈ ચાવડા, રાયપુર
શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી(સમાજરત્નશ્રી), માધાપર
શ્રી કુંવરજીભાઈ રણછોડભાઈ ટાંક, નાગલપર
શ્રી કાંતીભાઈ જીવરામભાઈ જેઠવા, અંજાર
શ્રી અનિલભાઈ પુરૂષોત્તમભાઈ ચાવડા, રાયપુર
શ્રી મનોજભાઈ પુરષોત્તમભાઈ સોલંકી, માધાપર
શ્રી બલરામભાઈ ત્રિકમજીભાઈ જેઠવા, અંજાર
શ્રી કમલેશભાઈ મોરારજીભાઈ ટાંક, રાયપુર
શ્રી ભરતભાઈ કાન્તીલાલભાઈ સાવરીયા, રાયપુર
શ્રી રમણીકભાઈ પ્રાગજીભાઈ વાઢેર, ગાંધીધામ
શ્રી પરસોત્તમભાઈ રામજીભાઈ જેઠવા, અંજાર
શ્રીમતી વેલુબેન નારાયણભાઈ ચાવડા, રાયપુર
શ્રી વિનોદભાઈ શાંતિલાલભાઈ જેઠવા, અંજાર
શ્રી લાધુરામભાઈ જીવરામભાઈ રાઠોડ, ખંભરા
શ્રી મનોજભાઈ દુર્ગાલાલભાઈ વેગડ, ગાંધીધામ
શ્રી સુર્યકાન્તભાઈ નરભેરામભાઈ રાઠોડ, રાયપુર
શ્રી પ્રવિણભાઈ શાંતિલાલભાઈ જેઠવા, અંજાર
શ્રી ભાવેશભાઈ રમેશભાઈ રાઠોડ, રાયપુર
શ્રી કિરીટભાઈ ખીમજીભાઈ રાઠોડ, જબલપુર
શ્રી લલિતભાઈ પરમાર, જબલપુર
શ્રી સંજયભાઈ રાઠોડ, મુંબઈ
શ્રી રાજુભાઈ વેગડ, મુંબઈ
શ્રી વિરેન્દ્રભાઈ પરમાર, પુણે
શ્રી જયંતીભાઈ વાઘેલા, માધાપર
શ્રી ઉદયભાઈ વરૂ, રાયપુર
શ્રી વિનોદભાઈ મોહનલાલભાઈ ખોડિયાર, અંજાર
શ્રી અજયભાઈ પ્રાગજીભાઈ પઢિયાર, અંજાર
શ્રી પ્રવિણભાઈ કાંતીલાલ ચવ્હાણ, નાગપુર
શ્રી તેજય મહેશભાઈ રાઠોડ, રાયપુર
શ્રી તરૂણભાઈ ટાંક, જયપુર
શ્રી ઉમેશભાઈ દામજીભાઈ પરમાર, નાગપુર

**❉ સબ કા સાથ ..... સમાજ કા વિકાસ .... ❉**

❉ સૌજન્ય ❉

**ડૉ. શ્રીમતી ચેતનાબેન રાજુભાઈ ટાંક, નાગપુર**

# CONGRATULATIONS TO MY DAUGHTER ON HER GRADUATION




Dear Family & Friends,

With immense joy and pride, we are thrilled to congratulate our younger Daughter **Meenal** on her successful completion of bachelor's in health administration (BHS) from Florida Atlantic University, USA Florida

Her journey has been one of dedication, devotion, and remarkable growth.

Her achievement is not only evidence of her hard work, but also a reflection of the unwavering support from family. As she embarks on this new chapter, we stand by her with steady pride and excitement.

May her passion in healthcare administration continue to shine brightly as she shapes her future in this dynamic field.

We believe in her wholeheartedly, and we eagerly anticipate the wonderful contributions she will make in the world of health administration.
Congratulations once again, dear Meenal.
Here's to your success and the bright future ahead!

With all our love,

| | |
|---|---|
| Amratben Dayaram Rathod- | Dadi, Nairobi, Kenya |
| Sheela Rajesh Dayaram Rathod- | Parents, Nairobi, Kenya |
| Rakshit Rajesh Rathod- | Younger Brother, Currently Studying in Form 4, Nairobi, Kenya |
| Ruchi Kaushal Chawda- | Elder Sister- brother-in-law, Nairobi, Kenya |
| | |
| Induben Hemrajbhai Chauhan- | Fai-Fua, Madhapar |
| Hansaben Vrajlalbhai Chauhan- | Fai- Fua, Madhapar |
| Jayshreeben Vinodbhai Rathod- | Fai- Fua, Anjar |
| Lina Kuntesh Vrajlal Chauhan- | Bhabhi-bhai, Madhapar |
| Jalpa Rohit Hemraj Chauhan- | Bhabhi-bhai, Madhapar |
| Mehul Hemrajbhai Chauhan- | Bhai, Madhapar |
| Deep Vinodbhai Rathod- | Bhai, B.E in Civil Engineer- Sole Proprietor, Anjar |
| Aarti Vipul Yadav- | Sister- brother-in-law, Vadodara |
| Sandhya Krishnakant Chauhan- | Sister- brother-in-law, Anjar |
| Nehal Alpesh Rathod- | Sister- brother-in-law, Madhapar |
| | |
| Ashaben Rameshbhai Chauhan- | Masi -Masa, Kukma Currently in Banglore |
| Bhartiben Kantilalbhai Thacker- | Masi- Masa, Bhuj |
| Rinki Rameshbhai Chauhan- | Sister, M.E in IT- Currently Working as Web Developer, Banglore |
| Parth Rameshbhai Chauhan- | Brother, Working as Software Engineer, Banglore |
| Princy Kantilalbhai Thacker- | Sister, Bachelor's in Commerce, Bhuj |
| Chintan Kantilalbhai Thacker- | Brother, Civil Engineering, Bhuj |

# हार्दिक अभिनंदन



## કુમારી જિવીધા જગદીશભાઈ ચાવડા

**ઔરંગાબાદ (મહારાષ્ટ્ર)**

શ્રી જગદીશભાઈ યદુનંદનભાઈ ચાવડા તથા શ્રીમતી કિસ્તીબેન જગદીશભાઈ ચાવડાની સુપુત્રી કુમારી જિવીધા જગદીશભાઈ ચાવડાએ ઔરંગાબાદ (છત્રપતિ સંભાજીનગર) મહારાષ્ટ્રથી જર્નલિઝમનો અભ્યાસ પૂર્ણ કરીને આગળ અભ્યાસ માટે P.R.O. (પબ્લિક રિલેશન ઑફીસર) કરવા માટે કેનેડા (ટોરેન્ટો) સ્થિત યૉર્ક યુનિવર્સિટીથી પાસ કરી આ ઉપલબ્ધી મેળવી છે તે બદલ તેમને આ ખૂબ ખૂબ અભિનંદન સહ ઉત્તરોત્તર પ્રગતિની શુભકામના....

:: શુભેચ્છક ::

**સ્વ. યદુનંદન માધવજી ચાવડા - દાદા**
**શ્રી સુરેશભાઈ ભવાનજીભાઈ વરૂ - નાના**
**જગદીશભાઈ યદુનંદનભાઈ ચાવડા - પિતા**
**કિસ્તીબેન જગદીશભાઈ ચાવડા - માતા**
**યશવર્ધન જગદીશભાઈ ચાવડા - ભાઈ**
**મો. 7588811327, 9518322472**

# Proud Moment....




## Ar. Riya Gohil

B.Arch. (Gold Medalist)

શ્રી રાજશ્યામાજી તથા વડીલોંનાં આશીર્વાદથી અમારી દિકરી કુ.રિયા (રાધીકા) એ Bachelor of Architecture માં University Level પર Topper Rank સાથે Gold Medal પ્રાપ્ત કર્યું છે । આ સિદ્ધિ મેળવી પરિવાર તથા સમાજનું ગૌરવ વધાર્યુ છે । ખુબ ખુબ અભિનંદન સાથે ઉજ્જવળ ભવિષ્ય હેતુ અંતરનાં આશીર્વાદ તથા હાર્દિક શુભેચ્છા....

આશીર્વાદક/શુભચ્છકોં

ધામવાસી જયાબેન-નરસીભાઈ રણછોડભાઈ ગોહિલ (દાદી-દાદા)
ધામવાસી હરિકુંવરબેન-શામજીભાઈ રણછોડભાઈ ગોહિલ (દાદી-દાદા)
અ.સૌ. દક્ષા - ભાવેશ નરસીભાઈ ગોહિલ (મમ્મી-પપ્પા)
અ.સૌ. હર્ષા - જીતેશ શામજીભાઈ ગોહિલ (કાકી-કાકા) ભુજ
રાજુલ કુમાર ભાવેશભાઈ ગોહિલ, પ્રિયેશ કુમાર જીતેશભાઈ ગોહિલ (ભાઈ)
તથા સમસ્ત ગોહિલ પરિવાર (સિનોગ્રા)
અ.સૌ.પુષ્પાબેન - શ્રી ભોગીલાલભાઈ ખેંગારજીભાઈ ચૌહાણ (નાની-નાના)

| Rajul Grafix | Er. Rajul Kumar Gohil |
|---|---|
| Bilaspur (C.G.) | Bilaspur (C.G.) |
| Mob. 8839402752 | Mob. 8889552244 |



## Vaibhavi P. Chawda

| | | |
|---|---|---|
| Date of Birth | : | 14/10/1995 |
| Time of Birth | : | 06.40 am |
| Birth Place | : | Godavarkhani (AP) |
| Native Place | : | Meghpar (Kutch) |
| Height | : | 5'1" |
| **Grand Father** | : | **Lt. Valamji Chawda** |
| **Grand Mother** | : | **Lt. Premilaben Chawda** |
| Qualification | : | Master of Computer Applications (MCA), Gulbarga |
| Job | : | Working at HDFC Bank as Cashier (Bangalore) |
| Kuldevi | : | Shri Brahmani Mataji (Devariya) |
| Gotra | : | Kashyap |
| **Father** | : | **Purushottam V. Chawda** |
| Occupation | : | Business |
| **Mother** | : | **Jyothi P. Chawda** |
| **Elder Brother** | : | **Kunal P. Chawda** (B.E. Working at Accenture Bangalore) |
| **Mosad** | : | **Lt. Maganlal Taank**<br>**Lt. Bhanuben Taank** |
| **Mota Papa** | : | **Lt. Ramniklal Chawda** (Dombivali - Mumbai) |
| **Mota Mummy** | : | **Ramaben Chawda** |
| **Mota Papa** | : | **Chandrakant Chawda** (Chembur Mumbai) |
| **Mota Mummy** | : | **Gayatri Chawda** (Chembur Mumbai) |
| Address | : | H.No. 126, B/h. District Court, Gulbarga (Karnataka) |
| **Contact No.** | : | **9742221179 (Father)**<br>**8431061105 (Brother)** |
| E-mail | : | vaibhavichawda777@gmail.com |



## Harshraj K. Chawda

| | | |
|---|---|---|
| D.O.B. | : | 17-08-1993 |
| Time | : | 10:20 am |
| Birth Place | : | Dhanbad (Jharkhand) |
| Height | : | 5'11" |
| Gotra | : | Kashyap |
| Native | : | Devaliya (Kutch) |
| Kuldevi | : | Shri Brahmani Mataji<br>Shri Sikotar Mataji |
| Education | : | Diploma in ECE, B.E. in ECE from GTU (Ahmedabad) |
| Job | : | Artificial Intelligence Engineer in RGBSI Pvt. Ltd. (Software Developer) Bengaluru |
| **Father** | : | **Mr. Khemraj K. Chawda** |
| **Mother** | : | **Mrs. Usha K. Chawda** |
| **Brother** | : | **Mr. Varun K. Chawda** (Married)<br>**Mrs. Disha V. Chawda** |
| **Mosad** | : | **Lt. Dayaram Tank** (Fafadi, Raipur) |
| Address | : | D-403, Parmeshwar 5, Zundal Tragad Road, Chandkheda, Ahmedabad - Gujarat - 382424 |
| **Contact No.** | : | **Father - 9429779338**<br>**Mother - 6353586060** |



## Bhavesh M. Taunk

| | | |
|---|---|---|
| DOB | : | 27th November 1992 |
| Time of Birth | : | 07:50 AM |
| Place of Birth | : | Ahmedabad (Gujarat) |
| Height | : | 5'6" |
| Qualification | : | B.Tech (Civil, GTU),<br>M.Tech (Geomatics, CEPT Uni.)<br>Master (City Planning, UNSW Sydney) |
| Occupation | : | SNR. Town Planner, Sydney, Australia |
| Native Place | : | Sinogra |
| Kuldevi | : | Shri Chamunda Mata |
| Gotra | : | Vatsa |
| **Father** | : | **Lt. Shree Madhusudanbhai Taunk** |
| **Mother** | : | **Smt. Bhanumatiben M. Taunk** |
| **Elder Brother** | : | **Jayesh M. Taunk (B.E. Civil)** |
| **Elder Sister** | : | **Hetal Hiteshbhai Vegad** |
| **Grand Father** | : | **Lt. Jivrambhai Anada Taunk** |
| **Nana** | : | **Lt. Ratilal Ranchhodlal Chawra** |
| **Mama** | : | **Shri Rashiklal R Chawra & Family**<br>Kotma - MP |
| Languages | : | Gujarati, Hindi, English |
| Address | : | Plot No. 4, Valram Nagar-2 Society,<br>Raval Vadi, Relocation Site,<br>Bhuj (Kutch) Gujarat |
| Preference | : | Who is willing to settle overseas |
| **Contact No.** | : | **Bhavesh - +61421975243**<br>**Elder Brother - 9998146093**<br>**Mother - 9428506048** |
| E-mail | : | Bhavesh.taunk2792@gmail.com |



## Hiral Chauhan

| | | |
|---|---|---|
| Date of Birth | : | 16.09.1998 (10.17pm) |
| Place of Birth | : | Raipur (C.G.) |
| Height | : | 5' 4" |
| Education | : | M. Sc. Agriculture (Soil Science)<br>Pursuing Ph. D in Agriculture<br>(Soil Science) |
| Native Place | : | Nagor (Kutch) Gujrat |
| Kuldevi | : | Shri Brahamani Maa |
| Father | : | Harish Chauhan<br>Service in C.S.P.D.C.L. |
| Mother | : | Kavita Chauhan |
| Grandfather | : | Late Keshavjibhai Chauhan |
| Grandmother | : | Late Gangaben Chauhan |
| Kaka | : | Jitendra Chauhan |
| | : | Bhavesh Chauhan |
| Elder sister | : | Meenal Mehul Varu, Pune<br>9039027747 |
| Mosad | : | Shri Morar Jagmal Chawda, 62022 96621<br>Smt. Triveniben Chawda<br>Shri Uday Morar Chawda<br>Post : Chandil (Jharkhand ) |
| Address | : | Keshav Nivas<br>Near Rameshwar Timber<br>Street No. 1, Fafadih Naka<br>Raipur (C.G.) |
| Contact No. | : | 94255 27747, 94063 19424 |
| Email ID | : | harishchauhan510@yahoo.com |

દુર્ગા બની, કાળી બની,
શક્તિના પ્રમાણ આપી, નારી નારાયણી થઇ છે....
સોના રૂપાના અલંકારોની ઝાંકી પડી કાંતિ,
જ્યારે આત્મબળને આત્મનિર્ભરતાથી
એ આલૌકીત થઇ છે.

ગૌરવવંતી માતૃસંસ્થા રાષ્ટ્રીય મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા બહેનોના આર્થિક વિકાસ સહ સ્વરોજગાર તરફ પ્રેરીત કરી આત્મનિર્ભર બનાવા માટે શંખનાદ કરતો ઉદ્દેશ્યપૂર્ણ પ્રોજેક્ટ "Learn & Earn" અંતર્ગત ૩૩ મો પ્રોજેક્ટ હોમ મેડ કુકીઝનો વર્કશોપ તા. ૧૯-૦૮-૨૦૨૩, શનિવાર છત્તીસગઢ પ્રાદેશિક અંતર્ગત રાયપુર ઘટકથી **શ્રીમતી અનીતાબેન વાઢેર** દ્વારા લેવામાં આવેલ.



**શ્રીમતી અનીતાબેન લલીતભાઇ વાઢેર** એ સ્વ. જયાબેન તથા સ્વ. પુરૂષોત્તમભાઇ ચૌહાણ ડબરા (ગ્વાલીયર)ના સુપુત્રી તથા સ્વ. મોહનલાલભાઇ વાઢેર તથા



ગં.સ્વ. કાન્તાબેન વાઢેર - રાયપુરના પુત્રવધુ છે. અનીતાબેને બી.એસ.સી. પછી ઇંગ્લીશ લિટરેચરમાં માસ્ટર્સની શિક્ષા જીવાજી યુનિવર્સિટી ગ્વાલીયરથી લીધેલ છે. બાળપણથી જ કુકીંગમાં રસ ધરાવતાને નવી-નવી ઇનોવેટીવ વાનગી બનાવવાનો શોખ સાથે પારંપારીક વાનગીઓ નવી રૂપ દેવાની એમની હોબી છે. આર્ટનો શોખ હોઇ રચનાત્મક લેખનમાં પણ રૂચી છે. સીંગીંગનો શોખ છે.

ઇશ્વર કૃપાથી કુકીંગમાં સીટી અને ઇન્ટરસીટી લેવલના ખુબ પુરસ્કારને મેડલ એમને મેળવ્યા છે. ૨૦૧૪માં મુંબઇ મધ્યે સંપન્ન થયેલ રાષ્ટ્રીય સ્તરની વંડરકુક કુકીંગ કોમ્પીટીશનમાં જેમાં જજ રૂપે સુપ્રદ્ધિ સેલીબ્રીટી શેખ સંજીવ કપુર હતા. આ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી સમાજ અને છત્તીસગઢનું ગૌરવ વધારવાનું શ્રેય એમને મળ્યું. દૈનિક ભાસ્કર, નવભારત, માય એફ.એમ., મહારાષ્ટ્ર મંડલ, પાટીદાર તથા આપણા સમાજ સહીત ઘણી સંસ્થાઓમાં કુકીંગ કોમ્પીટીશનનું જજમેન્ટનું સૌભાગ્ય એમને મળ્યું છે. સમાજસેવામાં સક્રિયતા સાથે લઘુકથાને કવિતા લખવામાં પણ રૂચી ધરાવે છે.

રાયપુર સમાજમાં યુવા મ.મંડળ મંત્રી તથા પ્રમુખપદ કાર્ય કરેલ છે. ટીમ રાયપુર ઘટકના શુભેચ્છા પ્રકોષ્ઠ પ્રભારી તથા અ.ભા.સ્તરે ગત સત્રમાં મીડીયા પ્રભારી તથા વર્તમાન સત્રમાં





રમત-ગમત સમિતિ મંત્રી તરીકે કાર્યરત છે તેમજ ઇન્નરવ્હીલ ક્લબમાં આઇ.એસ.ઓ., સેક્રેટરી અને પ્રેસીડેન્ટ પદ પર કાર્ય કર્યું છે અને વર્તમાનમાં છેલ્લા પાંચ વર્ષથી લગાતાર એડીટરનું પદભાર સાંચવવાનું સૌભાગ્ય મળવાના સાથે બેસ્ટ એડીટરનો એવોર્ડ પણ મળ્યો છે. ''નિત્ય નવીન શીખવુંને સમયના સાથે ચાલવું'' આ એમનો જીવનમંત્ર છે.

શ્રીમતી અનીતાબેને "Learn & Earn" પ્રોજેક્ટ અંતર્ગત હોમ મેડ કુકીઝના ફેસબુક પેજ ઉપર લાઇવ વર્કશોપમાં ગોરસપાક, જીરાકુકીઝ, ચેકરબોર્ડ કુકીઝ, બટર કુકીઝ, જીંજરબ્રેડ કુકીઝ, ચીજલેયર કુકીઝ, નારીયલ અને ડ્રાયફ્રુટ્સ આઇસ કુકીઝ ખુબજ સરસ સરળતાથી બનાવતા બતાડ્યું. જેનાથી બહેનો માર્કેટની કુકીઝની જગ્યા ઘરમાં બનેલી શુદ્ધ અને સ્વાદીષ્ટ કુકીઝ બાળકો તથા પરિવારને ખવડાવી શકે તથા એયરટાઇટ ડબ્બામાં સીલપેક કરી સેલ પણ કરી શકે છે. મિત્ર-પરિવાર, સોસાયટી, કોલોનીમાં ઓર્ડર લઇ આર્થિક રીતે પગભર થઇ આત્મનિર્ભર બની શકે છે.



અનિતાબેનનું કહેવું છે કે, રાષ્ટ્રીય મહાસભાનો ગૌરવને સદાય કાયમ રાખતી સંસ્થા મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા વિવિધ વિષયો સાથે આર્ટ, ક્રાફ્ટ, કુકીંગ, બેકીંગના પરીણામલક્ષી "Learn & Earn" પ્રોજેક્ટસ મહિલાઓના આત્મવિશ્વાસને વધારતા, સ્વાભિમાનને મજબુતી આપતો એક એવો અવનવો રાષ્ટ્રીય મંચ છે જ્યાં મહિલાઓના ઉત્કર્ષ માટે, મહિલાઓ દ્વારા



સર્જાયેલ સમિતિના પ્રભારી આદરણીય મીતાબેન રાઠોડ એક પથપ્રદર્શક બની, બહેનોના આર્થિક-ઉત્કર્ષમાં પ્રેરણાશ્રોત બની, બહેનોના આર્થિક ઉત્થાનમાં સ્વરોજગાર અને સ્વાવલંબન સાથે આત્મનિર્ભરતાના ઉદ્દેશમાં સતત અગ્રેસર છે. એમના ભગીરથ પ્રયાસો થકી સમાજની બહેનોમાં આત્મવિશ્વાસની જાગૃતી લાવી, બહેનોને આર્થિક રીતે સબળ બનાવવાના ધ્યેય સાથે ઉત્કર્ષનો ઉપાડનાર સ્નેહી મીતાબેન અને ટીમને હાર્દિક આભાર, ધન્યવાદ તથા અંતરની શુભેચ્છાઓ જેના થકી આ કાર્ય નિરંતર વેગથી ચાલતું રહે.

મહિલા ઉત્કર્ષ સમિતિ આપે છે,
પાંખોને ઉડવા માટે આકાશ,
બહેનોને બનાવું આર્થિક સ્વાતંત્ર્યીને
કરવા જાગૃત આત્મવિશ્વાસ,
"Learn & Earn" પ્રોજેક્ટનો હેતુ છે
જે એને બનાવે છે અતી ખાસ,
બહેનો બને સબળ ને થાયય એમનો સર્વાંગી વિકાસ.

મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ અનીતાબેન જેવા બહુમુખી પ્રતિભા ધરાવતા, વિવિધલક્ષી કલામાં પારંગત, વિદુષીનારી, પ્રેમાળ, લાગણીશીલ, નિષ્ઠાવાન, સમાજસેવામાં સદૈવ સંલગ્ન સમર્પિત વ્યક્તિત્વ ધરાવતા બહેનને હૃદયથી સેલ્યુટ આપી, શબ્દસુમનોથી બિરદાવી... અભિનંદન આપી તેમના ભાવી ઉજ્જવલજીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી પ્રભુ ચરણોમાં પ્રાર્થના કરી ખુબ ખુબ ધન્યવાદ આપે છે.

અસ્તુ... જય સમાજ...

અધ્યક્ષા - શ્રીમતી મીતાબેન રાઠોડ - લાતુર

## ભુજ ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ભુજ ઘટક દ્વારા તા. ૨૦/૮/૨૦૨૩ના રોજ ભુજ વિદ્યાર્થી ભવન મધ્યે 'સપ્તરંગી શ્રાવણ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. ભુજ ઘટકના પ્રમુખ ડૉ. દેવેન્દ્રભાઇ પરમાર સાથે અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી, મહાસભાના ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ ચૌહાણ, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણ, યુવા મંડળના પ્રમુખ શ્રી સ્નેહલભાઇ પરમાર, ભુજ બોર્ડીંગના પ્રમુખ શ્રી દિપકભાઇ ચૌહાણ, ઉપપ્રમુખ શ્રી ધીરેનભાઇ ટાંક, ઘટક મંત્રી વિજયભાઇ સોલંકી, ઉપપ્રમુખ ગીરધરભાઇ રાઠોડ તથા સલાહકાર વડીલ વૃજલાલભાઇ પરમારે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો પ્રારંભ કરાવેલ હતો.

ત્યાર બાદ બાળકો, યુવાનો, વડીલો, માતાઓ અને બહેનોના દરેક વયજુથ મુજબ જ્ઞાન-ગમ્મત તથા વ્યાયામ મળે તેવી લીંબુ ચમચી, ચોકલેટ શોધ, માટલા ફોડ, રસ્સા ખેંચ, કોથળા દોડ જેવી વિવિધ રમતોનું આયોજન કરવામાં આવેલ હતું. તેમાં વિજેતા બનેલા સ્પર્ધકોને ઘટક, મહિલા મંડળ તથા યુવા મંડળ દ્વારા ઇનામો આપવામાં આવેલ હતા. કેટલીક રમતોમાં ઘટકના વડીલો તથા માતાઓએ પણ ઉત્સાહભેર જોડાઇને આનંદ માણ્યો હતો. સ્પર્ધાના નિર્ણાયક તરીકે સુરેશભાઇ પરમાર, શ્રીમતી રસીલાબેન પરમાર, હરીલાલભાઇ યાદવ તથા શ્રીમતી ગીતાબેન ચૌહાણે સેવા આપવાની સાથે રસપ્રદ સંચાલન કરેલ હતું. ત્યાર બાદ પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ભક્તિ ગીતોનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં બહેનો તથા ભાઇઓએ સારી એવી સંખ્યામાં ભક્તિ ગીતો અને ભજનો રજુ કરેલ હતા. કે.જી.કે. સમાજ મ્યુઝિક ગ્રુપના સભ્યો વિજયભાઇ સોલંકી, વિનોદભાઇ ચૌહાણ, દેવેનભાઇ વેગડ, રાખીબેન જેઠવાએ સંગીત સાથે ભક્તિ ગીતો પ્રસ્તુત કરેલ હતા.

ઇનામ વિતરણ તથા સમાપન સમારોહમાં ઘટક પ્રમુખ શ્રી દેવેન્દ્રભાઇ પરમારે આયોજનમાં ઉત્સાહભેર ભાગ લેવા સાથે વિજેતા બનનાર તમામ સ્પર્ધકોને અભિનંદન આપેલ હતા તથા આગામી પ્રવૃત્તિઓના આયોજનોનો ચિતાર આપેલ હતો. અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકીએ ભુજ ઘટક, મહિલા મંડળ તથા યુવા મંડળની સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓને બિરદાવી અ.ભા.મહિલા મહામંડળની સેવાઓમાં પણ ભુજ મહિલા મંડળના બહેનોના સહયોગ બદલ ખુશી વ્યક્ત કરેલ હતી. મહાસભાના ઉપપ્રમુખ વિનોદભાઇ ચૌહાણે મહાસભાની પ્રવૃત્તિઓની વિસ્તૃત જાણકારી આપી તેના દરેક આયોજનોમાં ઉત્સાહભેર જોડાવા અપીલ કરી હતી. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણ તથા યુવા મંડળના પ્રમુખ સ્નેહલભાઇ પરમારે ઘટકના દરેક આયોજનોમાં સહકાર આપવાની ખાત્રી આપી હતી. કાર્યક્રમના અંતે નિ:શુલ્ક રાત્રીભોજન તૈયાર કરનાર ભુજ ઘટકના સેવાભાવી રસોયા મોહનભાઇ જેરામભાઇ ચૌહાણનું સેવા સન્માન કરવામાં આવેલ



હતું. યુવા મંડળના હોદ્દેદારો દિપેશભાઇ ચૌહાણ, હિરેન રાઠોડ, જયેશભાઇ ટાંક, મહિલા મંડળના હોદ્દેદારો શ્રીમતી હસ્મિતાબેન પરમાર, શ્રીમતી માયાબેન ચૌહાણ, શ્રીમતી ચંદ્રીકાબેન ટાંક, શ્રીમતી અલ્પાબેન ટાંક, શ્રીમતી રીટાબેન રાઠોડ, ઘટકના અગ્રણીઓ ધીરેનભાઇ ટાંક, જનાર્દનભાઇ રાઠોડ, હિતેશભાઇ વેગડ, કિશોરભાઇ ગોહિલે આયોજનમાં સહયોગ આપેલ હતો. સંચાલન ઘટક મંત્રી વિજયભાઇ સોલંકીએ કરેલ હતું. રાત્રે ફળાહાર ભોજન લઇ સૌ છુટા પડ્યા હતા.

## ધનબાદ ઘટક



શ્રી ક.ગુ.ક્ષ.સમાજ ટ્રસ્ટ, ધનબાદ ઘટક દ્વારા વડીલોનું સમ્માનનો કાર્યક્રમ તા.૩૦/૦૭/૨૦૨૩ ના ખુબજ ભવ્ય થયો હતો. કાર્યક્રમની શરૂઆત ઘટક પ્રમુખ શ્રી કિરીટભાઈ રમણીકલાલભાઈ ચૌહાણ દ્વારા શ્રી રસિકભાઈ ચાવડા ઉંમર ૧૦૦ વર્ષના પગ પખારી, ગુલદસ્તો આપી અને શાલ ઓઢાડી સમ્માન કરી આર્શીવાદ લીધેલ હતા. આ કાર્યક્રમમાં ૬૦ વડીલો હાજર હતા સૌને ગુલાબનું ફુલ અને શાલ ઓઢાડી સમ્માન કરવામાં આવેલ, અને જે વડીલો અસ્વસ્થ હતા ન આવી શક્યા એમના ઘરે પ્રમુખ અને ટીમના ચાર પદાધિકારીઓ જઈ સમ્માન કરવામાં આવેલ.  આ કાર્યક્રમની મજા વડીલોને ખુબજ આવી અને વડીલો દ્વારા ખુબ પ્રશંસા કરવામાં આવેલ, વડીલો દ્વારા અંતઃકરણથી આશીર્વાદ આપવામાં આવેલ.

કાર્યક્રમને સફળ બનાવવા મહિલા મંડળ અને યુવા મંડળ દ્વારા રમત-ગમત, પ્રશ્ન-ઉતર અને જુના ગીતોમાં ડાંસ પણ કરી આનંદ માણ્યો હતો. આ કાર્યક્રમની સારી રીતે પ્રસ્તુતિ થઈ એ બદલ પ્રમુખ શ્રીએ સંયોજક શ્રી લક્ષ્મીકાંતભાઈ ચાવડા અને એની પુરી ટીમની ખુબજ પ્રશંસા કરી હતી. અંતે સ્વાદિષ્ટ ભોજન કરી સર્વે છુટા પડ્યા હતા.

## જયપુર ઘટક



શ્રી કચ્છ ગુર્જર સમાજ, જયપુર (રાજસ્થાન) દ્વારા આયોજિત ૩૩ પોથી શ્રીમદ સમૂહ ભાગવત કથાનું આયોજન તા. ૯.૮.૨૦૨૩ થી ૧૫.૮.૨૦૨૩ના દરમિયાન ઉત્સાહભેર કરવામાં આવ્યું. મુખ્ય યજમાન રૂપે માતા સ્વ. નિર્મલાબેન ઈશ્વરલાલ અને પિતા સ્વ. ઈશ્વરલાલ ચોંડાભાઈ ટાંકની સ્મૃતિમાં તરુણ ઈશ્વરલાલ ટાંક  હતા.

સમાજના લોકોને ભારે ઉત્સાહ સાથે ભાગવત કથાનો આનંદ માણ્યો હતો. લગભગ ૧૩ રાજ્યો થી સમાજના પરિવારજન આવ્યા હતા, બાળકો દ્વારા કથાના અલગ-અલગ પ્રસંગે નરસિંહ અવતાર, વામન અવતાર, સુદામા, કૃષ્ણ રુકમણી વિવાહ પ્રસંગ મંત્રમુગ્ધ કરતી ઝાકીઓ ની રજૂઆત કરવામાં આવી હતી.  સમયે સમયે ભક્તોના ચહેરા પર પ્રસંગ પ્રમાણે આનંદ અને આંસુ જોવા મળતા હતા.  કૃષ્ણ જન્મ ની રાત્રે રાસ





ગરબાના કાર્યક્રમે પણ સૌને ઉમંગના શિખરે લઈ ગયા. રાસ ગરબા ના કાર્યક્રમ આપણને સૌને નવરાત્રિની યાદ અપાવી, સૌની ઈચ્છાઓને ધ્યાનમાં રાખતા દિવસ દરમિયાન પણ રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું. જેને સૌએ માણ્યો હતો. કથા આયોજક દ્વારા યજમાનોના હાથે ૩૩ પંડિતોને દક્ષિણા અને વરણ આપવામાં આવ્યા હતા. ધાર્મિક, સામાજીક કે અન્ય કોઈપણ રીતે કાયદાકીય અડચણ ન આવે તે માટે કથાનું સમગ્ર કાર્ય વડીલો અને વિશેષજ્ઞો ની દેખરેખ, સલાહ અને પરામર્શ બાદ કરવામાં આવ્યું હતું. શ્રી સત્યનારાયણ મહારાજ દ્વારા તમામ યજમાનોની પુણ્ય તૃપ્તિ માટે નિત્ય પૂજા કરવામાં આવી હતી. કચ્છ સીનુગ્રા થી આવેલા બલ્લુ મહારાજ (બલરામ અમૃતલાલ મહેતા) અને તેમના પુત્ર મહારાજ ધવલ અમને સમયાંતરે અમારા ગુજરાતી વિધિ-વિધાન મુજબ પૂજન હવન કરાવીને કચ્છની ધરતી પર લઈ ગયા. આપણે બધા આ બ્રાહ્મણ દેવતાઓના આભારી છીએ.

કથા વાચક આચાર્ય શ્રી રાજેશ્વરજી મહારાજે શ્રીમદ ભાગવત કથાનું જ્ઞાન ખૂબ જ સરળ શબ્દોમાં પીરસ્યું. આચાર્યશ્રીની સાથે આવેલા ભજન મંડળી એ તેમના ભજનોના નાદ સાથે ભક્તોને ભક્તિમાં નાચવા મજબૂર કર્યા, મહંત દીપક વલ્લભ ગોસ્વામી, બ્રહ્મર્ષિ નિર્મલાનંદ જત્તી મહારાજની દરેક દિવસ ની ઉપસ્થિતિ કાર્યક્રમ ની શોભા હતી. તેમને પણ અમારા વંદન. કથામાં રાજસ્થાન સરકારના મંત્રી શ્રી પ્રતાપસિંહ ખાચરીયાવાસ સાથે પૂર્વ ભાજપમંત્રી અરૂણ ચતુર્વેદી એ ઉપસ્થિતિ આપેલ. કથામાં ઉપસ્થિત સમાજની પ્રથમ મહિલા ડોક્ટર શ્રીમતી ઇન્દુબેન જગમાલભાઈ પરમારનું સમ્માન કરવા માં આવેલ.

મહાસભા ની પ્રથમ કારોબારીના રાજસ્થાનથી સદસ્ય રૂપે સેવા આપી રહેલ હતા. આ સાથે મહાસભા સમાજના વરિષ્ઠ ઉપાધ્યક્ષ શ્રી વિનોદભાઈ જેઠવા, શ્રી પ્રફુલ્લભાઇ કરમશીભાઈ ટાંકનું પણ સમ્માન કરવા માં આવેલ. આ પ્રસંગની વચ્ચે આપણો રાષ્ટ્રીય તહેવાર સ્વતંત્રા દિવસ પણ ઉત્સાહભેર ઉજવાયો. પ્રાગણમાં ધ્વજવંદન રાજ્યસભા ઉપસભાપતિ આદરણીય શ્રી ઘનશ્યામજી તિવાડી દ્વારા કરવામાં આવ્યું હતું. એ વકત વ્યાસ પીઠ થી આચાર્ય રાજેશ્વર જી પણ દેશ ભક્તિ ના સમ્માન માટે ઊભા હતા. કથાના આરભંથી અંત સુધી અનેક મહામંડલેશ્વર, સંત મહાત્મા, રાજકારણીઓ, મંત્રિગણ, વરિષ્ઠ અધિકારીઓ, મહાસભાના વર્તમાન અને પૂર્વ પદાધિકારીઓ અને અનેક મંડળોના પદાધિકારીઓએ આવીને કથાનું શ્રવણ કર્યું છે અને તેમના ઉપદેશથી આપણને ઉપદેશ આપ્યો છે. અમે આ તમામ મહેમાનોનો અમારા હૃદયના તળિયેથી આભાર માનીએ છીએ.

કથામાં યજમાન મહેમાનો ઉપરાંત, વિવિધ રાજ્યોમાંથી મોટી સંખ્યામાં અન્ય મહેમાનોએ અમને યજમાન બનવાની તક આપી. તેમને કોઈ સમસ્યા ન થાય તેનું પણ અમે પૂરેપૂરું ધ્યાન રાખ્યું હતું. કથા આયોજન કોઈ એક પરિવારની કે માત્ર યજમાન પરિવારો ની નહોતી, તે આપણા બધાની હતી. એટલા માટે અમારા કોઈપણ કાર્યકર્તાને અન્ય આયોજકોની જેમ બેચ આપવામાં આવ્યા ન હતા. વડીલો અને બાળકો સહિત તમામ ભાઈઓ અને બહેનોએ આ પ્રસંગને પોતપોતાનું સમજીને સહયોગ આપ્યો છે.

કથા આયોજનમાં રોજ સવારે મન ભાવતો નાસ્તો બપોરે સ્વરૂચી ભોજન, વ્રત કરેલા સભ્યો માટે ફળાહાર ની વ્યવસ્થા કરવામાં આવી હતી. આખરી દિવસે નૌ કુંડિય હવન ઉપરાંત મહા પ્રસાદી નું આયોજન કરેલ. દરરોજ અંદાજે ૩૫૦-૪૦૦ અને હવનના દિવસે ૭૦૦-૮૦૦ સભ્યોએ પ્રસાદીનો લાભ લિધેલ. મહાપ્રસાદના મુખ્ય યજમાન રૂપે લાભ સમાજરત્ન શ્રી વિનોદભાઇ પુરુષોત્તમભાઈ સોલંકીએ લીધેલ. એક યજમાન ગુપ્ત દાન રૂપે ૫૧૦૦૦/- રૂ. અને અન્ય યજમાન ગુપ્તદાન માં રૂ ૧૧૦૦૦/-, રૂ ૫૦૦૦/- આ કથા માં આપેલ. એમનો પણ આભાર. આ મહાયજ્ઞ પ્રસંગમાં જેમણે દિલથી યોગદાન આપ્યું છે તે તમામનો અમે કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ. આપ સૌના સહકારથી આ પ્રસંગ ભવ્ય રીતે સંપન્ન થયો છે. અમે દાતાઓનો

આભાર માનવા માંગીએ છીએ જેમણે અમને કથા આયોજન ને ભવ્ય રીતે ઉજવવા મદદ કરી છે. આ શુભ પ્રસંગમાં હાસ્ય અને ખુશીઓ વચ્ચે એક દિવસ એવો પણ આવ્યો કે ભગવાને આપણા પરિવારમાંથી એક પ્રતિષ્ઠિત વ્યક્તિને તેમના ધામમાં આશ્રય આપ્યો. અમારા આદરણીય બ્રાહ્મણો અને વડીલોએ અમને આ કાર્ય ચાલુ રાખવા માટે પ્રેરણા આપી. આપણા આ આયોજનમાં ઈન્દ્રદેવ ના આશીર્વાદ રહયા, તે રોજ કથા નિહાળવા આવતા જરૂર પણ વરસયા આવતે દિવસે. આપણે આપણા ૩૩ કોટિ દેવી-દેવતાઓને પ્રણામ કરીએ છીએ કે તેઓ આપણા બધાને આવા જ આશીર્વાદ આપતા રહે.

## માધાપર ઘટક





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર ઘટક દ્વારા ૭૭મા સ્વતંત્રતા દિનની ઉજવણી 'સમાજરત્ન' અને માધાપર ઘટકના પ્રમુખ શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીની ઉપસ્થિતિમાં સમાજ ભવનના પ્રાંગણમાં સૌ પ્રથમ પધારેલ સમાજના મહાનુભાવ દ્વારા ભારતમાતાને હાર પહેરાવી તેમજ દિપ પ્રાગટ્ય કરી સમાજવાડીના વ્યવસ્થાપક શ્રી રાજેશભાઇ રસીકભાઇ ચાવડાના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવેલ હતું. ત્યાર બાદ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીએ પ્રાસંગીક પ્રવચન કરેલ અને શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ દ્વારા સંચાલિત બાલમંદિરના બાળકોએ કાર્યક્રમ રજુ કરેલ. દેશના શહીદ થયેલા વીર સપૂતોના બલિદાનને યાદ કરી આઝાદીના પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી તારાબેન ટાંક, કચ્છ પ્રાદેશિક યુવા મંડળ પ્રમુખ શ્રી હિરેનભાઇ ચૌહાણ અખિલ ભારતીય મહિલા મહામંડળના ઉપપ્રમુખ શ્રીમતી નીતાબેન સોલંકી, શ્રી ગજેન્દ્રભાઇ વાઘેલા, શ્રી ચમનભાઇ ચૌહાણ, બાલસંસ્કાર કેન્દ્રના મુખ્ય શિક્ષિકા શ્રીમતી પ્રતિમાબેન રાઠોડ તેમજ કારોબારી સભ્યો અને સમાજના ઘણા લોકો ઉપસ્થિત રહેલ હતા. તેમનો યુવા મંડળ પ્રમુખ શ્રી ભરતભાઇ રાઠોડે આભાર વ્યક્ત કરેલ અને સંચાલન મંત્રી શ્રી ગિરીશભાઇ ચૌહાણે કરેલ હતું.

માધાપર ઘટક દ્વારા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે સરસ્વતી સન્માન કાર્યક્રમ ઘટક પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીના અધ્યક્ષ સ્થાને સમાજ ભવનમાં યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત ઘટક પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી અને મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થના ગાઇ શરૂઆત કરવામાં આવી હતી. ઘટકના ઉપપ્રમુખ બ્ર.કુ. શ્રી બાબુભાઇ પરમારે શબ્દોથી સ્વાગત કરી સમાજના કે.જી.થી





ધોરણ ૧૨ અને ઉચ્ચ અભ્યાસ કરતા વર્ષ ૨૦૨૨-૨૩માં ઉત્તિર્ણ થયેલ કુલ ૨૪૦ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવેલ અને દરેક ધોરણમાં ૧ થી ૫ નંબર તેમજ અન્ય તમામને આશ્વાસન ઇનામ આપવામાં આવેલ હતા. ગુજરાતના મહામહીમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત દ્વારા ડૉક્ટરેટની પદવી મેળવનાર મહાસભાના ઉપપ્રમુખ ડૉ. શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીનું ભવ્ય સન્માન કરવામાં આવેલ હતું અને વિશિષ્ટ સિદ્ધી પ્રાપ્ત કરનારને સન્માન પત્ર અને પ્રતિક ભેટ આપવામાં આવી હતી. દાતાઓ તરફથી કુલ ૮૫૦૦૦/-ના ઇનામો આપવામાં આવેલ હતા. વિદ્યાર્થીઓએ શિક્ષણ તેમજ અન્ય વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઇ સમાજનું ગૌરવ વધારવા બદલ અભિનંદન આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી તારાબેન ટાંક, કચ્છ પ્રા. યુવા મંડળ પ્રમુખ શ્રી હિરેનભાઇ ચૌહાણ, અ.ભા.મહિલા મહામંડળના ઉપપ્રમુખ શ્રીમતી નીતાબેન સોલંકી, શ્રી ચમનભાઇ ચૌહાણ તેમજ ઘટક, યુવા મંડળ, મહિલા મંડળના હોદ્દેદારો અને સભ્યો સમાજના મોટી સંખ્યામાં ભાઇ-બહેનો હાજર રહેલ અને કાર્યક્રમને સફળ બનાવવા શ્રી બ્રિજેશભાઇ ગોહિલ, શ્રી ચેતનભાઇ ચૌહાણ, શ્રી અમિતભાઇ ચૌહાણ, શ્રી કાન્તીભાઇ ચૌહાણ, શ્રી પિયુષભાઇ ટાંક તેમજ કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવેલ હતી. અંતમાં ભારતમાતાની મોબાઇલ ફ્લેશ લાઇટ દ્વારા આરતી કરવામાં આવી હતી. દાતાઓ તરફથી રૂા. ૨૦,૦૦૦ શ્રી વિનોદભાઇ સોલંકી, રૂા. ૨૦,૦૦૦ શ્રી મનોજભાઇ સોલંકી, રૂા. ૧૫૦૦૦ શ્રી બ્રિજેશભાઇ ગોહિલ, રૂા. ૫૧૦૦ બ્ર.કુ. શ્રી બાબુભાઇ પરમાર, રૂા. ૫૦૦૦ શ્રી ચમનભાઇ ચૌહાણ, રૂા. ૫૦૦૦ શ્રી નાનાલાલભાઇ ચૌહાણ તરફથી દાન મળેલ હતું તેમનો તેમજ અલ્પાહારના દાતા પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી અને ઉપસ્થિત તમામનો યુવા મંડળ પ્રમુખ શ્રી ભરતભાઇ રાઠોડે આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન ઘટક મંત્રી શ્રી ગિરીશભાઇ ચૌહાણે કર્યું હતું.

## કેંજોરગઢ ઘટક



કેંજોરગઢ ઘટક દ્વારા તા. ૧૫-૦૮-૨૦૨૩ના સમાજ ભવનમાં સ્વાતંત્ર્ય દિનના અવસર પર સવારે ૯.૦૦ વાગ્યે ધ્વજવંદનનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય અતિથિ તરીકે કુસુમબેન કૃષ્ણલાલ પંડ્યા ઉપસ્થિત હતા. સૌ પ્રથમ ઘટક પ્રમુખ શ્રી રાજેશભાઇ શિવલાલ પરમાર, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી રેખાબેન જાદવજીભાઇ યાદવ તથા યુવા મંડળ પ્રમુખ શ્રી શિવકુમાર શિવજીભાઇ રાઠોડે મુખ્ય અતિથિ કુસુમબેનનું સ્વાગત કર્યું હતું. ત્યાર બાદ મુખ્ય અતિથિ દ્વારા ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું તથા ઉપસ્થિત સૌ ભાઇ-બહેનોએ રાષ્ટ્રગીત ગાયું હતું. ત્યારબાદ મુખ્ય અતિથિએ તેમના ઉદ્બોધનમાં દેશના વીર જવાનો તથા સ્વતંત્રસેનાનીઓને યાદ કર્યા હતા.

ઘટક પ્રમુખ શ્રી રાજેશભાઇએ તેમના ઉદ્બોધનમાં સમાજમાં ચાલતી પ્રવૃત્તિઓ વિશે જાણકારી આપી હતી. ત્યાર બાદ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી રેખાબેન તથા યુવા મંડળ પ્રમુખ શ્રી શિવકુમારએ ઉદ્બોધન આપ્યું હતું. શ્રીમતી રીતાબેન કિશોરભાઇ રાઠોડ, ઉર્વીબેન સોલંકી, અંશ રાજેશભાઇ રાઠોડ, જયેશભાઇ ગીરધરલાલ રાઠોડ, શીતલબેન દિલીપભાઇ ચાવડા તથા શ્રીમતી મયુરીબેન મનોજભાઇ ચાવડાએ પોત-પોતાના વિચારો રજુ કર્યા હતા તથા દેશભક્તિ ગીત ગાયા હતા.

આ અવસર પર શ્રી પિયુષભાઇ પરેશભાઇ ટાંકને તેમની ઉપલબ્ધીઓ બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. મહિલા મંડળના સદસ્યો શ્રીમતી ભાવનાબેન જીતેન્દ્રભાઇ રાઠોડ તથા શ્રીમતી અલ્કાબેન દેવેનભાઇ સોલંકીને સમાજના દરેક કાર્યક્રમમાં તેમનો પુરો સહયોગ બદલ તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. મંત્રી શ્રી મનોજભાઇ ચાવડાએ મુખ્ય અતિથિ, પદાધિકારીઓ તથા ઉપસ્થિત સૌ ભાઇ-બહેનોનો આ કાર્યક્રમાં ઉપસ્થિત રહેવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. અંતમાં સૌ અલ્પાહાર લઇ છુટા પડ્યા હતા. મંત્રી શ્રી મનોજભાઇએ આ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

તા. ૯-૯-૨૦૨૩ તથા તા. ૧૦-૯-૨૦૨૩ના જમશેદપુરમાં આયોજીત સદ્ભાવના મીટ તથા બિઝનેશ મીટમાં કેંજોરગઢ ઘટકથી ઘટક પ્રમુખ શ્રી રાજેશભાઇ પરમાર, ઉપપ્રમુખ શ્રી કૌશીકભાઇ ટાંક, મંત્રી શ્રી મનોજભાઇ ચાવડા, કોષાધ્યક્ષ શ્રી તરૂણભાઇ ચાવડા, યુવા મંડળ પ્રમુખ શ્રી શિવકુમાર રાઠોડ, કોષાધ્યક્ષ શ્રી ગૌતમભાઇ ચાવડા, બડબીલથી શ્રી જીતેન્દ્રભાઇ રાઠોડ તથા શ્રીમતી નૈનાબેન રાઠોડ શામિલ થયા હતા. તેઓએ મહાસભા પ્રમુખ શ્રી યોગેશભાઇ ચાવડા તથા મહાસભાના અન્ય હોદ્દેદારો સાથે મુલાકાત કરી હતી તથા ચર્ચા-વિચારણા કરી હતી.

# ગોંદિયા ઘટક







તા.૧૯ ઓગષ્ટ શનિવાર ના શ્રી ગુર્જર ક્ષત્રિય સમાજ ગોંદીયા ઘટક ના સહયોગ થી શ્રી જી.કે.વરિષ્ઠ મંડળ દ્વારા સમાજ ભવન માં શ્રી હનુમાન ચાલીસાનું આયોજન સાંજે ૦૪ વાગે કરવામાં આવ્યું. જેમાં ગોંદિયા ઘટકના ગાયક શ્રી મિતેષ કરશનભાઈ પરમાર તથા તેમના સાથી કલાકાર ભાઈઓ દ્વારા સુમધુર ભજનો ની સાથે હનુમાન ચાલીસાના ૧૧ પાઠ કરવામાં આવ્યા, આયોજનમાં વિશેષ રૂપે શ્રી વિદર્ભ પ્રાદેશિક સમિતિના પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ રણજીતભાઈ પરમાર (બાલાઘાટ) ઉપસ્થિત હતા, તેમની સાથે ગોંદીયા ઘટક પ્રમુખ શ્રી દેવેન્દ્રભાઈ રથિન્દ્રભાઈ રાઠોડ પણ ઉપસ્થિત થયા.

આયોજન દરમ્યાન ગાયક શ્રી મિતેષભાઈ પરમાર નું જી.કે.વરિષ્ઠ મંડળ દ્વારા સન્માન કરવામાં આવ્યું. મંડળના સદસ્ય તથા ઝોનલ પ્રમુખ શ્રી શિવલાલભાઈ શામજીભાઈ ટાંક દ્વારા પુષ્પગુચ્છ તથા નાળિયેર આપી મિતેશભાઈનું સન્માન કરવામાં આવ્યું, શ્રી જીતેન્દ્રભાઈ પરમારનું પણ પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું, આયોજનને સફળ બનાવવા માટે મંડળના શ્રી સુરેન્દ્રભાઈ સોલંકી, શ્રી ડૉ. લિલાધરભાઈ રાઠોડ, શ્રી ચંદ્રકાંતભાઈ પુ. પરમાર, શ્રી કમલેશભાઈ શી. ચૌહાન, શ્રી અમૃતલાલભાઈ જ વેગડ, શ્રી રશીકભાઈ જ. વેગડ, શ્રી કમલેશભાઈ હ. રાઠોડ દ્વારા અથક પ્રયાસ કરેલ તે સિવાય મંડળના પ્રો. શ્રી ચુન્નીલાલભાઈ ક. ચૌહાન, શ્રી હિંમતભાઈ ભ. રાઠોડ, શ્રી શરદભાઈ ધી. પરમાર, શ્રી લલિતભાઈ ચાવડા, શ્રી જયંતીભાઈ અ. વેગડ, શ્રી જીતેન્દ્રભાઈ જ.પરમાર, શ્રી દિલીપભાઈ પો. ટાંક, શ્રી વ્રજલલભાઈ રાઠોડ, શ્રી છગનભાઈ રાઠોડ તેમજ ઘટક મહિલા મંડળ, યુવક મંડળ અને સમાજના દરેક ભાઈ-બહનોનો આ આયોજન માટે સાથ સહકાર મળેલ હતો. અંતે મહાઆરતી પશ્ચાત મહાપ્રસાદ રાખવામાં આવેલ હતો સર્વે એ મહાપ્રસાદ ગ્રહણ કર્યા બાદ વિદાઈ લીધી.

તા. ૦૨-૦૯-૨૦૨૩, શનિવારના સમાજ ભવનમાં સવારે ૮ વાગ્યા થી સાંજે ૬ વાગ્યા સુધી ૧,૦૦,૦૦૦ ગાયત્રી મંત્રોનું અનુષ્ઠાન ૧૦૮ ભક્તો દ્વારા કરવામાં આવ્યું તેમજ સાંજે ૬ વાગે દિપ યજ્ઞનું આયોજન કરવામાં આવેલ હતું તથા પૂજ્ય ગુરૂદેવના સંદેશનું રસપાન લોકોને કરાવવામાં આવ્યું હતું તેમજ રવિવારના તા. ૦૩-૦૯-૨૦૨૩ના સવારે આઠ વાગ્યા થી ૯.૩૦ વાગ્યા સુધી સામુહિક મહામૃત્યુંજય મંત્રનો જપ કરવામાં આવેલ હતો. સવારે ૧૦ વાગ્યાથી બપોરના ૧.૦૦ વાગ્યા સુધી પંચકુંડી ગાયત્રી યજ્ઞ કરવામાં આવેલ હતો તથા ૧ વાગ્યા બાદ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ હતું. જેનો લાભ સર્વે ધર્મપ્રેમ ભાઇ-બહેનોએ લીધો હતો.


સૌ
જ
ન્ય

Cell : 94242 12886

**શ્રી હંસરાજભાઈ વૃજલાલભાઈ રાઠોડ**

સેવા નિવૃત્ત - એચ.ઓ.ડી. જલ સંસાધન વિભાગ, સભ્ય - ઑબિટ્રેશન ટ્રીબ્યુનલ

પૂર્વ પ્રમુખ - શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સેવા ટ્રસ્ટ

રાયપુર (છ.ગ.)

શ્રીમતી અનુસૂયાબેન હંસરાજભાઈ રાઠોડ

શ્રી યતિનકુમાર હંસરાજભાઈ રાઠોડ

(IRSE) CHIEF ENGR. SEC Rly. Nagpur

શ્રીમતી હીનાબેન યતિનકુમાર રાઠોડ

શ્રી આર્યન યતિનકુમાર રાઠોડ

(B.Tech. Comp.Sc.- IIT (Gauhati-Assam)

## રાઉરકેલા ઘટક





ગત તા. ૨૭-૮-૨૦૨૩ અને રવિવારના રોજે શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાઉરકેલા ઘટક પ્રમુખ શ્રી દિનેશભાઇ ખેમરાજભાઇ પરમારના પ્રમુખપણા હેઠળ પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે રાઉરકેલા ઘટકથી ૬૫ કી.મી. દુર આવેલ બનઇગઢ સ્થીત બાનેશ્વર મહાદેવજીના દર્શનાર્થે એક યાત્રાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ઘટકના સભ્યોએ મોટી સંખ્યામાં ભાગ લઇ આયોજનને સફળ બનાવેલ હતો. આ યાત્રામાં બાનેશ્વર મહાદેવજીના દર્શન, રૂદ્રાભિષેક અને મહાપ્રસાદ તથા રમત-ગમત મુખ્ય આકર્ષણ હતા. આ આયોજન દરમ્યાન એક સભાનું પણ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં રાઉરકેલા ઘટક પ્રમુખશ્રી દિનેશ ખેમરાજભાઇ પરમાર, રાઉરકેલા મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી સોનલબેન દિનેશભાઇ પરમારની સાથે મહાસભા તથા રાઉરકેલા ઘટકના માજી પ્રમુખ શ્રી ભુપેન્દ્રભાઇ વિશનજીભાઇ પરમાર, અખિલ ભારતીય મહિલા મહામંડળ તથા રાઉરકેલા મહિલા મંડળના માજી પ્રમુખ શ્રીમતી પ્રતિમાબેન ભુપેન્દ્રભાઇ પરમાર, મહાસભાના મંત્રી શ્રી કિશોર ભગવાનલાલ ટાંક, ઘટક ઉપપ્રમુખ તેમજ મહાસભાની ઉપસમિતિ સંજીવનીના પૂર્વ વિભાગ પ્રભારી શ્રી નીતીનભાઇ માધવજીભાઇ વરૂ, અ.ભા.મહિલા મહામંડળ શિક્ષણ સમિતિ પ્રમુખ તેમજ રાઉરકેલા મહિલા મંડળ સલાહકાર સભ્ય શ્રીમતી ભૂમિકાબેન નિતિનભાઇ વરૂ, રાઉરકેલા ઘટકના સભ્ય તેમજ પ્રતિષ્ઠિત વ્યવસાયી શ્રી મુકુન્દભાઇ નારાયણભાઇ ચૌહાણ, શ્રીમતી પ્રભાબેન મુકુન્દભાઇ ચૌહાણ તથા દિપકભાઇ મુકુન્દભાઇ ચૌહાણએ મંચની શોભા વધારેલ હતી.

સભાના અંતે રાઉરકેલા ઘટક પ્રમુખ શ્રી દિનેશભાઇ પરમારે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સહયોગ આપવા બદલ કિશોરભાઇ ટાંક, ઘટક ઉપપ્રમુખ નિતિનભાઇ વરૂ, શ્રી વિજયભાઇ ચાવડા, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી સોનલબેન દિનેશભાઇ પરમાર, શ્રીમતી ગ્રીષ્માબેન ધર્મેશભાઇ પરમાર, શ્રી મુકુન્દભાઇ ચૌહાણ, શ્રીમતી પ્રભાબેન મુકુન્દભાઇ ચૌહાણ, શ્રી દિપકભાઇ ચૌહાણ અને તેમના પરિવારના સભ્યોનો આભાર વ્યક્ત કરેલ. બપોરે ઉપસ્થિત સર્વે સભ્યોએ મહાપ્રસાદનો લાભ લીધેલ. સાંજના ચાર વાગે સર્વે રાજીખુશી રાઉરકેલા માટે પ્રસ્થાન કરેલ.

## આદિપુર ઘટક





અખિલ ભારતીય યુવા મહામંડળ દ્વારા વૃક્ષારોપણ પર્વ-૨૦૨૩ ૧૫મી ઓગષ્ટ સુધી ઉજવવાનું નક્કી કરવામાં આવેલ અને તે અંતર્ગત દરરોજ આદિપુર ઘટકના કોઇને કોઇ સભ્ય પોતાના ક્ષેત્રમાં વૃક્ષારોપણ કરી સાથે વૃક્ષોની જાળવણી અને પર્યાવરણની સુરક્ષા કરવાની શપથ લઇ, ફોટા મોકલાવીને પોતાનું યોગદાન આપેલ.

આદીપુર ઘટકના શ્રી ભરતભાઇ જીવરામભાઇ ચૌહાણની જન્મતિથિ નિમિત્તે તેમના સ્મરણાર્થે શ્રીમતી વર્ષાબેન ભરતભાઇ ચૌહાણ એન્ડ ફેમીલી તરફથી આદીપુર ઘટકને પોર્ટેબલ ટ્રોલી ટાઇપ સાઉન્ડ સિસ્ટમ ભેટ આપવામાં આવેલ. શ્રીમતી વર્ષાબેન ભરતભાઇ ચૌહાણ પાસેથી આદીપુર ઘટક પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઇ સોલંકી અને સલાહકાર સભ્ય શ્રી વલ્લભજીભાઇ પ્રેમજીભાઇ વાઘેલા, શ્રીમતી વર્ષાબેન ભરતભાઇ ચૌહાણના ઘરે





જઇ ભેટ સ્વીકારવામાં આવેલ અને શ્રીમતી વર્ષાબેન ચૌહાણ અને તેના પરિવારજનોનો આભાર વ્યક્ત કરવામાં આવેલ.

ભારતના ૭૭મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે તા. ૧૫ ઓગષ્ટ-૨૦૨૩ના રોજ સવારે ૯.૦૦ વાગે આદીપુર સમાજ ભવન મધ્યે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવેલ. ધ્વજવંદન કાર્યક્રમ ખુબજ ઉત્સાહ, ઉમંગ અને ખુશી સાથે ઉજવવામાં આવ્યો. ઉપરોક્ત ધ્વજવંદનના કાર્યક્રમમાં ઘટકના સભ્યો બહોળી સંખ્યામાં હાજર રહી દેશભક્તિ અને સમાજ પ્રત્યેની લાગણી પ્રદર્શીત કરેલ. આ વખતે આદીપુર ઘટકના ત્રણેય પાંખના ઉપપ્રમુખ શ્રી દ્વારા ધ્વજ ફરકાવવામાં આવેલ. તે મુજબ હાજર આદીપુર ઘટક ઉપપ્રમુખ શ્રી પ્રવિણભાઇ દેવસીભાઇ ચૌહાણ સાથે મહિલા મંડળ ઉપપ્રમુખ શ્રીમતી નિશાબેન અમિતભાઇ ચાવડાના હસ્તે ત્રિરંગો ધ્વજ ફરકાવવામાં આવેલ. ધ્વજ ફરકાવ્યા બાદ, ધ્વજને સલામી આપી ઘટક ઉપપ્રમુખ શ્રી પ્રવિણભાઇ ચૌહાણે સ્વતંત્ર દિવસની બધાને શુભેચ્છા પાઠવી હતી અને બહોળી સંખ્યામાં હાજર રહી દેશભક્તિ અને સમાજ પ્રત્યેની લાગણી પ્રદર્શીત કરવા બદલ હાજર રહેલા સભ્યોનો આભાર માન્યો હતો. ત્યાર બાદ મહિલા મંડળના ઉપપ્રમુખ શ્રીમતી નિશાબેન ચાવડા, વડીલા મહિલા મુખ્ય સલાહકાર શ્રીમતી ત્રિવેણીબેન અમૃતલાલ ટાંક, ઘટકના મહામંત્રી શ્રી જેભાઇ રાઠોડ, ઘટકના સલાહકાર સભ્ય શ્રી અમૃતલાલભાઇ ધનજીભાઇ ટાંક તથા કુમારી માહિ મયુરભાઇ ટાંક દરેકે પ્રાસંગીક ઉદ્‌બોધન આપેલ.

ત્યાર બાદ ધૈવતકુમાર મયુરભાઇ ટાંકે દેશભક્તિનું ગીત ગાઇ બધાને ખુશ કરી દીધા હતા. કાર્યક્રમનું સંચાલન આદીપુર ઘટક મંત્રી શ્રી દિપકભાઇ છોટાલાલ રાઠોડે કર્યું હતું. ત્યાર બાદ બધાએ એકી સાથે ભારત માતા કી જય... વંદે માતરમ્ ઉંચે સાદે ત્રણવાર બોલી વાતાવરણ ગુંજવી દીધું હતું. ત્યાર બાદ બધાએ મીઠું મોઢું કરી છુટા પડ્યા હતા. આદીપુર ઘટક સમાજ ભવનના નવીનીકરણના ભાગરૂપે સમાજ ભવનની બાઉન્ડ્રી વોલની અંદરની સાઇડ દિવાલ પર ટાઇલ્સ લગાવવાનું કામ પુરૂં થયું છે. મહિલા મંડળના મહામંત્રી શ્રીમતી પલ્લવીબેન મહેશભાઇ પરમારે તેમના ઘરે શુદ્ધ ઘીના ઘઉં-ચણાના લાડવા બનાવી અગાઉથી ઓર્ડર નોંધાવેલ સભ્યોન લાડવા વિતરીત કર્યા હતા. અંદાજે ૨૪૦ કિલો લાડવાનું વિતરણ કરવામાં આવેલ. સરસ્વતી સન્માન માટે આદીપુર ઘટકના નર્સરી, કે.જી.થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓ પાસેથી વર્ષ ૨૦૨૨-૨૩ની માર્કસ-શીટની નકલ લેવાનું કામ પુરૂં થયું છે. સરસ્વતી સન્માન કાર્યક્રમમાં આદીપુર ઘટકના વિશિષ્ટ સિદ્ધી પ્રાપ્ત વિદ્યાર્થીઓ/સભ્યોનું સન્માન કરવામાં આવશે.

## દુર્ગ ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ દુર્ગ તેમજ સમસ્ત ઘટકોના સમાજ બાંધવો માટે અતિ હર્ષ તેમજ ગર્વનો વિષય છે કે દુર્ગ ઘટકના સદસ્ય શ્રી દિલખુશભાઈ વરજાંગભાઈ પરમાર દ્વારા ૪૨૭૦૬ ચો.વાર ભૂમિ દુર્ગ ઘટક ને દાનમાં આપવામાં આવેલ છે. આ ભૂમિનું પંજિયન તારીખ ૨૩-૮-૨૩ના દિવસે શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય ગુજરાતી સમાજ-દુર્ગના નામે કરવામાં આવ્યું છે. ઉદાત્ત વિચારોમાં માનવાવાળા શ્રી દિલખુશભાઈ પરમાર ને ખુબ ખુબ અભિનંદન.

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ગાંધીધામ ઘટક આયોજીત વિવિધ કાર્યક્રમોનો અહેવાલ એવં તસ્વીરો





શ્રી ગાંધીધામ ગુર્જર ક્ષત્રિય સાર્વજનિક ટ્રસ્ટના સહયોગથી શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ગાંધીધામ ઘટક, મહિલા મંડળ, યુવા મંડળ દ્વારા સમાજભવન મધ્યે ૧૫મી ઓગષ્ટના સ્વતંત્રતા દિવસે ધ્વજવંદન, બાળકોની રમત-ગમતનો પ્રોગ્રામ રાખેલ હતો. ગાંધીધામ ઘટક તથા ટ્રસ્ટ પ્રમુખ શ્રી મનોજભાઇ વેગડના હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ. બાળકોના રમત-ગમતના પ્રોગ્રામની જવાબદારી શ્રી યશવંતભાઇ પરમાર અને ડૉ. રાજેશભાઇ રાઠોડએ સંભાળેલ. ત્યાર બાદ ગાંધીધામ ઘટકની સામાન્ય સભા રાખવામાં આવેલ જેનું સંચાલન ઘટક મંત્રી શ્રી અશોકભાઇ ચૌહાણે કરેલ. આ પ્રસંગે ટ્રસ્ટ તથા ઘટક પ્રમુખ શ્રી મનોજભાઇ વેગડના અધ્યક્ષ સ્થાને, ઝોનલ પ્રમુખ શ્રી અરૂણભાઇ ચૌહાણ, પ્રાદેશિક પ્રમુખ શ્રી રમણીકભાઇ વાઢેર, પૂર્વ મહિલા મહામંડળ પ્રમુખ શ્રીમતી સવિતાબેન ચૌહાણ, પ્રાદેશિક મહામંત્રી શ્રી કિશોરભાઇ રાઠોડ, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી પ્રતિમાબેન પરમાર, યુવા મંડળ પ્રમુખ શ્રી રૂપલભાઇ પરમાર તથા ટ્રસ્ટ મંત્રી, મહિલા મંડળ મંત્રી, યુવા મંડળ મંત્રીએ સ્ટેજ પર સ્થાન ગ્રહણ કરી શાબ્દિક સ્વાગત કરી દિપ પ્રાગટ્ય, સ્વાગત ગીત, દિવંગતોને શ્રદ્ધાંજલિ આપેલ. ઘટક મંત્રી શ્રી અશોકભાઇ ચૌહાણ દ્વારા ગત મિનિટ્સનું વાંચન, ખજાનચી શ્રી ઇશ્વરભાઇ રાઠોડે હિસાબોની રજુઆત કરેલ.



ત્યાર બાદ ટર્મ પૂર્ણ થતાં નવા પ્રમુખશ્રીની વરણી કરેલ જેમાં ગાંધીધામ ઘટક પ્રમુખ તરીકે શ્રી નિતિનભાઇ દેવશીભાઇ પરમાર, મહિલા મંડળ પ્રમુખ તરીકે શ્રીમતી મોનાબેન નિતિનભાઇ પરમાર અને યુવા મંડળ પ્રમુખ તરીકે શ્રી કપિલભાઇ અરૂણભાઇ ચૌહાણની સર્વાનુમતે વરણી કરેલ. સામાન્ય સભામાં ગાંધીધામ ઘટક દ્વારા પ્રાદેશિક પ્રમુખ શ્રી રમણીકભાઇ પ્રાગજીભાઇ વાઢેર અને ઝોનલ પ્રમુખ શ્રી અરૂણભાઇ નરોત્તમભાઇ ચૌહાણનું શાલ અને ફુલમાળાથી સન્માન કરેલ. મહાસભાના ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડ પરિવાર તરફથી ગાંધીધામના સમાજ બાંધવોને પરસોત્તમ માસ નિમિત્તે ફ્રીમાં ૩ બસ કરી





સાથે ભોજન વ્યવસ્થા કરીને લગભગ ૧૫૦ ગાંધીધામ સમાજના લોકોને એક દિવસીય પ્રવાસ લઇ ગયેલ.

ઘટકના નવનિયુક્ત પ્રમુખ શ્રી નિતિનભાઇ પરમાર દ્વારા પોતાની ટીમમાં યુવા મંડળના સભ્યોને આગળ લાવીને ઘટકની કારોબારીમાં હોદ્દાઓ આપેલ તેમજ નવી જનરેશન સાથે પોતાના ટીમવર્ક સાથે ૩ વર્ષના કાર્યક્રમોની રૂપરેખા જાહેર કરેલ. ઘટક મંત્રી તરીકે શ્રી જયેશભાઇ પરમાર, સહમંત્રી શ્રી ભરતભાઇ ચાવડા, સહખજાનચી શ્રી ચેતનભાઇ ટાંક, શ્રી મોહિતભાઇ ચૌહાણ, કારોબારીમાં શ્રી રીતેશભાઇ રાઠોડ, શ્રી સચીનભાઇ ચાવડા, શ્રી કેયુરભાઇ વરૂને હોદ્દા આપી નિમણુંક કરેલ.

ત્યાર બાદ આભારવિધિ કરી સામાન્ય સભા પૂર્ણ જાહેર કરેલ. ત્યાર બાદ સર્વ સમાજબંધુઓએ સાથે મળી બપોરના ભોજનનો આનંદ માણેલ.

બપોર પછીના સેશનમાં મહિલા મંડળ અને યુવા મંડળ દ્વારા સરસ્વતિ સન્માનનો પ્રોગ્રામ યોજેલ. જેમાં નર્સરીથી કોલેજ સુધીના તમામ વિદ્યાર્થીઓને સમ્માનિત કરેલ. મહિલા મંડળ દ્વારા સાંસ્કૃતિક રાખેલ ત્યાર પછી મહિલા મંડળ અને યુવા મંડળ દ્વારા હાઉઝી ગેમનું સુંદર આયોજન કરેલ અને વિજેતાઓને રોકડ પુરસ્કાર આપેલ. આ હાઉઝી દ્વારા સર્વે સમાજબંધુઓએ ખુબજ આનંદ માણેલ. અંતે સર્વે સમાજબંધુઓએ સાથે મળી રાત્રી ભોજનનો આનંદ માણી છુટા પડેલ.

## શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર
## ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સુચના

શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર (ભગવાન બાબા રામદેવપીર મંદિર) વિગત વર્ષોથી આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. (૧૦ + ૨) પછીના કોલેજમાં MBBS તથા સંબંધિત મેડીકલ કોર્સ, SBE, ME, B.Tech, M.Tech., Ayurvedic, Homeopathic કોર્સ, Engineering Diploma, MBA, BBA, C.A., C.S., Computer Science, Hotel Management, Tourism, LL.B., કોર્સમાં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે. **ખાસ નોંધ : તા. ૧૫-૦૧-૨૦૨૪ અરજી કરવાની છેલ્લી તારીખ છે.**

:: ફોર્મ મંગાવવા માટે નીચે સંપર્ક કરવો ::

**SHRI BALRAM NARSIBHAI CHAWDA**
CHAWDA TRADERS, STATION ROAD,
RAIPUR - 492009 (C.G.)
Mob. : 09926172722
E-mail : brchawda@gmail.com

## શ્રી ક.ગુ.ક્ષ. વિદ્યાર્થી ભવન ટ્રસ્ટ, રાયપુર
## ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સુચના

શ્રી ક.ગુ.ક્ષ. વિદ્યાર્થી ભવન ટ્રસ્ટ, રાયપુર વિગત વર્ષોથી આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. (૧૦ + ૨) પછીના કોલેજમાં MBBS તથા સંબંધિત મેડીકલ કોર્સ, BE, ME, B.Tech, M.Tech., Ayurvedic, Homeopathic કોર્સ, Engineering Diploma, MBA, BBA, C.A., C.S., Computer Science, Hotel Management, Tourism, LL.B., કોર્સમાં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે. સહાય મેળવવા નીચે મુજબના નિર્દેશોનું પાલન કરતા અરજીપત્રક મંગાવવા વિનંતી.

(૧) અરજીપત્રકમાં માંગેલી સર્વે વિગતો પૂરેપૂરી ભરવી (૨) પાછલી પરીક્ષાની માર્કશીટની કોપી મોકલવી (૩) કોલેજમાં એડમીશન વખતે જમા કરેલ ફીસની રસીદની કોપી મોકલવી.

**તા. ૧૫-૦૧-૨૦૨૪ પહેલા અરજી કરવી.**

:: ફોર્મ મંગાવવા માટે નીચે સંપર્ક કરવો ::

**SHRI BHARAT KANTILAL SAWARIA**
Hotel Mayura, Jaistambh Chowk, Nr. Raj Talkies,
G.E. Road, Raipur (C.G.) 492001 Mob. 09301825240
E-mail : bksawaria@gmail.com

C/o.**શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ (મહામંત્રી)**
'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી,
યોગેશ્વરધામ, ન્યુ એમ.ઈ.એસ. રોડ,
આર.ટી.ઓ. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ)





**શ્રીમતી અમિતાબેન વિજયભાઈ સોલંકી**
પ્રમુખ : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9825929591





**શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ**
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9426454999





**શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ**
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9960471411


# શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અ.ભા.મહિલા મહામંડળ

## રાયપુર મુકામે છત્તિસગઢ પ્રાદેશિક સમિતિ આયોજીત ત્રિવાર્ષિક અધિવેશનમાં ભાવભીનું આમંત્રણ

સુજ્ઞ બહેનો, સહર્ષ નિવેદન કે, અ.ભા.મ.મહામંડળની વર્તમાન સત્ર ૨૦૨૧-૨૦૨૩ની ત્રિ-વાર્ષિક બેઠક **તા. ૨૩/૧૨/૨૦૨૩, શનિવારના સવારે ૧૧.૩૦ કલાકથી ૧.૩૦ કલાક સુધી, શ્રી મારૂતિ મંગલમ્ ભવન, રાયપુર (છત્તીસગઢ)** માં આયોજીત કરવામાં આવેલ છે. આ પ્રસંગ અ.ભા.મહિલા મહામંડળના સલાહકાર સભ્યો, માનદ્ સભ્યો, ઉપપ્રમુખો, ઝોનલ પ્રમુખો, પ્રાદેશિક પ્રમુખો, અન્ય સમિતિના પ્રમુખો, કાર્યવાહક સભ્યો, મહિલા મંડળના પ્રમુખો તથા સેવાભાવી બહેનોની ઉપસ્થિતિ આવકાર્ય અને આવશ્યક છે.

**:: કાર્યવાહક સમિતિની બેઠકની કાર્યસૂચિ ::**

★ પ્રભુ પ્રાર્થના
★ મહામંત્રી દ્વારા આમંત્રિતોનું સ્વાગત
★ દિપ પ્રાગટ્ય
★ ઘટક મહિલા મંડળ દ્વારા અહેવાલોની રજુઆત
★ અ.ભા.મ.મહામંડળના પ્રમુખશ્રીઓનું ઉદ્‌બોધન
★ પ્રાપ્ત સુચનો અને સુઝાવો ઉપર વિચાર-વિમર્શ
★ કોષાધ્યક્ષ દ્વારા ઓડીટ કરાવેલ વાર્ષિક હિસાબોની રજુઆત
★ આભારવિધી, રાષ્ટ્રગીત સમુહ ગાન, સમાપન

અ.ભા.મહિલા મહામંડળ આપ સૌને મંડળના ત્રિવાર્ષિક અધિવેશનમાં હાર્દિક આમંત્રણ પાઠવતા આપની ગરિમામયી ઉપસ્થિતિ નોંધાવવા સાદર અનુરોધ કરે છે. સાથે જ અ.ભા.મ. મહામંડળ, આપના મહિલા ઉત્કર્ષ તથા જાગૃતિ સંબંધિત સુચન અને સુઝાવો, આપના મંતવ્યો તથા તેના અમલીકરણની રૂપરેખા માટે સ્પષ્ટ અને શરલ અભિગમની અભિવ્યક્તિ માટે ઉત્સુક્તા ધરાવે છે.

**આપના સુચનો અને સુઝાવો અ.ભા.મ. મહામંડળના મહામંત્રીશ્રીઓ શ્રીમતી રીટાબેન ચૌહાણ, શ્રીમતી ગીતાબેન ચૌહાણને તા. ૧૫-૧૨-૨૦૨૩ સુધી મોકલાવીને અમોને અનુગ્રહિત કરશોજી.**

**:: વિનિત ::**

**શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ – મહામંત્રી**
**શ્રીમતી ગીતાબેન નટવરભાઈ ચૌહાણ – મહામંત્રી**
(આપનો સાથ-સહકાર આપની લાગણી અને સ્નેહ એજ અ.ભા.મહિલા મહામંડળની સફળતા છે.)

# શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અ.ભા.મહિલા મહામંડળ

## રાયપુર મુકામે છત્તિસગઢ પ્રાદેશિક સમિતિ આયોજીત ત્રિવાર્ષિક અધિવેશનમાં ભાવભીનું આમંત્રણ

સુજ્ઞ બહેનો, સહર્ષ નિવેદન કે, અ.ભા.મ.મહામંડળની વર્તમાન સત્ર ૨૦૨૧-૨૦૨૩ની ત્રિ-વાર્ષિક બેઠક **તા. ૨૪/૧૨/૨૦૨૩, રવિવારના સવારે ૧૦.૦૦ કલાકથી ૧.૩૦ કલાક સુધી, શ્રી મારૂતિ મંગલમ્ ભવન, રાયપુર (છત્તીસગઢ)** માં આયોજીત કરવામાં આવેલ છે. આ પ્રસંગ અ.ભા.મહિલા મહામંડળના સલાહકાર સભ્યો, માનદ્ સભ્યો, ઉપપ્રમુખો, ઝોનલ પ્રમુખો, પ્રાદેશિક પ્રમુખો, અન્ય સમિતિના પ્રમુખો, કાર્યવાહક સભ્યો, મહિલા મંડળના પ્રમુખો તથા સેવાભાવી બહેનોની ઉપસ્થિતિ આવકાર્ય અને આવશ્યક છે.

**:: સામાન્ય સભાની કાર્યસૂચિ ::**

★ પ્રભુ પ્રાર્થના ★ મહામંત્રી દ્વારા સભાસદોનું સ્વાગત
★ દિપ પ્રાગટ્ય ★ શ્રદ્ધાંજલિ
★ શુભેચ્છા સંદેશોઓનું વાંચન
★ ઓડીટ કરાવેલ વાર્ષિક હિસાબોની રજુઆત
★ અ.ભા.મહિલા મહામંડળ પ્રમુખ દ્વારા વાર્ષિક કાર્યવાહીનું વિહંગાવલોકન
★ મહાસભા પ્રમુખશ્રીનું માર્ગદર્શીય ઉદ્‌બોધન
★ યુવા મહામંડળના પ્રમુખશ્રીનું ઉદ્‌બોધન
★ પ્રાદેશિક પ્રમુખશ્રીઓ દ્વારા એહવાલોની રજુઆત
★ પ્રાસંગીક પ્રવચન
★ પ્રમુખશ્રીની અનુમતીથી રજુઆત
★ પારિતોષિક વિતરણ : શ્રેષ્ઠ મહિલા મંડળ, શ્રેષ્ઠ પ્રાદેશિક સમિતિ, લાઇફ ટાઇમ એચીવમેન્ટ એવોર્ડ વગેરે...
★ અખિલ ભારતીય મહિલા મહામંડળ અંતર્ગત સમિતિઓનું સન્માન
★ મહામંત્રીશ્રીનું ઉદ્‌બોધન
★ સત્ર (૨૦૨૪-૨૬)ના નવા પ્રમુખશ્રીની નિયુક્તિ
★ આભારવિધી, રાષ્ટ્રગીત સમુહ ગાન, સમાપન

અ.ભા.મહિલા મહામંડળ આપ સૌને મંડળના ત્રિવાર્ષિક અધિવેશનમાં હાર્દિક આમંત્રણ પાઠવતા આપની ગરિમામયી ઉપસ્થિતિ નોંધાવવા સાદર અનુરોધ કરે છે. સાથે જ અ.ભા.મ. મહામંડળ, આપના મહિલા ઉત્કર્ષ તથા જાગૃતિ સંબંધિત સુચન અને સુઝાવો, આપના મંતવ્યો તથા તેના અમલીકરણની રૂપરેખા માટે સ્પષ્ટ અને શરલ અભિગમની અભિવ્યક્તિ માટે ઉત્સુક્તા ધરાવે છે.

**આપના સુચનો અને સુઝાવો અ.ભા.મ. મહામંડળના મહામંત્રીશ્રીઓ શ્રીમતી રીટાબેન ચૌહાણ, શ્રીમતી ગીતાબેન ચૌહાણને તા. ૧૫-૧૨-૨૦૨૩ સુધી મોકલાવીને અમોને અનુગ્રહિત કરશોજી.**

**:: વિનિત ::**

**શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ – મહામંત્રી**
**શ્રીમતી ગીતાબેન નટવરભાઈ ચૌહાણ – મહામંત્રી**
(આપનો સાથ-સહકાર આપની લાગણી અને સ્નેહ એજ અ.ભા.મહિલા મહામંડળની સફળતા છે.)

# અખિલ ભારતીય મહિલા મહામંડળ યુ.એસ.કેનેડા મહિલા મંડળની સ્થાપના



અખિલ ભારતીય મહિલા મહામંડળના ઉર્જાસભર પ્રમુખ શ્રીમતિ અમિતાબેન વિજયભાઇ સોલંકીના નેતૃત્વ હેઠળ વિદેશમંત્રી શ્રીમતિ લીનાબેન રાઠોડના અથાગ પ્રયાસો દ્વારા વિદેશમાં યુ.કે. મહિલા મંડળની સ્થાપના બાદ તા. ૨૬.૮.૨૩ ના રોજ યુ.એસ. તથા કેનેડા મહિલા મંડળની ગરિમામય સ્થાપના કરવામાં આવી. આ માટે યોજાયેલ ઝુમ મીટીંગમાં સારી એવી સંખ્યામાં જોડાયેલા હોદેદારશ્રીઓ અને વિદેશમાં રહેતા બહેનોને મહાસભાના આદરણીય પ્રમુખ શ્રી યોગેશભાઈ મગનલાલભાઈ ચાવડા તથા અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન વિજયભાઈ સોલંકીએ સંબોધન કરેલ હતું. તથા વિદેશમાં વસતા આપણા સમાજ ના પરિવારો પોતાના સમાજ અને માદરે વતનથી જોડાયેલા રહે.. તેના દરેક આયોજન અને સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓમાં સહભાગી બને તેવી અપેક્ષા વ્યક્ત કરી વિદેશમાં વસતા બહેનોને અભિનંદન આપેલ હતા. આ મીટિંગમાં જોડાયેલ




મહાસભા ઉપપ્રમુખ શ્રી વિનોદભાઈ ચૌહાણ, અ.ભા. મહિલા મહામંડળના સલાહકાર પ્રમુખ શ્રીમતિ વેલુબેન ચાવડા, ચેરપર્સન શ્રીમતિ જ્યોતિબેન રાઠોડ, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રીમતિ પુષ્પાબેન ટાંક, ઉપપ્રમુખ શ્રીમતિ મીતાબેન રાઠોડ, રમત ગમત સમિતીના અધ્યક્ષ શ્રીમતિ વંદનાબેન ચાવડા, સાંસ્કૃતિક સમિતીના અધ્યક્ષ શ્રીમતિ કલ્પનાબેન પરમારએ ટીમ વિદેશ મહિલા મંડળને શુભેચ્છાઓ આપી હતી. મહામંત્રી શ્રીમતિ રીટાબેન ચૌહાણ તથા શ્રીમતિ ગીતાબેન ચૌહાણ એ સંચાલન તથા આભાર દર્શન કરેલ હતું. પદભાર ગ્રહણ કરનાર નીચે મુજબ ના પદાધિકારી બહેનો એ અ.ભા. મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતિ અમિતાબેન સોલંકી તથા તેમની ટીમનો આભાર માની વિદેશમાં રહીને પણ સમાજ સાથે જોડાયેલા રહેવાનો હર્ષ વ્યક્ત કરેલ હતો. (૧) પ્રમુખ - હીનાબેન પરમાર, (૨) ઉપપ્રમુખ- નંદિતાબેન ચૌહાણ, (૩) મંત્રી- રુપાબેન રાઠોડ, (૪) સહમંત્રી-એકતાબેન રાઠોડ, (૫) સહમંત્રી-કાજલબેન ચૌહાણ, (૬) સાંસ્કૃતિક મંત્રી-અપેક્ષાબેન ચાવડા, (૭) સાંસ્કૃતિક સહમંત્રી - બાબુલબેન ચાવડા, (૮) સાંસ્કૃતિક સહમંત્રી- વિનલબેન ચૌહાણ, (૯) કેશિયર-લીનાબેન રાઠોડ .

# અ.ભા.મહિલા મહામંડળની રમત-ગમત સમિતિ દ્વારા યોજાયો મનોરંજન સ્પર્ધાનો મહાખેલ

મનોરંજન એ આપણા જીવનને સ્ફૂર્તિ આપતું માધ્યમ છે. તેમાં પણ પરિવાર, વ્યવસાય અને સામાજીક જવાબદારીઓના ક્ષેત્રે સદા કાર્યરત બહેનોને સમયાંતરે મનોરંજીત રહેવું જરૂરી હોય છે. અખિલ ભારતીય મહિલા મહામંડળના ઉર્જાવાન પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ રમત-ગમત સમિતિ દ્વારા ''મનોરંજન સ્પર્ધાઓનો મહાખેલ'' ઓનલાઇન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમ અંતર્ગત કુલ ૪ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ભારતભરના વિવિધ મહિલા મંડળોથી સારી એવી સંખ્યામાં બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો.




સ્પર્ધા તથા વિજેતા બનનાર બહેનો

સ્પર્ધા : ૧ - બેસ્ટ ડ્રેસીંગ ફ્રોમ ન્યુઝ પેપર : (૧) મિલોનીબેન સોલંકી (બારડોલી) (૨) રેણુકાબેન ડી. પરમાર

(જામનગર-સિક્કા) (૩) રોહીણીબેન કે. ચૌહાણ (ધનબાદ) (૪) શ્રૃષ્ટિબેન ચાવડા (કટક) (૫) જયશ્રીબેન જી. ચાવડા (કટક), સાંત્વના પુરસ્કાર : કિંજલબેન આર. વરૂ - ગાંધીધામ, વીણાબેન પરમાર - કુકમા, દીપીકાબેન રાઠોડ - દુર્ગ, પ્રિયંકાબેન રાઠોડ - નાગલપર, લવીનાબેન ચૌહાણ - અમદાવાદ, વિશેષ પુરસ્કાર : કલાબેન પરમાર - હૈદ્રાબાદ.

સ્પર્ધા : ૨ - દેખ ભાઇ દેખ... : (૧) રચનાબેન વરૂ - રાજનાંદગાંવ, (૨) રૂચિતાબેન રાઠોડ - ચેન્નાઇ (૩) શાલિનીબેન ચાવડા - બેંગલુરૂ (૪) ભાવનાબેન રાઠોડ - ચાઇબાસા (૫) ઉર્મિલાબેન ચૌહાણ - રાયપુર, સાંત્વના પુરસ્કાર : રૂચિકાબેન ચૌહાણ - કલ્યાણ, ઉર્મિલાબેન પરમાર - નિઝામાબાદ, હર્ષાબેન રાઠોડ - રાયપુર, જીનલબેન ચાવડા, નિધીબેન પરમાર - નિઝામાબાદ.

સ્પર્ધા : ૩ - બુઝો તો જાને... : (૧) જયશ્રીબેન રાઠોડ - પરભણી (૨) હર્ષાબેન રાઠોડ - રાયપુર (૩) દિપીકાબેન ચૌહાણ - સિંગાપોર (૪) ચૈતાલીબેન ચૌહાણ - ભુજ (૫) પલ્લવીબેન ચાવડા - વડોદરા (૬) સોનલબેન રાઠોડ - રાયપુર (૭) આકાંક્ષાબેન ચાવડા - હૈદ્રાબાદ (૮) ગ્રીષ્માબેન પરમાર - રાઉરકેલા (૯) પુષ્પાબેન રાઠોડ - બર્દવાન (૧૦) દીનાબેન રાઠોડ - ચાઇબાસા.

સ્પર્ધા : ૪ - બચપન કી યાદેં.... : (૧) ચૈતાલીબેન ચૌહાણ - ભુજ (૨) પ્રિતીબેન ચૌહાણ - કોરબા (૩) રૂચિતાબેન રાઠોડ - ચેન્નાઇ (૪) લીનાબેન ચૌહાણ - વિશાખાપટ્ટનમ (૫) પારૂલબેન ચાવડા - હૈદ્રાબાદ (૬) જ્યોતિબેન ચાવડા - અંજાર (૭) દીનાબેન રાઠોડ - ચાઇબાસા (૮) રેણુકાબેન ડી. પરમાર - જામનગર-સિક્કા (૯) આકાંક્ષાબેન ચાવડા - હૈદ્રાબાદ (૧૦) શ્રૃષ્ટિબેન ચાવડા - કટક. તમામ વિજેતાઓને અખિલ ભારતીય મહિલા મહામંડળ તરફથી હાર્દિક અભિનંદન...

શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ - મહામંત્રી
શ્રીમતી ગીતાબેન નટવરભાઇ ચૌહાણ - મહામંત્રી

## ધનબાદ મહિલા મંડળ





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહિલા મંડળ ધનબાદ દ્વારા શ્રી પુરૂષોત્તમ માસના પાવન પર્વમાં નદીએ પવિત્ર સ્નાન અને ગોરમાંની પૂજા કરવાનો કાર્યક્રમ તા. ૦૬.૦૮.૨૩ ના રોજ કરવામાં આવ્યો. આ કાર્યક્રમ જૈન ધર્મનું મુખ્ય ધામ પારસનાથમાં બરાકર નદીના કાંઠે ભગવાન શ્રી મહાવીર સ્વામીનું પાવન મંદિર



જ્યાં તેમને કેવલ્ય જ્ઞાન પ્રાપ્ત થયું હતું ત્યાં રાખવામાં આવ્યું હતું. લગભગ ૫૦ બહેનો એ ખુબ જ ઉત્સાહ અને આનંદ થી આ કાર્યક્રમ માં ભાગ લીધો. પવિત્ર સ્નાન પૂજા કરવા બાદ સર્વે બહેનોએ મંદિરોના દર્શન કર્યા. બપોરનું સાત્વિક ભોજન ગ્રહણ કરવા બાદ સાંજે સૌ પાછા ફર્યા અને આનંદપૂર્વક પોત પોતાના ઘરે વિદાય લીધી. તા. ૨૭-૮-૨૦૨૩, રવિવાર ના રોજ ધનબાદ મહિલા મંડળ દ્વારા સમાજ ભવનમાં ધાર્મિક સાવન ઉત્સવ મનાવવામાં આવેલ. આ ઉત્સવમાં સામુહિક મહારુદ્રાભિષેકનું કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યું હતું જેમાં કુલ ૨૫ યજમાન સમ્મિલિત થયાં હતાં. મુખ્ય પુરોહિત શ્રી યોગેશ મહારાજ સાથે બે બ્રાહ્મણોની ઉપસ્થિતિમાં શિવજીનું ભવ્ય અને સુંદર અભિષેક કરવામાં આવ્યો. ત્યાર બાદ ૩ કેટેગરીમાં પુરસ્કાર આપવામાં આવ્યા :- ૧. યુગલ ભક્ત માટે - લક્કી શિવ-પાર્વતી જોડી) ૨. એકલ ભક્ત માટે - લક્કી શિવગંગા, ૩. દર્શનાર્થી ભક્તોં માટે - લક્કી શિવ પ્રસાદમ. મહિલા મંડળ સખીયો માટે સાવનનો સુંદર ઝૂલો રાખવામાં આવ્યો હતો જેનો બધા એ ખુબ આનંદ લઇ સેલ્ફી પાડી. અંત માં ફલાહારી અલ્પાહાર લઈ સર્વે બહેનો એ વિદાઈ લીધી.

# દુર્ગ મહિલા મંડળ

રીતે સંપન્ન થયો.

દુર્ગ મહિલા મંડળ દ્વારા તા. ૨૬-૦૮-૨૦૨૩, શનિવારના સમાજ ભવનમાં સાવન હરિયાલી, તીજ મિલન





દુર્ગ મહિલા મંડળ પુરૂષોત્તમ મહિનાના ઉપલક્ષમાં તા. ૨૦-૭-૨૦૨૩ના ઘરેથી ટીફીન લઇને સામુહિક ભોજનનો આનંદ લીધો. ત્યાર બાદ ભજન કર્યા, હાઉઝી તથા અન્ય ગેમ રમ્યા. સાંજે ચાર વાગે ઘટકના નવનિર્વાચીત પ્રમુખ શ્રી તુષારભાઇ તુલસીરામભાઇ ચૌહાણ, પદાધિકારીઓ તથા સમિતિના સદસ્યોથી સદ્‌ભાવના પરિચય મીટીંગ કરવામાં આવી. તેમાં બહેનોએ પોત-પોતાના વિચારો રજુ કર્યા હતા.

તા. ૨૫-૦૭-૨૦૨૩, મંગળવારના સચિન તુલસીરામભાઇ ચૌહાણના સ્વાસ્થ્ય લાભ માટે મહિલા મંડળ દ્વારા ૧૦૦૮ હનુમાન ચાલીસા પાઠનું આયોજન કર્યું હતું. તા.

ઉત્સવ મનાવવામાં આવ્યો હતો. તેમાં સર્વે બહેનો જે પણ કમ્પીટીશનમાં ભાગ લીધો હતો તે સોલહ શ્રૃંગાર કરીને ઘાઘરા ઓઢના આવ્યા હતા. ફૈશન શો રેમ્પ વૉક કરવામાં આવ્યું, ગેમ રમાડવામાં આવી હતી. મહિલા મંડળની બહેનોએ ડાન્સની પ્રસ્તુતી આપી હતી. ફેશન શો કમ્પીટીશન કાર્યક્રમમાં શ્રીમતી શિવાની અંકિતભાઇ પઢિઆરને તાજ પહેરાવીને સાવન ક્વીન ઘોષીત કરવામાં આવી હતી. દ્વિતીય શ્રીમતી દિપ્તીબેન સોલંકી તથા તૃતિય શ્રીમતી ખુશ્બુબેન વાઘેલાને કિયારા પહેરાવી ગીફ્ટ આપવામાં આવી. સર્વે બહેનો જે પણ ઘાઘરા ઓઢના પહેરીને



૨૯-૦૭-૨૦૨૩ અને ૩૦-૭-૨૦૨૩ના સામુહિક (મંડળ) એકાદશી ઉદ્યાપનનો કાર્યક્રમ રાખવામાં આવેલ. તેમાં ૨૧ બહેનોએ ભાગ લીધો હતો. સવારે મંડળની સ્થાપના, પૂજા, આરતી કરી બપોરના બહેનોએ લાવેલ ટીફીનથી સમુહ ભોજન કર્યું. સાંજે ભજન, આરતી રાત્રે જાગરણ કરી સવારે પાંચ વાગે નદી સ્નાન કરવા ગયા હતા. બારસના દિવસે મંડળની પૂઝા, આરતી પુર્ણાહુતિ હવન કરવા ગયા હતા. બારસના દિવસે મંડળની પૂજા, બ્રાહ્મણોને ભોજન કરાવી યથાશક્તિ દાનદક્ષિણા આપી આશીર્વાદ લીધા ત્યાર બાદ ઘટકના આમંત્રીત ભાઇઓ, જનકલ્યાણ સમિતિ, ઉદ્યાપનમાં બહેનોના પરિવાર, યુવા મંડળ, યુવતી મંડળ તથા મહિલા મંડળના બહેનોએ ભોજન પ્રસાદ લીધો. બધા બહેનોના સાથ-સહકારથી કાર્યક્રમ ખુબજ સારી

આવ્યા હતા તેમને સર્વે બહેનોને ગીફ્ટ આપવામાં આવી હતી. બહેનો માટે સાવન ઝુલા પણ બાંધ્યા હતા. સર્વે બહેનોએ ઝુલા ઝુલીને ખુબજ આનંદ કર્યો હતો. આ કાર્યક્રમમાં સારી સંખ્યામાં બહેનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. તા. ૧૧-૯-૨૦૨૩ના મહિલા મંડળની માસીક મીટીંગ તથા કીટી પાર્ટી રાખવામાં આવી હતી. મીટીંગમાં સામાજીક ચર્ચા અને હાઉઝી ગેમ રમ્યા હતા. ત્યાર બાદ કૃષ્ણ જન્માષ્ટમીના ઉપલક્ષમાં લાલાના ઝુલા સજાવીને ભજન, રાસગરબા તથા દહીં લુંટ કરવામાં આવી હતી. નાના બાળકો કૃષ્ણ અને ગ્વાલબાળ બનીને દહીં લુંટનો આનંદ લીધો હતો. બધા બહેનોએ પણ દહીં લુંટનો ખુબજ આનંદ માણ્યો હતો. ત્યાર બાદ પ્રસાદ તથા સ્વલ્પાહાર લઇ આનંદના વાતાવરણમાં સૌ છુટા પડ્યા હતા.

## નાગપુર મહિલા મંડળ





નાગપુર મહિલા મંડળ દ્વારા અધિક પુરૂષોત્તમ માસ નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતું. તા. ૧-૮-૨૦૨૩ના રોજે પવિત્ર પુરૂષોત્તમ માસમાં મહિલા મંડળ દ્વારા મીનાબેન યોગેશભાઇ ચાવડાને ત્યાં સુંદરકાંડનું આયોજન રાખવામાં આવ્યું હતું તેમજ અધિક માસમાં મહિલા મંડળ દ્વારા તા. ૧૨-૮-૨૦૨૩ના રોજે મીનાબેન યોગેશભાઇ ચાવડાને ત્યાં પંડિત રસિક મહારાજ દ્વારા સુંદર એકાદશીના મંડળ ભરવામાં આવ્યું હતું. સાથે સાથે ભજન અને ગરબાની રમઝટ જામી હતી. સંધ્યા આરતી કરીને મીનાબેન તરફથી ફરાળની વ્યવસ્થા કરવામાં આવી હતી. મહિલા મંડળ દ્વારા મીનાબેનનો આભાર પ્રગટ કરવામાં આવેલ અને સૌ બહેનોને વિદાય આપવામાં આવેલ.

## વડોદરા મહિલા મંડળ





શ્રી પુરૂષોત્તમ માસને અનુલક્ષીને વડોદરા મહિલા મંડળ દ્વારા નાનકડા ધાર્મિક પ્રવાસ તથા સ્નાનનું સુંદર આયોજન કરવામાં આવેલ હતું. જેના અંતર્ગત તા. ૨-૮-૨૦૨૩ના રોજ સવારે ૭.૦૦ વાગે સૌ વડોદરાથી ભજન-કિર્તન ગાતા ગાતા બસ દ્વારા પ્રવાસ સ્થળે પહોંચી ગયા હતા. પ્રભુશ્રીના પ્રાતઃદર્શન કર્યા. ત્યાંથી દિવેર જવા રવાના થયા. દિવેર ખાતે પતિતપાવની એવી નર્મદા નદીમાં સ્નાન કરી સૌ ધન્ય થયા તથા આનંદથી રોમાંચીત થઇ ગયા. સ્નાન બાદ પ્રચલીત કાંઠાગોરની પૂજા, આરતી, સ્તુતી કરીને નર્મદા કિનારે જ કુદરતનાં સાંનિધ્યમાં ખુબજ સ્વાદિષ્ટ નાસ્તાનો આસ્વાદ સૌએ લીધો.

ત્યાંથી રવાના થઇ, મારૂતિનંદન, મહાબલી શ્રી રામભક્ત હનુમાનજીનાં આશ્રમની મુલાકાતનો લાભ લીધો તથા શ્રી હનુમાન ચાલિસાના પાઠ કરતાં કરતાં હનુમાનજીનાં દર્શન કર્યા. બાદમાં સુપ્રસિદ્ધ ધામ નારેશ્વરમાં શ્રી મહાદેવજીના પાવન દર્શન, પૂજા-અર્ચના, અભિષેક, આરતી વગેરેના લાભ સૌ બહેનોએ લીધો અને સાથો સાથ પ્રસાદી સ્વરૂપ ભોજનનો પણ આસ્વાદ ભેગા મળીને માણ્યો. અંતે ફરી એકવાર પાપહારિણી પવિત્ર કરણી એવી નર્મદા મૈયાનાં દર્શન કરી સૌ ભાવવિભોર થઇ તથા અમૃત સમાન છાસ પીને વડોદરા પરત આવ્યા. ઉપરોક્ત પ્રવાસમાં ઘણી બહેનોએ પુરૂષોત્તમ માસ નિમિત્તે ભાગ લીધો હતો તથા આનંદ-ભક્તિરસનો સમન્વય થયો હતો.

## મરાઠવાડા પ્રા. મહિલા મંડળ

પ્રાદેશિક મરાઠવાડા મહિલા મંડળ પ્રમુખ આદરણીય પ્રીતિબેન વરુ દ્વારા સમયાંતરે વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. ઓગસ્ટ મહિનામાં ઓરંગાબાદ ઘટકમાં સુંદરકાંડનું પાઠ રાખવામાં આવ્યું હતું. બાદમાં ભજન, આરતી અને પ્રસાદનો વિતરણ થયું અને બધાયને તુલસી ના રોપા ભેટ દેવામાં આવ્યું હતું. અખિલ ભારતીય મહિલા મંડળ તરફે ''બુજોતો જાનુ'' પ્રતિયોગીતા રાખવામાં આવી હતી તેમાં






પરભણી ઘટકથી શ્રીમતી જયશ્રીબેન રાઠોડ એમને પ્રથમ પુરસ્કાર જાહેર થયો હતો. મરાઠવાડા પ્રાદેશિક મહિલા મંડળ તરફ થી ગોરમા ની સજાવટ ની પ્રતિયોગીતા લેવામા આવી હતી.

આ પ્રતિયોગીતાના પરિણામ જાહેર કરવામાં આવે છે. પ્રથમ-ભાવના બેન ચૌહાણ - સંભાજીનગર, દ્વિતિય - ચંચલબેન રાઠોડ પરભણી, તૃતિય - હંસાબેન ચાવડા હિંગોલી. મરાઠવાડા પ્રાદેશિક પ્રમુખ પ્રીતિબેન વરુ તરફથી બધાને શુભેચ્છા પાઠવવામાં આવેલ.

માસોત્તમ માસ શ્રાવણ માસ થી હિંદૂ ત્યોહાર અને ઉત્સવની રજુઆત થાય છે. આ શ્રાવણ માસના સ્વાગત માટે મરાઠવાડા પ્રાદેશિક મહિલા મંડલ પ્રમુખ પ્રીતિબેન વરુના માર્ગદર્શક હેઠળ હરિયાલી સાવનની પ્રતીયોગીતા લેવામાં આવેલ. પ્રતિયોગીઓગીતાના પરિણામ જાહેર કરવામા આવે છે. પ્રથમ - સૌ. સાંચીબેન રાઠોડ (સંભાજીનગર), દ્વિતિય - સૌ. ભાવનાબેન ચૌહાણ(સંભાજીનગર), તૃતિય - રશ્મીબેન તુષારભાઈ ચૌહાણ (શ્રીરામપૂર).

## હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ




હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ દ્વારા પવિત્ર પુરૂષોત્તમ માસમાં તા. ૨૨-૦૬-૨૦૨૩, શનિવારના નદી સ્નાન માટે કૃષ્ણા નદી વિજયવાડા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રેન દ્વારા તા. ૨૧-૦૬-૨૦૨૩, શુક્રવારના સિકંદરાબાદ થી વિજયવાડા પ્રસ્થાન કર્યું. તા. ૨૨ના વિજયવાડા પહોંચી ગુજરાતી સમાજવાડીમાં ચા-નાસ્તો અને ફરાળ પછી સર્વપ્રથમ કૃષ્ણા નદીમાં સ્નાન કર્યું. પછી મંગલાગીરી મંદિર, કનકદુર્ગા મંદિરના દર્શન કર્યા. પાછા રાત્રીના ટ્રેનમાં વિજયવાડા થી સિકંદરાબાદ આવ્યા. ૩૦ બહેનો એ આ યાત્રામાં હાજરી આપી હતી. કાઠાગોર પૂજન અને ભજન કર્યા. મહિલા મંડળ કમીટી મેમ્બર સંગીતાબેન એ. સોલંકી, શીલાબેન આર. ચૌહાણ, મંજુબેન સોલંકી, મનિષાબેન ખોડિયાર, રક્ષાબેન ટી. ટાંક, વનિતાબેન, ગીતાબેન ચાવડા, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી હર્ષાબેન એમ. સોલંકી બધાએ મળીને યાત્રાનું આયોજન ખુબ સારી રીતે સંભાળ્યું હતું.

## જબલપુર મહિલા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહિલા મંડળ જબલપુર દ્વારા અધ્યક્ષ શ્રીમતી ચંચલબેન યાદવ અને મંત્રી શ્રીમતી સોનિયાબેન પરમારની દેખરેખમાં તા. ૯-૯ના સમાજમાં મટકી ફોડ અને ઇકો ફ્રેન્ડલી ગણપતિજી બનાવો પ્રતિયોગીતા રાખવામાં આવી હતી. જેમાં બચ્ચા પાર્ટીએ ભાગ લીધો હતો.





કાર્યક્રમનો પ્રારંભ પ્રભુ પ્રાર્થનાથી કરવામાં આવ્યો હતો. ગણપતિજી બનાવો પ્રતિયોગીતાના બે ગ્રુપ હતા. ગ્રુપ-૧ના વિનર હતા ભવ્યા પરમાર અને તેજલ ચૌહાણ અને ગ્રુપ-૨ના વિનર હતા રૂપલ પરમાર અને આરતી ચૌહાણ.

આ સાથે જ નાના નાના કાનુડા અને રાધા સાથે મટકી ફોડ કાર્યક્રમ પણ કરવામાં આવ્યો હતો. બચ્ચા પાર્ટી કાનુડાની વેશભૂષામાં ખુબજ મન મોહ્યું હતું. ત્યાર બાદ બધાએ હાઉઝી રમાડી અને સ્વલ્પાહાર પછી મહિલા મંડળ પ્રમુખ ચંચલબેન યાદવએ આભાર  પ્રદર્શન કર્યું હતું. સમાજના વડીલ ચિત્રાબેન ખોડિયાર, મહાકૌશલ પ્રમુખ દીપીકાબેન રાઠોડ, નીતાબેન વેગડ, મંત્રી સોનિયા પરમાર, રૂપલબેન, તૃપ્તિબેન, ચેતનાબેન, હિનાબેન, પારૂલબેન, આરતીબેન, લીનાબેન, યામિનીબેન વગેરેનો ખુબ સહયોગ મળ્યો હતો. લીનાબેન મનસુખભાઇ ચૌહાણ અને નિશા દયારામભાઇ રાઠોડ દ્વારા સહયોગ રાશી આપવામાં આવી હતી.

## ભુજ મહિલા મંડળ



શ્રી ક.ગુ.ક્ષ. મહિલા મંડળ ભુજ દ્વારા રીધમ યોગ સાધના મંડળના સહયોગથી ઓરો પરિક્ષણ અને માર્ગદર્શન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. મંડળના સંચાલક ડૉ. રમેશભાઇ વરૂ સાથે ભુજ ઘટકના પ્રમુખ ડૉ. દેવેન્દ્ર પરમાર, અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ અમિતાબેન સોલંકી, મહાસભાના ઉપપ્રમુખ વિનોદભાઇ ચૌહાણ, ભુજ મહિલા મંડળના પ્રમુખ રીટાબેન ચૌહાણ, યુવા મંડળના પ્રમુખ સ્નેહલ પરમાર તથા ભુજ બોર્ડીંગના પ્રમુખ દિપકભાઇ ચૌહાણે દીપ પ્રાગટ્ય કરેલ હતું. ઓરો પરિક્ષણએ વ્યક્તિના વ્યક્તિત્વની ખુબીઓ અને ખામીઓનો ચિતાર આપતું માધ્યમ હોવાનું જણાવી કેમ્પના માર્ગદર્શક અને ઓરો નિષ્ણાંત ડૉ. રમેશભાઇ વરૂએ દેશ અને વિશ્વના કેટલાક મહાન વ્યક્તિત્વોના ઓરોનો પરિચય દસ્તાવેજી માધ્યમથી આપેલ હતો. વ્યવહાર, વિચાર અને અનુભૂતિના માધ્યમથી ગમે તેવા દુષિત વાતાવરણમાં પણ પોતાનો ઓરો સુધારી જીવનમાં નિખાર લાવી શકાય છે તેમ જણાવ્યું હતું. ત્યાર બાદ કેમ્પમાં ઉપસ્થિતોનું તેમના દ્વારા ઓરો પરિક્ષણ કરવામાં આવ્યું હતું. અમિતાબેન સોલંકી અને રીટાબકેન ચૌહાણે આજના કેમ્પમાં મળેલ માર્ગદર્શન અનુસાર જીવનમાં વધુને વધુ નિખાર લાવવા પ્રયત્નશીલ રહેવા અનુરોધ કરેલ હતો.

કેમ્પનું સંચાલન અને આભારવિધી મંત્રીઓ હસ્મિતાબેન પરમાર તથા માયાબેન ચૌહાણે કરેલ હતું. રસિલાબેન સુરેશભાઇ પરમાર તરફથી પ્રસાદ આપવામાં આવેલ હતો. મીનાબેન ચૌહાણ, જ્યોતિબેન સોલંકી તથા ચંદ્રિકાબેન ટાંકએ સહયોગ આપેલ હતો.

## અંજાર મહિલા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહિલા મંડળ અંજાર ની જનરલ સામાન્ય સભા તા.૦૧/૦૯/૨૦૨૩ રવિવાર ના રોજના રોજ અંજાર સમાજ ભવનના એ.સી. હોલમાં મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી નિર્મલાબેન પ્રભુલાલભાઈ ચાવડા ના અધ્યક્ષસ્થાને રાખવામાં આવેલ જેમાં મુખ્ય મહેમાન તરીકે આ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન વિજયભાઈ સોલંકી-ભુજ, મહાસભા ના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રીવિનોદભાઈ શાંતિલાલભાઈ જેઠવા,

અંજાર ઘટકના પ્રમુખ શ્રી વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર, અ. ભા. મહિલા મહામંડળના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રીમતી પુષ્પાબેન જીવરામભાઈ ટાંક, અંજાર નગર સેવા સદન શિક્ષણ સમિતિ ના ચેરમેન શ્રી બલરામભાઈ ત્રીકમજીભાઇ જેઠવા, આ.ભા.મહિલા મહામંડળ ના મહામંત્રી - શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ - ભુજ,  અંજાર યુવા મંડળ ના પ્રમુખ શ્રીમુકેશભાઈ હરિલાલ ખોડિયાર, આ.ભા.મહિલા મહામંડળ ના સંરક્ષક શ્રીમતિ કંચનબેન શાંતિલાલ જેઠવા તેમજ



સમાજ ના અન્ય મહાનુભાવો ની ગરિમામય ઉપસ્થિતિ માં રાખવામાં આવેલ હતી.

મહેમાનો ના હસ્તે દીપ પ્રાગટ્ય કરી અને સામાન્ય સભા ની શરૂઆત કરવામાં આવેલ. મહિલા મંડળ અંજાર ની બહેનોએ સુંદર પ્રભુ પ્રાર્થના તેમજ ગાયત્રી મંત્ર નું પઠન કરી અને મીટીંગ ની શુભ શરૂઆત કરેલ. વાસુદેવ કુટુંબકમ અંતર્ગત ૧૫ વર્ષથી એક જ પરિવાર સાથે રહેતા દેરાણી જેઠાણી નું સ્વાગત અને સન્માનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો પોતાના પરિવારને એક તાંતણે બાંધી રાખી સ્વર્ગ સમાન સુખ શાંતિ આપનાર સગી બહેનોની જેમ રહી અને પોતાનું બધું જતું કરનાર સ્ત્રી કે જે આધુનિક સમાજમાં ફેલાયેલી વિભક્ત કુટુંબ પ્રથાને અટકાવવાનું કાર્ય કરવામાં તેમણે ફાળો આપ્યો છે તેવી ૧૧ જોડી દેરાણી જેઠાણી એટલે કે ૨૨ થી ૨૩ બહેનોનું મહાનુભાવોના હસ્તે ફૂલહાર તથા શાલ દ્વારા જાહેર સન્માન કરવામાં આવેલ. દેરાણી જેઠાણી ને પરિવાર, બાળકો, આરોગ્ય, સામાજિકતા, આધ્યાત્મિકતા ને લગતી પ્રશ્નોત્તરી કરી સન્માન નો પ્રત્યુત્તર મેળવલ.

દેરાણી જેઠાણીએ જણાવ્યું હતું કે જીવનમાં આવતા કડવા મીઠા અનુભવોની સાથે અમે પોતા ના સુખ દુઃખ એકબીજા ના સાથે શેર કરી જતું કરવાની ભાવના, જિંદગીના તડકા છાયા, પરસ્પર એકબીજાની લાગણી, પ્રેમથી જિંદગી જીવીએ છીએ એવા અનુભવો વર્ણવ્યા હતા. અને ખુશી થી સૌની આંખ માં હર્ષના આંસુ આવી ગયા હતા. ત્યારબાદ સમાજના મહાનુભાવો અમિતાબેન સોલંકી,રીટાબેન ચૌહાણ, ઈલાબેન ચાવડા,પુષ્પાબેન ટાંક, કંચનબેન જેઠવા, મીનાબેન વેગડ, વિનોદભાઈ ખોડીયાર, બલરામભાઈ જેઠવા, નિર્મળાબેન ચાવડા સર્વે મહાનુભાવશ્રીઓ એ પોતાના વ્યક્તવ્ય આપતા જણાવેલ કે અંજાર મહિલા મંડળ ની સમગ્ર ટીમ અને તેમના પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ચાવડા અભિનંદન ને પાત્ર છે અને કહ્યું હતું કે આ એક ખૂબ જ સામાજિકતાનો પ્રશ્ન છે એને આખા સમાજ લેવલે વાચા આપવા માટે અંજાર મહિલા મંડળે એક પ્રેરણા રૂપ કાર્યક્રમ કરી અને એક સારું ઉદાહરણ પૂરું પાડેલ છે આજે સમાજમાં સંયુક્ત કુટુંબની ખૂબ જ જરૂરિયાત રહે છે અને તેનાથી સમાજ સંગઠન સમાજ ભાવના એકતા અનુરૂપતા જળવાઈ રહે છે તેવું કાર્ય મહિલા મંડળ અંજાર એ કરેલ છે સૌ હોદેદારશ્રીઓ એ અભિનંદન આપેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહામંત્રી શ્રીમતી વંદનાબેન વિનોદભાઈ ખોડિયાર તથા તૃપ્તિબેન જી. પરમાર એ કર્યું હતું કાર્યક્રમને સહયોગી આપનાર બહેનો સવિતાબેન ચૌહાણ,હંસાબેન ટાંક, કુંદનબેન જેઠવા, જયશ્રીબેન જેઠવા, ગૌરીબેન જેઠવા, સંગીતાબેન રાઠોડ, ગીતાબેન ટાંક ,મુક્તાબેન પઢીયાર, પ્રવિણાબેન ટાંક, ભારતીબેન એન.વેગડ, માયાબેન વાઢેર, હંસાબેન જેઠવા, પ્રવિણાબેન જેઠવા, વર્ષાબેન રાઠોડ, ચાંદુબેન ખોડિયાર,મધુબેન રાઠોડ, દીપાબેન જેઠવા, માધુવીબેન જેઠવા, પ્રતિમાબેન જેઠવા, દિવ્યાબેન ચાવડા, મંજુલાબેન રાઠોડ, ઉષાબેન રાઠોડ, ક્રિષ્નાબેન તેમજ અન્ય નામી અનામી બહેનોએ સહયોગ આપેલ હતો. કાર્યક્રમને અંતે અલ્પાહાર લઈ અને છુટા પડેલ.

## રાઉરકેલા મહિલા મંડળ



ગત તા. ૧૧-૯-૨૦૨૩, સોમવારના રોજ રાઉરકેલા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી સોનલબેન દિનેશભાઇ પરમારના પ્રમુખપણા હેઠળ રાઉરકેલા સમાજ ભવનમાં શ્રાવણ માસ નિમિત્તે સમુહ રૂદ્રાભિષયેક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. રૂદ્રાભિષેક કાર્યક્રમ શ્રી નવિનભાઇ જોષી દ્વારા કરાવવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા અ.ભા.મ. મહામંડળના



પૂર્વ પ્રમુખ અને રાઉરેકલા મ.મંડળના સલાહ શ્રીમતી પ્રતિમાબેન ભુપેન્દ્રભાઇ પરમાર, અ.ભા.મ.મહામંડળ શિક્ષણ સમિતિ પ્રમુખ શ્રીમતી ભૂમિકાબેન નિતિનભાઇ વરૂ, મ.મંડળના માજી પ્રમુખ શ્રીમતી આશાબેન રાજેશભાઇ પરમાર, મ.મંડળ પ્રમુખ શ્રીમતી સોનલબેન દિનેશભાઇ પરમાર, મંત્રી શ્રીમતી અનિતાબેન હરીભાઇ ટાંક, રમત-ગમત મંત્રી શ્રીમતી ગ્રીષ્માબેન ધર્મેશભાઇ પરમાર, કોષાધ્યક્ષ શ્રીમતી ભૂમિકાબેન પ્રતિશભાઇ ચાવડા અને કારોબારી સભ્ય શ્રીમતી શીતલબેન દેવેન્દ્રભાઇ રાઠોડએ સાથ-સહકાર આપેલ હતો. રૂદ્રાભિષચેક પૂજા અને ભજન-કિર્તન બાદ સર્વે પ્રસાદ ગ્રહણ કરી છુટા પડ્યા હતા.

## કુમ્હારી મહિલા મંડળ



કુમ્હારી ઘટકના આંગણે તા. ૧૨-૦૮-૨૦૨૩ના પવિત્ર પુરૂષોત્તમ માસના અવસરે સામુહિક એકાદશી મંડળ ભરવાનો કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં ૯-૧૦ પરિવાર તથા મહિલા મંડળની સર્વે બહેનો પૂજામાં ભાગ લીધો હતો. મંડળ પૂજા શ્રી પ્રકાશ મહારાજ દ્વારા ખુબ ધૂમધામથી આનંદ-ઉત્સાહ સાથે કરાવવામાં આવેલ. પૂજા-અર્ચના બાદ બપોરે ફળાહાર તથા સાંજે ભજન કીર્તન કરી ઉથાપન કરવામાં આવેલ. આ ભક્તિમય કાર્યક્રમમાં મહિલા મંડળની સર્વે બહેનોના વિશેષ સહયોગથી કાર્યક્રમ આનંદમય તથા યાદગાર બનેલ. આ કાર્યક્રમ મહિલા મંડળ, ઘટક તથા યુવા મંડળ ત્રણે પાંખોના સહયોગથી સફળ થયો હતો.

## મુંબઇ મહિલા મંડળ (પશ્ચિમ)

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મુંબઇ મહિલા મંડળ દ્વારા જુન મહિનાથી નવી પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી હતી. દાદર સ્થિત આદ. હરીબેન ચૌહાણ દ્વારા પવિત્ર અધિક મહિના નિમિત્તે રોજ સવારે ભાગવત રહસ્ય પર અલૌકીક વાર્તાલાપ નિયમિત રૂપે કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી રૂપે બહેનોએ સૂર્ય નમસ્કાર કરી તેના ફાયદાઓ વિશે જાણકારી આપી હતી. જુલાઇ મહિનાથી દર મંગળવાર અને



ગુરૂવારના દાદર સ્થિત હરીબેન ચૌહાણ દ્વારા ''રસોડું એજ આપણું દવાખાનું'' અંતર્ગત આપણા રસોડામાંથી મળી આવતી સમગ્રી વિશે જાણકારી આપવામાં આવે છે. વર્ષાઋતુને ઉજવવા ''વરસાદની રમઝટ'' અંતર્ગત દર રવિવારે, બાળકો અને દર સોમવારે બહેનો, પોતે લીધેલ વરસાદના આનંદ વિશે ફોટા અને જાણકારી આપે છે.

## રાયપુર મહિલા મંડળ



પવિત્ર પુરૂષોત્તમ માસમાં રાયપુર મહિલા મંડળ દ્વારા ધાર્મિક સ્થળ હરિદ્વાર યાત્રાનું આયોજન કરવામાં આવેલ. આ



યાત્રાનું શુભારંભ ૧૦ ઓગષ્ટ થી ૨૦ ઓગષ્ટ ૧૦ દિવસનું રાખવામાં આવેલ. આ યાત્રામાં મહારાજશ્રી અંકિત દવે સાથે ૩૫ ભાઇઓ-બહેનો જોડાયેલ હતા. ત્યાં માં ગંગાના પાવન ધરા પર ગંગા સ્નાન પ્રતિદિન ગોરમાની પૂજા વિષ્ણુ-લક્ષ્મી માંની પૂજા, મંડલ પૂજા, સત્યનારાયણ ભગવાનની કથા, મહાદેવજીનું રૂદ્રાભિષેક અને માં ગંગાજીની ચુંદડી મનોરથનું બધા શ્રદ્ધાળુઓએ પુષ્પ લાભ લીધેલ. આ સાથે કથાકાર શ્રી તેજસભાઇજી ભાગવત કથામાં પણ શ્રી ભાગવત કથાનો લાભ લીધેલ. અમાસના દિવસે હરકી પૌડીમાં ગંગા સ્નાન પિતૃ પૂજા કરી ગંગા માતાની આરતીનો લાભ મેળવેલ. આખરી દિવસે બધા મળી સંત ભોજન કરાવેલ. બધા બહેનોના સાથ-સહકારથી આ આયોજન ખુબજ સફળ થયેલ અને બધાએ ખુબજ આનંદ લીધેલ.



## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ

# યુવા મંચ




**પ્રમુખ : અ.ભા. યુવા મહામંડળ**
**શ્રી તૃષાર મોહનભાઈ ચૌહાણ**
4, આનંદપાર્ક સોસાયટી, મયુર સોસાયટીની બાજુમાં
વૃંદાવન ક્રોસ રોડ, વાઘોડીયા રોડ,
વડોદરા (ગુજરાત) મો. 9426591239

**મહામંત્રી : અ.ભા. યુવા મહામંડળ**
**શ્રી અનમોલ મહેન્દ્રભાઈ ટાંક**
એલ.આઈ.જી. ૨૮, લાયનનગર, પહાડ મંદિર રોડ,
રાયગઢ (છ.ગ.) ૪૯૬૦૦૧ મો. 9685469888,
E-mail : kgkyuvamahamandal@gmail.com

Facebook - https://www.facebook.com/KGKYUVAMAHAMANDAL, Instagram - @akhil_bhartiya_yuva_mahamandal




## શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ

# વાર્ષિક અધિવેશન - રાયપુર (છ.ગ.)

### કાર્યવાહક સમિતિ સભાની સૂચના

પ્રતિ,

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળના હોદ્દેદારશ્રીઓ, સભ્યશ્રીઓ, કાર્યવાહક સમિતિના સર્વે સન્માનનીય સભ્યશ્રીઓ...

જય સમાજ સહ નિવેદન કે યુવા મહામંડળની કાર્યવાહક સમિતિની બેઠક છત્તીસગઢ પ્રાદેશિક અંતર્ગત આવતા રાયપુર ઘટકના સ્નેહમય આમંત્રણથી નિમ્નલિખિત સમય અને સ્થળે યુવા મહામંડળ પ્રમુખ શ્રી તૃષારભાઇ મોહનભાઇ ચૌહાણના અધ્યક્ષ સ્થાને આયોજીત કરવામાં આવેલ છે. જેમાં આપ સૌ મહાનુભાવશ્રીઓ અનિવાર્યપણે ઉપસ્થિત રહી સમાજના યુવાનોના ઉત્કર્ષમાં પોતાનું બહુમુલ્ય યોગદાન આપવા આમંત્રણ છે.

**તા. ૨૩/૧૨/૨૦૨૩, શનિવાર,**

**સમય : સવારે ૧૧.૩૦ થી ૧.૩૦ કલાક**

**સ્થળ : શ્રી મારુતિ મંગલમ ભવન, રાયપુર (છત્તીસગઢ)**

**:: કાર્યસૂચી ::**

★ દીપ પ્રાગટ્ય
★ પ્રભુ પ્રાર્થના
★ સ્વાગત
★ શ્રદ્ધાંજલિ
★ ગત સભાની કાર્યવાહીનું વાંચન અને બહાલી
★ યુવા મહામંડળ પ્રમુખ શ્રી તૃષારભાઇ મોહનભાઇ ચૌહાણનું ઉદ્દબોધન
★ અખિલ ભારતીય યુવા મહામંડળના હોદ્દેદારોના અહેવાલ
★ યુવા ઉત્કર્ષના કાર્યો માટે ચર્ચા-વિચારણા
★ સત્ર ૨૦૨૪-૨૦૨૬ માટે આવેલ પ્રસ્તાવો ઉપર ચર્ચા અને નિર્ણય
★ ઉપસંહાર

નોંધ : જે કોઇ યુવાન પોતાના સુઝાવ મોકલવા ઇચ્છતા હોય તેમને વિનંતી કે, તા. ૩૦-૧૧-૨૦૨૩ સુધી **મહામંત્રી શ્રી અનમોલ મહેન્દ્રભાઇ ટાંક**ને kgkyuvamahamandal@gmail.com પર ઇ-મેલ કરી આપે.

**વિનિત : અનમોલભાઇ એમ. ટાંક**

**મહામંત્રીશ્રી – મો. ૯૬૮૫૪૬૯૮૮૮**

## શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ

# વાર્ષિક અધિવેશન - રાયપુર (છ.ગ.)

### સત્ર ૨૦૨૪-૨૦૨૬ પ્રમુખ પદ પ્રસ્તાવ માટે સૂચન

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળની આ ૨૦૨૧-૨૦૨૩ સત્ર હવે પુરૂં થવા જઇ રહ્યું છે. આગામી ૨૦૨૪-૨૦૨૬ સત્ર માટે પ્રમુખની પસંદગી કરવાની થાય છે. જે યુવા ભાઇ-બહેનને પ્રમુખ બનવાની ઇચ્છા હોય તે યુવાએ તેમનું નામ પ્રમુખશ્રી/મહામંત્રીશ્રીને ફોન કરી નીચે જણાવેલ ઇ-મેલ આઇડી પર મોકલવાનું રહેશે.

**ખાસ નોંધ :** જે યુવા ભાઇ-બહેનને પ્રમુખ બનવાની ઇચ્છા હોય તે યુવા ભાઇ-બહેન પહેલા પોતાના ઘટકના યુવા પ્રમુખને વિશ્વાસમાં લઇને નામ નોંધાવે એ ઇચ્છનીય છે. જે તે ઘટકના યુવા મંડળના લેટરહેડથી જે તે યુવા ભાઇના નામનો પ્રસ્તાવ મુકાય તે ઇચ્છનીય છે.

પ્રસ્તાવ kgkyuvamahamandal@gmail.com મેલ આઇડી ઉપર મેલ કરવાનું રહેશે, અન્ય કોઇપણ માધ્યમથી પ્રસ્તાવ સ્વીકાર કરવામાં નહીં આવે. **પ્રસ્તાવ મોકલવાની છેલ્લી તારીખ 30 ઓક્ટોબર રહેશે.**

### વિશેષ સન્માન માહિતી

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા વિશેષ સન્માન સમિતિ દ્વારા સત્રના અંતિમ અધિવેશન દરમ્યાન પ્રોત્સાહન રૂપે અખિલ ભારતીય યુવા મહામંડળ અંતર્ગત આવતા યુવા પ્રાદેશિક સમિતિ તેમજ યુવા મંડળ જેઓ તેમના કાર્યકાળ દરમ્યાન વિશેષ સામાજિક કાર્ય સંપન્ન કરી યુવા ઉત્કર્ષનાં કાર્યો કર્યા છે તેમને વિશેષ સન્માન કરવામાં આવશે.

યુવા પ્રાદેશિક સમિતિ તેમજ યુવા મંડળથી વિનંતી કે સત્ર ૨૦૨૧-૨૦૨૩ દરમ્યાન આયોજીત કાર્યક્રમોની જાણકારી વિગતવાર આપશે સાથે ફોટો સંલગ્ન કરવાનું રહેશે. સમગ્ર જાણકારી ફોટોની પીડીએફ ફાઇલ બનાવીને નીચે આપેઇ ઇ-મેલ આઇડીમાં મોકલવાનું રહેશે.

**નોંધ :** (૧) વિગતવાર જાણકારી ફોટો સાથે તા. ૩૦-૧૦-૨૦૨૩ સુધી મેલ કરવાનું રહેશે. તા. ૩૦-૧૦-૨૦૨૩ બાદ આવેલ પ્રારૂપ ઉપર ચર્ચા કરવામાં નહીં આવે.

(૨) સમગ્ર જાણકારી ફોટો સમેટ વ્યવસ્થિત રૂપે પીડીએફ ફાઇલ બનાવી યુવા મંડળ/ પ્રાદેશિક યુવા સમિતિના લેટરહેડમાં મોકલવા જરૂરી છે.

(૩) સન્માન માટે સમિતિનો નિર્ણય અંતિમ રહેશે.

**પ્રમુખશ્રી – તૃષારભાઇ એમ. ચૌહાણ – મો. ૯૪૨૬૫૯૧૨૩૯**

**મહામંત્રીશ્રી – અનમોલભાઇ એમ. ટાંક – મો. ૯૬૮૫૪૬૯૮૮૮**

**ટીમ અખિલ ભારતીય યુવા મહામંડળ**

## વડોદરા યુવા મંડળ




શ્રી ક.ગુ.ક્ષ. સમાજ વડોદરા યુવા મંડળ દ્વારા કોવિડના ત્રણ વર્ષ બાદ આ વર્ષે તા. ૩ સપ્ટેમ્બર રવિવારના રોજ વડોદરાથી આશરે ૧૪૦ કી.મી. અંતર પર આવેલ મધ્ય ગુજરાતના દાહોદ જિલ્લામાં સ્થિત રતનમહાલ (રીંછ અભ્યારણ) વનડે પિકનીકનું આયોજન કરવામાં આવેલ હતું. આ પિકનીકમાં વડોદરા ઘટક સમાજના આશરે ૫૦ યુવા ભાઇ-બહેનો સાથે બાળકો ખુબજ ઉત્સાહભેર જોડાયા હતા. વહેલી સવારે ૫:૧૫ વાગે સમાજ ભવનથી બસ ઉપડી હતી. નળધા કેમ્પ સાઇટ પર પહોંચીને સવારનો ચા-નાસ્તો કરી ગાઇડ સાથે આશરે ૩/૪ કિ.મી.નું ટ્રેકીંગ કરીને ધોધ પાસે પહોંચ્યા હતા.

સૌએ ધોધની મજા માણી આશરે બે વાગે પરત કેમ્પ પર આવી સ્વાદિષ્ટ ભોજન લીધું હતું. ત્યાર બાદ જંગલ સફારીનો આનંદ માણીને સનસેટ પોઇન્ટ તરફ જવા રવાના થયા હતા. ત્યાં પહોંચીને યુવા મંડળના સલાહકાર શ્રી પુજનભાઇ રાઠોડે મનોરંજન માટે સૌને ગેમ રમાડી વિજેતાને કેશ પ્રાઇઝ આપ્યા હતા. ત્યાર બાદ સાંજે ૫.૩૦ વાગે વડોદરા તરફ પરત આવ્યા હતા. સૌએ મધ્ય રસ્તે રાત્રી ભોજન લઇ ૧૦.૩૦ વાગે સમાજ ભવન પરત આવ્યા હતા. પ્રવાસનું સફળ આયોજન કરવા બદલ યુવા મંડળના પ્રમુખ શ્રી નિરવભાઇ ચૌહાણે યુવા મંડળના કારોબારી સભ્યો સાથે સલાહકાર સભ્યોના સાથ-સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

સાથે સાથે પ્રવાસમાં જોડાવા બદલ સર્વે યુવા ભાઇ-બહેનોનો મંત્રી શ્રી હર્ષભાઇ ટાંકે આભાર વ્યક્ત કર્યો હતો અને ભવિષ્યમાં પણ યુવા મંડળને આવો જ સાથ-સહકાર મળતો રહેશે એવી આશા વ્યક્ત કરી હતી. પ્રવાસમાં જોડાયેલ સર્વે ભાઇ-બહેનોએ સુંદર પિકનીકનું આયોજન કરવા બદલ યુવા મંડળ ટીમને શુભકામના પાઠવી હતી.

## માધાપર યુવા મંડળ





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ યુવા મંડળ માધાપર દ્વારા જય સીયારામ કપ-૨૦૨૩નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં બોક્સ ક્રિકેટ રમાડવામાં આવેલ હતી. જેનું આયોજન તા. ૧૪-૦૭-૨૦૨૩ થી ૧૬-૦૭-૨૦૨૩ રાત્રે ૭.૦૦ વાગ્યાથી ૧૨.૦૦ વાગ્યા સુધી ૩ દિવસનું સફળ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં મુખ્ય સ્પોન્સર શ્રી મોહિતભાઇ વિનોદભાઇ સોલંકી રહ્યા હતા તથા અન્ય દાતાશ્રીઓ તરફથી પણ પ્રોત્સાહન આપવામાં આવેલ હતું. જેમાં ૨૩ ભાઇઓ તથા ૬ છોકરીઓની ટીમે ભાગ લીધો હતો. બોક્સ ક્રિકેટ બોક્સની અંદરના ભાગમાં ગ્રાઉન્ડ પેક કરેલું. જેમાં ટુર્નામેન્ટ રમાડવામાં આવેલ હતી. ૬ પ્લેયરની ૧ ટીમ કરીને ટોટલ ૧૭૪ ખેલાડીઓએ ભાગ લીધો હતો. પાંચ વર્ષથી કરીને ૬૫ વર્ષ સુધીનાઓએ ભાગ લીધો હતો.

જેમાં ભાઇઓમાં વિજેતા સિક્સ હિટર્સ અને ઉપ વિજેતા આઝાદ ફાઇટર રહેલી. બહેનોમાં વિજેતા લક્ષ્મીબાઇ તથા ઉપવિજેતા ટીમ દુર્ગાબાઇ રહેલીસ હતી. બહેનોમાં સર્વાધીક રન દેવાંશી દીપકભાઇ ચૌહાણ, બોસ્ટ બોલર દિવ્યાબેન હાર્દિકભાઇ રાઠોડ, બેસ્ટ વુમન નમ્રતાબેન હિરેન ચૌહાણ રહેલ હતા. ભાઇઓમાં બેસ્ટ બેટ્સમેન મેહુલ કેશવલાલ રાઠોડ, બેસ્ટ બોલર જીગ્નેશ રાજેન્દ્રભાઇ જેઠવા, મેન ઓફ ધી સીરીઝ જીતેન્દ્રભાઇ જશવંતભાઇ પરમાર રહેલા. બધાને ટ્રોફીથી સન્માનીત કરવામાં આવ્યા હતા. બોક્સ ક્રિકેટ ગ્રાઉન્ડ આપણા સમાજના યુવા મિત્ર દર્શનભાઇ મનોજભાઇ ટાંક તરફથી

બનાવવામાં આવેલ.

જેમાં આખી ટુર્નામેન્ટનું આયોજન કરેલ. યુવાઓ સંગઠીત કેવી રીતે થાય એના માટેની આ ટુર્નામેન્ટ રમાડેલી. જેમાં હાર-જીતનું મહત્વ ન રાખતા આપણો સમાજ જીતે છે એ ભાવનાથી ટુર્નામેન્ટનું આયોજન કરેલ. સમાજરત્ન શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી દ્વારા યુવા મંડળના કાર્યને બિરદાવવામાં આવેલ તથા આશીર્વચન પાઠવવામાં આવ્યા હતા. શ્રી મનોજભાઇ સોલંકી દ્વારા યુવાઓ સંગઠીત થઇ અને એકબીજાને મદદરૂપ થાય એવી સમજ આપી હતી.

મુખ્ય દાતા શ્રી મોહિતભાઇ તરફથી યુવાઓને આગળ વધવાની પ્રેરણા આપી તથા આવા પ્રોગ્રામ યુવા મંડળ હંમેશા કરે તેવી આશા સાથે તેમણે યુવા મંડળની પ્રશંસા કરી હતી. ખુબજ મોટી સંખ્યામાં ૩ દિવસ સમાજના ભાઇઓ એકત્રીત થઇ અને ટુર્નામેન્ટનો લાભ લીધો હતો. અંતમાં સર્વેને યુવા મંડળ દ્વારા આઇસ્ક્રીમ આપવામાં આવી તથા યુવા મંડળનું આયોજનમાં અધ્યક્ષ તરીકે યાજ્ઞિકભાઇ ચૌહાણ તથા કેયુરભાઇએ આયોજન કરેલ હતું તથા યુવા મંડળના દરેક કાર્યકર્તાઓએ ગ્રાઉન્ડ તૈયાર કરાવવામાં તથા અમ્પાયરીંગ, કોમેન્ટ્રી અને સ્કોરર તરીકેની ફરજ બજાવી હતી. યુવા મંડળના પ્રમુખ ભરતભાઇ રાઠોડ તથા પરાગભાઇ ચાવડા દ્વારા ઇનામ વિતરણનું સમગ્ર આયોજન હાથ ધરવામાં આવેલ. અંતમાં પરાગભાઇ ચાવડાએ આભારવિધી કરી હતી.

## ગાંધીધામ યુવા મંડળ

નિતિનભાઇ પરમાર, પ્રવિણભાઇ ચૌહાણ, કિશનભાઇ વરૂ, અરૂણભાઇ ચૌ!ાણ, રસીકભાઇ પરમાર, કિશોરભાઇ રાઠોડ




તા. ૧૫-૦૮-૨૦૨૩ના રોજ ગાંધીધામ ઘટકની સામાન્ય સભામાં યુવા મંડળની જુની ટર્મ પૂર્ણ થતાં નવી ટર્મ ૨૦૨૩ થી ૨૦૨૬ માટે નવા યુવા મંડળનાં પ્રમુખની નિમણુંક થઇ જેમાં કપિલભાઇ અરૂણભાઇ ચૌહાણની યુવા મંડળના પ્રમુખ પદે સર્વાનુમતે નિયુક્તી થયેલ જે સાથે જન્માષ્ટમી નિમિત્તે પહેલો પ્રોગ્રામની જાહેરાત કરેલ.

તા. ૦૭-૦૯-૨૦૨૩ના રોજ સમાજ ભવન મધ્યે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરેલ જેમાં ગાંધીધામ સાર્વજનિક ટ્રસ્ટ, ગાંધીધામ ઘટક, ગાંધીધામ મહિલા મંડળનાં સહકાર અને રાજયોગથી દાંડીયારાસ, અલ્પાહાર, મટકી ફોડ તથા શ્રી કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી પહેલી વખત હર્ષોલ્લાસ સાથે સર્વ ગાંધીધામ સમાજબંધુઓની ઉપસ્થિતિની સાથે કરવામાં આવી. જેમાં ગાંધીધામ સાર્વજનકી ટ્રસ્ટ, ગાંધીધામ ઘટક, ગાંધીધામ મહિલા મંડળનાં પ્રમુખોને સાલ ઓઢાડી યુવા મંડળ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું સાથે શ્રી કૃષ્ણ જન્મોત્સવની ઉજવણીમાં સહયોગી દાતાશ્રી ગાંધીધામ ઘટક, મનોજભાઇ વેગડ, શાબ્દીક આભાર માનવામાં આવેલ. ત્યાર બાદ ગાંધીધામ સાર્વજનિક ટ્રસ્ટના પ્રમુખ શ્રી મનોજભાઇ વેગડ, ગાંધીધામ ઘટકના પ્રમુખ શ્રી નીતીનભાઇ પરમાર, ગાંધીધામ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી મોનાબેન પરમાર દ્વારા પ્રોગ્રામને અનુરૂપ ખુશી સાથે યુવા મંડળનાં પ્રમુખ શ્રી કપીલભાઇ અરૂણભાઇ ચૌહાણનું ત્રણે પાંખ દ્વારા સન્માન કરવામાં આવેલ અને ત્રણે પ્રમુખશ્રીઓ દ્વારા આવા આયોજનો યુવા મંડળ દ્વારા થતાં રહે તે માટે તેમનો સાથ-સહકાર હંમેશા રહેશે તેવું આશ્વાસન આપવામાં આવેલ.

શ્રી કૃષ્ણ જન્મોત્સવની ઉજવણીના આ પ્રોગ્રામને સફળ બનાવવામાં યુવા મંડળના પ્રમુખ શ્રી કપિલભાઇ ચૌહાણ, નિકુંજભાઇ ચાવડા, જયેશભાઇ પરમાર, રીતેશભાઇ રાઠોડ, ભરતભાઇ ચાવડા, મનીષભાઇ વાઘેલા, સચિનભાઇ ચાવડા, અંશભાઇ વાઢેર, પ્રફુલભાઇ ચૌહાણ, નિપુલભાઇ ખોડિયાર, વત્સલ રાઠોડ, ચેતનભાઇ ટાંક, સુનિતાબેન ટાંક, રીટાબેન રાઠોડ, ધરતીબેન ટાંક તથા દેવ્યાનીબેન ચૌહાણનો સાથ-સહકાર મળ્યો હતો.

# અંજાર યુવા મંડળ

આ ધાર્મિક આયોજનના મહાયજ્ઞમા નાના બાળકો માટે કાનુડા હરીફાઈ તેમજ ભાઈઓ બહેનો માટે મટકીફોડ હરીફાઈ સાથે ૫૦ જેટલાં ભગવાનનુ રૂપ કહી શકાય એવા ભૂલકાઓ




શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય(મિસ્ત્રી) સમાજ અંજાર પ્રેરિત - મહિલા મંડળ સહકારીત - યુવા મંડળ આયોજીત જન્માષ્ટમી મહોત્સવ કાર્યક્રમ - ૨૦૨૩ નુ આયોજન તારીખ - ૦૭/૦૯/૨૦૨૩ ગુરુવારના રોજ ૯:૩૦ કલાકથી સમાજભવન અંજાર મધ્યે યોજવામાં આવેલ હતો.

આ ધાર્મિક મહાયજ્ઞમા સમાજના ૫૦૦ થી વધૂ સમાજબંધુશ્રીઓ તેમજ ઘટક પ્રમુખશ્રી વિનોદભાઈ એમ. ખોડિયાર- મહિલા મંડળ પ્રમુખશ્રી નિર્મળાબેન પી.ચાવડા- યુવા મંડળ પ્રમુખશ્રી મુકેશભાઈ એચ.ખોડિયાર તેમજ ત્રણે પાંખ હોદેદારશ્રીઓની ઉપસ્થિતિ સાથે ભક્તિમય વાતાવરણમા મિસ્ત્રી ફળીયાથી ઢોલીના તાલ સાથે વાજતે ગાજતે નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કીના એક સુર સાથે સમાજભવનના પ્રાંગણમા પ્રસ્થાન કરીને ઉમંગભેર ઉજવણી સાથે ધાર્મિક મહાયજ્ઞના આયોજનની શોભા વધારી હતી.

કાનુડા બની ધાર્મિક ઉજવણીમા ઉમંગભેર સહભાગી થયાં હતા રંગેચંગે ધાર્મિક ઉજવણીમા વધૂ એક પીછું ઉમેરતા સમાજના અલગ અલગ ગ્રુપો સાથે ભાઈઓ / બહેનો દ્વારા મટકી ફોડી આયોજનમા ઉમંગભેર ભાગ લઈને બને વિજેતા ગૃપને ૨૧૦૦/- રોકડા પુરસ્કાર સાથે પ્રોત્સાહિત કર્યા હતા.

આયોજનનો સંપૂર્ણ ભાર રૂપેશભાઈ ટાંક (મંત્રી યુવા મંડળ) પ્રતીકભાઈ ખોડિયાર - રોહિત જેઠવા - કિરણભાઈ વરુ - હીનેશભાઈ રાઠોડ - નીરવભાઈ પરમાર - સમગ્ર ટિમ યુવા મંડળ - સમગ્ર ટિમ મહિલા મંડળ સાથે સમગ્ર સંચાલન પરેશભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યુ હતું. આ આયોજનને સફળ બનાવા તમામ સહયોગી દાતાશ્રીઓ / સમાજબંધુશ્રીઓનો ત્રણે પાંખ વતી ખુબ ખુબ આભાર વ્યક્ત કરીયે છીએ.

# અંજાર વિદ્યાર્થી ભવન

પ્રમુખશ્રી કેળવણી મંડળ મનોજભાઈ પુરસોત્તમભાઈ સોલંકીજીની પ્રેરક પ્રેરણા એમના માર્ગદર્શન હેઠળ સાથે આ



આજરોજ શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ કેળવણી મંડળ સંચાલિત એવમ વિદ્યાર્થી ભવન અંજાર એવમ ચાણકિય એકેડમી (આણંદ) સંયુક્ત ત્રિવેણી સંગમ સાથે આયોજિત શિક્ષણ સેવાયજ્ઞના સ્પર્ધાત્મક પરીક્ષાના નિઃશુલ્ક વર્ગોનુ શુભારંભ વિદ્યાર્થી ભવન અંજાર મધ્યે દીપ પ્રાગટ્ય સાથે આ વર્ગોને વિદ્યાર્થી ભવન અંજાર મધ્યે ખુલ્લો મુકવામાં આવ્યો હતો

કાર્યક્રમમા ઉપસ્થિત ચાણકિય એકેડમીના ગુજરાતી વ્યાકરણના હોનહાર શિક્ષક જસવંતભાઈ પંચાલ - પ્રમુખશ્રી પાર્થભાઈ ચાવડા - મુકેશભાઈ ટાંક - વિનોદભાઈ ખોડિયાર - બલરામભાઈ જેઠવા- પ્રદીપભાઈ ટાંક - મુકેશભાઈ ખોડિયાર - કિશનભાઈ રાઠોડ - જીવરામભાઇ ચાવડા - ભગવાનજીભાઈ રાઠોડ - હિંમતભાઈ રાઠોડ - સંજયભાઈ પરમાર - રમેશભાઈ



ચૌહાણ - હિતેષભાઇ રાઠોડ - જીતેન્દ્રભાઈ ચાવડા - વિનોદભાઈ જેઠવા તેમજ હોદેદારશ્રીઓ / મહેમાનશ્રીઓ / વડીલશ્રીઓ ઉપસ્થિત શિક્ષણ પ્રેમી વિદ્યાર્થીઓ આ કાર્યક્રમની શોભા વધારી અમૂલ્ય સહયોગ આપી હાજર રહ્યા હતા આ કાર્યક્રમમા જસવંતભાઈ પંચાલ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન સાથે વર્ગોની માહીતી આપી હતી.

આ વર્ગોની સંપૂર્ણ વ્યવસ્થાનો ભાર આદરણીય વડીલશ્રી વિનોદભાઈ કેશવજીભાઈ પઢીયાર સાહેબની અથાગ મહેનત તેમજ કેળવણી મંડળ પ્રમુખશ્રી મનોજભાઈ સોલંકીજીના શૈક્ષણિક પ્રત્યે સુંદર વિચારો સાથે સંપૂર્ણ કાર્યક્રમની રૂપરેખાનુ સંચાલન રમેશભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યુ હતું તેમજ આ કાર્યક્રમની આભાર વિધિ મુકેશભાઈ ખોડિયાર દ્વારા કરી આ શૈક્ષણિક મહાયજ્ઞમા એકેડમીના શિક્ષકો / મહાનુભાવો / હોદેદારશ્રીઓનો આભાર વ્યક્ત કરવામા આવ્યો હતો...

# ક.ગુ.ક્ષ કન્યા છાત્રાલય-કુકમા



સમાજની દિકરીઓમાં શિક્ષણ સાથે છુપાયેલી વિવિધ પ્રતિભાઓને સ્વસ્થ સમાજ તથા મજબુત રાષ્ટ્રના નિર્માણ માટે ઉજાગર તથા પ્રોત્સાહિત કરવાના નિર્ધાર સાથે ક.ગુ.ક્ષ. કન્યા છાત્રાલય દ્વારા સંસ્થા તથા કચ્છ પ્રાદેશિકની વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવેલ હતી.

સમાજરત્ન શ્રી વિનોદભાઇ પી. સોલંકીના અધ્યક્ષ સ્થાને આયોજીત કાર્યક્રમનું તેમની સાથે અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી, મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણ, મહાસભાના ઉપપ્રમુખો બ્ર.કુ. બાબુભાઇ પરમાર, વિનોદભાઇ ચૌહાણ, વરીષ્ઠ મહામંત્રી વિનોદભાઇ ખોડિયાર, છાત્રાલયના ચેરમેન જેઠાલાલભાઇ પરમાર, ઉપપ્રમુખ પ્રભુલાલભાઇ પરમાર, કોષાધ્યક્ષ અનિલભાઇ ચૌહાણ, માનદ્ વ્યવસ્થાપકો મોહનભાઇ ચૌહાણ તથા શ્રીમતી અનસુયાબેન પરમારે દીપ પ્રાગટ્ય કરેલ હતું.

ત્યાર બાદ દાતાશ્રી સ્વ. પુરૂષોત્તમભાઇ ડી. સોલંકી, નૌતમભાઇ વાઢેર, સ્વ. રામજીભાઇ અર્જુનભાઇ ટાંક, કાંતિલાલ રામજીભાઇ પરમાર, સ્વ. કેશવજીભાઇ રામજીભાઇ જેઠવા, સ્વ. નાનજીભાઇ બી. ચૌહાણ તથા પ્રફુલ્લભાઇ કર્મસિંહભાઇ ટાંક તરફથી ધો.૫થી ઉચ્ચ અભ્યાસમાં શ્રેષ્ઠ ટકાવારી લાવનાર કન્યાઓનું સન્માન કરવામાં આવેલ હતું.



બ્ર.કુ. બાબુભાઇ પરમાર, અમૃતલાલભાઇ દેવસીભાઇ પરમાર, કલાબેન પ્રભુલાલ પરમાર, કનકસિંહ હીરજીભાઇ પઢિઆર, ગુણવંતીબને જેઠાલાલ પરમાર તથા સીનીયર સીટીઝન ક્લબ તરફથી રોકડ, સ્કુલબેગ, પેન તથા નોટબુકની ભેટ આપવામાં આવેલ હતી. સંસ્થાના પ્રમુ અને ક.ગુ.ક્ષ. સમાજના સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકીનું મહાસભા કાર્યાલય માટે રૂા. ૧૧ લાખનું દાન આપવા બદલ સન્માન કરવામાં આવેલ હતું. છાત્રાલયમાં સોલાર પેનલ અને અન્ય સહયોગ માટે વિનોદભાઇ સોલંકીના મુખ્ય સહયોગ અને દાતાઓ અરૂણભાઇ રણછોડ પરમાર રૂા. ૨૧૦૦૦/-, કિરીટભાઇ પુરૂષોત્તમભાઇ પરમાર - રૂા. ૧૧૦૦૦, ગોદાવરીબેન ખોડિયાર - રૂા. ૧૧૦૦૦ તથા અન્ય દાતાઓના પુરક સહયોગથી રૂા. ૩ લાખ જેટલું દાન નોંધાયું હતું. ત્યાર બાદ યોજાયેલ સામાન્ય સભામાં વહીવટી કાર્યોની ચર્ચા ઉપરાંત સંસ્થાની સ્થાપનાને ૩૦ વર્ષ પુરા થતાં મોતી મહોત્સવના આયોજનનો નિર્ણય લેવાયો હતો. પ્રાસંગીક પ્રવચનમાં વિનોદભાઇ, અમિતાબેન, જેઠાલાલભાઇ તથા બ્ર.કુ. બાબુભાઇએ સમાજની છાત્રાઓને અભિનંદન આપી શિક્ષણ ક્ષેત્રે મદદરૂપ બનવામાં સમાજ ક્યરેય પાછી પાની નહીં કરે તેવી લાગણી વ્યક્ત કરી હતી. કાર્યક્રમનું સંચાલન તથા આભારદર્શન મંત્રી રમેશચંદ્ર આર. ચૌહાણે કરેલ હતું.

## સમાજ ગૌરવ



કુળદેવી મોમાઈમાંના આશીર્વાદ થી કુકમા ઘટકના નિવાસી કલ્પેશભાઈ પરમાર અને જાગૃતિબેન પરમારની સુપુત્રી પ્રાચી પરમાર એ ધો.૧૨ ( આર્ટસ ) માં ૯૩.૪૨% માર્કસ સાથે આર્ટસ વિભાગમાં કચ્છમાં પ્રથમ સ્થાન મેળવી સમાજ, ગામ તથા પરિવારનું ગૌરવ વધાર્યું છે. આ સિધ્ધી બદલ જિલ્લા કલેક્ટરના હસ્તે મોમેન્ટો તથા સન્માનપત્રથી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. તેમને ખૂબ ખૂબ અભિનંદન સહ શુભકામના...




મૂળ હાજાપરના હાલે આદિપુર નિવાસી શ્રી દિપેશભાઇ મોહનલાલ પરમાર તથા લતાબેન પરમારના પુત્ર શ્રી અનમ પરમાર ''મણીપુર સ્પોર્ટસ કોમ્પલેક્ષ'' બોપલ - અમદાવાદમાં યોજાયેલ છઠ્ઠી ઓપન નેશનલ ગેમ્સ-૨૦૨૩માં પાંચ કી.મી. દોડમાં ભાગ લઇને સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ છે. પરમાર પરિવાર, આદીપુર ઘટક અને સમસ્ત સમાજનું ગૌરવ વધારવા બદલ અનમ પરમારને ખૂબ ખૂબ અભિનંદન... ઉતરોત્તર પ્રગતિની હાર્દિક શુભકામના...



ગળપાદર નિવાસી શ્રી દિનેશભાઇ કેશવજીભાઇ પરમાર તથા શ્રીમતી નીતાબેન દિનેશભાઇની સુપુત્રી નિરાલી પરમારે ગુજરાત સરકારની શિક્ષકની પરીક્ષા અંગ્રેજી માધ્યમ સાથે ટાટ-૧, ટાટ-૨, ટેટ-૨માં ઉચ્ચ મેરીટ સાથેની ટકાવારી ટાટ-૧માં ૧૩૦, ટેટ-૨માં ૧૦૫ અને ટાટ-૨ (પ્રિલીમ્સ)-૧૨૦ માર્કસ અંગ્રેજી માધ્યમ સાથે સફળતા સાથે પાસ કરીને પરિવાર તથા સમાજનું નામ રોશન કર્યું છે તેમને ખૂબ ખૂબ અભિનંદન... ઉતરોત્તર પ્રગતિની હાર્દિક શુભકામના...



મૂળ ગામ ખંભરા, હાલે અંજાર નિવાસી શ્રી પ્રફુલભાઇ દેવજીભાઇ ચાવડા તથા શ્રીમતી દિવ્યાબેનના પુત્ર ચિ. પ્રતિકએ અમદાવાદની એલ.ડી. એન્જીનિયરીંગ કોલેજમાં અભ્યાસ કરી બી.ઇ. ઇલેકટ્રીકલની ફાઇનલ પરીક્ષામાં ૮૦.૪૦% ડીસ્ટીંક્શન ક્લાસ સાથે પાસ કરેલ છે તે બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન સહ પ્રગતિની હાર્દિક શુભકામના...



મૂળ ગામ કુકમા ના હાલે ભુજ શ્રીમતિ ચેતનાબેન તથા શ્રી નરેશભાઇ પ્રાગજી રાઠોડ ની સુપુત્રીઓ ચિ. ઉન્નતિ રાઠોડ ઉ.વ. ૧૧ અને ચિ. મહિમા રાઠોડ ઉ.વ. ૧૩ એ વર્ષ ૨૦૨૨/૨૩ માં કરાટે ને બ્લેક બેલ્ટ ફર્સ્ટ દાનની સિદ્ધિ મેળવેલ છે આ બંને બહેનો પાંચથી સાત વર્ષની ઉંમરથી કરાટે શીખવાની શરૂઆત કરી હતી. વર્ષોની મહેનત પછી આ સિદ્ધિ હાસિલ કરી છે છે અગાઉ પણ જિલ્લા રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ કરાટે સ્પર્ધામાં ગોલ્ડ અને સિલ્વર મેડલ મેળવેલ છે. કરાટે સાથે ઉન્નતિ નરેશ રાઠોડ અખિલ ભારતીય ગંધર્વ મહાવિદ્યાલય મંડલ દ્વારા આયોજિત કથક નૃત્યની બીજા વર્ષની પરીક્ષા ફર્સ્ટ ક્લાસ સાથે પાસ કરી અને ત્રીજા વર્ષની તાલીમ લઈ રહ્યા છે અનેવર્ષ ૨૧/ ૨૨ માં સ્કેટિંગ સ્પર્ધામાં ખેલ મહાકુંભમાં સમગ્ર રાજ્યમાં પ્રથમ સ્થાન મેળવેલ હતું. કુ. મહિમા રાઠોડ ભરતનાટ્યમની ત્રીજા વર્ષની પરીક્ષા પ્રથમ વર્ગ થી પાસ કરી ચોથા વર્ષ ની તાલીમ લઈ રહ્યા છે. બંને બહેનો ને અભિનંદન તથા શુભકામનાઓ..

# શ્રી જલારામ યાત્રા સંઘ અધિક માસ યાત્રા




શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના ભાઇઓ દ્વારા આયોજીત જલારામ યાત્રા સંઘ અધીક માસ-તીર્થયાત્રા તા.૨૪/૦૭/૨૩ થી ૪/૦૮/૨૩ સુધી થઇ હતી. યાત્રામાં નિઝામાબાદ, હૈદરાબાદ, ગુલબર્ગા, બેલ્લારી,નાંદેડ, પુણે, મધ્ય અને દક્ષિણ ભારત થી  યાત્રીઓ જોડાયેલા હતા. પુરૂષોત્તમ માસમાં લગભગ ૫૦ યાત્રીયો સાથે સંપૂર્ણપણે સફળ થઈ છે.  આ પુરુષોત્તમ માસમાં પૂજા પાઠ, વ્રત ઉપવાસ, દાન ધર્મ, ધ્યાન તપ, અને ખાસ કરીને વડીલોની સેવાનું ઘણું જ મહત્વ છે.

આ યાત્રા સિકંદરાબાદ થી બરોડા અને પછી ત્યાંથી સાળંગપુર, (કષ્ટભંજન હનુમાન દેવ) રાંદલના દડવા, આટકોટ, વીરપુર, ખોડલધામ, થઈ સોમનાથજીના દર્શન કરી દ્વારકાધામ  પહોંચી હતી.  ત્યાં દ્વારકામાં દ્વારકાધીશના દર્શન કરી, બેટ-દ્વારકાના મંદિરમાં ધજા ચડાવાનું લાભ મળ્યું. પછી હનુમાન દાંડી (મકરદ્વજ મંદિર), નાગેશ્વર જ્યોતિર્લિંગના દર્શન કર્યા. એકાદશીના દિવસે, ગોમતી નદીમાં સ્નાન કરી બપોર બાદ વ્યાસપીઠ થી સતીશ મહારાજ - દુર્ગ ની મધુર વાણી માં આવો સત્સંગ મા - વ્રત નિયમનો આધ્યાત્મિક મહત્તમ પુરુષોત્તમ માસમાં દ્વારકાધીશના શરણે એકાદશીના વ્રત પૂજન અને પુરુષોત્તમ માસની મહિમાના ગુણગાન સાંભળવા મળ્યા હતા સાથે સાથે રાસ ગરબાનું પણ આયોજન સરસ મધુર સંગીત સાથે કરવામાં આવેલ. જેના માટે  સતીશ મહારાજ - દુર્ગ ના ઘણા જ આભારી.

ત્યાંથી આગળ યાત્રા માટે કચ્છમાં પ્રવેશ થયા અને ત્યાં આપણા મિસ્ત્રી સમાજના  અઢારે ૧૮ ગામના કુળદેવી/માતાજી  ના દર્શન કરી ધાણેટી ગયા હતા. ત્યાં આગળ ડગલે અને પગલે યાત્રિયોને  શ્રી કાન્તિલાલ




વિશ્રામભાઈ સોલંકી, અને શ્રી જયંતિલાલ વલમજીભાઈ વાઘેલા - માધાપરનો ઘણો જ સાથ સહકાર અને માર્ગદર્શન મળેલ જેના માટે યાત્રીઓ એમનો ખૂબ ખૂબ આભાર પ્રગટ કર્યો. અંજાર ઘટક ના પ્રમુખ શ્રી વિનોદ મોહનલાલભાઈ ખોડીયાર એ ખોડીયાર માતાજીના મંદિરમાં ચા-નાસ્તાની વ્યવસ્થા કરી અને ત્યાં યાત્રીઓને સંબોધિત કર્યા જેના માટે જલારામ યાત્રા સંઘ  આભાર પ્રગટ કરે છે. માધાપરમાં આપણા 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઇ સોલંકીથી રૂબરૂ મુલાકાત થઈ અને એમને પણ યાત્રિયોને ખૂબ ખૂબ વધાઈ આપી અને પ્રોત્સાહિત કર્યા. શ્રી હિમાંશુ નિરંજનભાઈ પરમાર-માધાપર, જસવંતભાઈ ચાવડા-ચંદિયા અને રાકેશ ભાઈ ટાંક-સિનુગ્રાનો પણ આવકાર અને સત્કાર ન ભૂલી શકાય. આમ, શ્રી જય જલારામ યાત્રા સંઘની અધિક માસની યાત્રા ખૂબ જ સફળતાપૂર્વક સંપૂર્ણ થઈ જેના માટે હર્ષ અનુભવીએ છીએ. જલારામ યાત્રા સંઘ અત્યાર સુધી ભારતના લગભગ બધાય તિર્થ સ્થળની યાત્રા કરી છે, જેમાં વારાણસી, ગંગાસાગર, જગન્નાથપુરી ધામ, રામેશ્વરમ ધામ, કેદારનાથ, બદ્રીનાથ ધામ,  કિષ્કિંધા, પંપાસરોવર, બિંદુસરોવર, અંબાજી, શ્રીનાથજી, પુષ્કર, રણુજા.... અને નેપાલમાં પશુપતિનાથ, મુક્તિનાથના દર્શનનો લાભ યાત્રીઓ લીધો હતો.

**:: જલારામ યાત્રા સંઘના આયોજક ::**

| શ્રી મનીષ ઉત્તમભાઈ ચાવડા | શ્રી વિનેશ કેશવલાલ પરમાર | શ્રી જયપ્રકાશ અમૃતલાલ ચાવડા |
|---|---|---|
| બલ્લારી - ૯૦૦૮૫૩૪૨૪૧ | નિઝામાબાદ - ૯૮૪૮૦૭૧૫૪૧ | ગોદાવરીખની - ૯૮૪૮૩૬૩૪૯૯ |

# અનંતની યાત્રાએ...



કુકમા નિવાસી શ્રીમતી શારદાબેન શાંતિલાલભાઇ પરમાર (ઉ.વ.૬૭)નું તા. ૧૭-૦૮-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



રાજનાંદગાંવ (નાગલપર) નિવાસી ગં.સ્વ. ચંપાબેન પુરૂષોત્તમભાઇ રાઠોડ (ઉ.વ.૮૭) તે ઇશ્વરભાઇ પ્રમુખશ્રી રાજનાંદગાંવ ઘટકના માતૃશ્રીનું તા. ૧૯-૦૮-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



નાગલપર નિવાસી ગં.સ્વ. જયાબેન અમૃતલાલભાઇ વરૂ (ઉ.વ.૭૫)નું તા. ૦૨-૦૯-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



અંજાર નિવાસી શ્રી કિશોરભાઇ કેશવજીભાઇ પઢિઆર (ઉ.વ.૪૪)નું તા. ૧૫-૦૯-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



નાગલપર (કુકમા) નિવાસી શ્રી મોરારભાઇ માવજીભાઇ પરમાર (ઉ.વ.૮૫)નું તા. ૨૧-૦૮-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



ચંદિયા નિવાસી શ્રી વૃજલાલભાઇ જેઠાલાલભાઇ ચાવડા (ઉ.વ.૭૦)નું તા. ૨૨-૦૮-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



માધાપર નિવાસી શ્રી કપિલભાઇ ક્રિષ્નલાલ વરૂ (ઉ.વ.૩૫)નું તા. ૦૨-૦૯-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



કુકમા (જાંબુડી) નિવાસી શ્રી ઇશ્વરલાલભાઇ માવજીભાઇ સોલંકી (ઉ.વ.૬૦)નું તા. ૦૨-૦૯-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



માધાપર (રેહા) નિવાસી શ્રી ધરમશીભાઇ નારણભાઇ ચૌહાણ (ઉ.વ.૭૦)નું તા. ૦૧-૦૯-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



માધાપર નિવાસી શ્રી જયંતિલાલ ખીમજીભાઇ ટાંક (ઉ.વ.૭૬)નું તા. ૧૩-૦૯-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



નાગલપર નિવાસી ગં.સ્વ. ઉર્મિલાબેન કેશવજીભાઇ ટાંક (ઉ.વ.૮૪)નું તા. ૧૭-૦૯-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



ગોંદિયા (રેહા) નિવાસી શ્રી નિતેશભાઇ શાંતિલાલભાઇ પરમાર (ઉ.વ.૪૩)નું તા. ૦૪-૦૯-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



બિલાસપુર (રેહા) નિવાસી શ્રી બાબુલાલભાઇ શ્યામજીભાઇ ચૌહાણ (ઉ.વ.૮૬)નું તા. ૧૫-૦૯-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



જબલપર (કુકમા) નિવાસી ગં.સ્વ. કસ્તુરીબેન મોરારજીભાઇ ચૌહાણ (ઉ.વ.૮૦)નું તા. ૧૩-૦૯-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.

# અનંતની યાત્રાએ...



રાયપુર (રેહા) નિવાસી ગં.સ્વ. કાન્તાબેન શામજીભાઇ પરમાર (ઉ.વ.૭૫)નું તા. ૧૦-૦૯-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



નાગપુર (કુંભારીયા) નિવાસી શ્રી શશીકાન્તભાઇ કેશવજીભાઇ ચાવડા (ઉ.વ.૭૩)નું તા. ૧૨-૦૯-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



અંજાર નિવાસી શ્રીમતી પુનમબેન કિશોરભાઇ ટાંક (ઉ.વ.૩૮)નું તા. ૧૨-૦૯-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



બિલાસપુર (દેવળીયા) નિવાસી શ્રીમતી ભાનુમતિબેન રસીકલાલભાઇ મારૂ (ઉ.વ.૬૫)નું તા. ૧૦-૦૯-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



રાયપુર (રેહા) નિવાસી શ્રી અનિલભાઇ લાલજીભાઇ ચૌહાણ (ઉ.વ.૬૫)નું તા. ૦૮-૦૯-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



અંજાર (ખંભરા) નિવાસી શ્રી મુકેશભાઇ મદનભાઇ ચાવડા (ઉ.વ.૪૨)નું તા. ૦૮-૦૯-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



ડોંગરગઢ (લોહારીયા) નિવાસી ગં.સ્વ. સવિતાબેન લીલાધરભાઇ ચાવડા (ઉ.વ.૮૦)નું તા. ૧૭-૦૮-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



અંજાર (ખંભરા) નિવાસી ગં.સ્વ. સવિતાબેન રમેશભાઇ રાઠોડ (ઉ.વ.૮૦)નું તા. ૧૬-૦૮-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



રાયપુર (કુકમા) નિવાસી શ્રીમતી હિનાબેન સત્યનારાયણભાઇ પરમાર (ઉ.વ.૫૫)નું તા. ૧૨-૦૯-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



રાજનાંદગાંવ (સિનુગ્રા) નિવાસી ગં.સ્વ. સરસ્વતિબેન દયાલજીભાઇ ટાંક (ઉ.વ.૮૯)નું તા. ૦૭-૦૯-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



અંજાર (સિનુગ્રા) નિવાસી શ્રી પ્રિયાંશ જયદિપભાઇ વાઢેર (ઉ.વ.૨૦)નું તા. ૧૬-૦૯-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



આદિપુર (સિનુગ્રા) નિવાસી સંદિપ શિવલાલ ટાંક (ઉ.વ.૩૭)નું તા. ૧૫-૦૯-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.

## શ્રદ્ધાંજલિ – ચક્ષુદાન



અંજાર (સિનુગ્રા) નિવાસી સ્વ. પ્રિયાંશ જગદીપભાઇ વાઢેરનું નાની વયે અકસ્માતમાં અવસાન થતાં તેમના પરિવારની ઇચ્છા અનુસાર સમગ્ર સમાજમાં ક્રાંતિકારી નિર્ણય લઇ અને તેમની હંમેશા યાદ તાજી રહે અને અન્ય પરિવારને પ્રેરણારૂપ દાખલો આપીને ચક્ષુદાન કરવામાં આવેલ અને પ્રજ્ઞાચક્ષુ ભાઇ બહેનને દ્રષ્ટિ આપવાનું વાઢેર પરિવારે મહાન કાર્ય કરેલ છે.

દાદા-દાદી : હરિલાલભાઇ - મધુબાલાબેન વાઢેર

પિતા - માતા : જયદીપભાઇ - જીજ્ઞાબેન વાઢેર

બહેન : દિવિજા તથા સમસ્ત વાઢેર પરિવાર - અંજાર

મેરેજને લગતી તમામ આઈટમ મેળવવા
માટેનું એકમાત્ર સ્થળ એટલે જ

# લગ્નસરા



- લગ્નવિધિ આઈટમ
- ડેકોરેશન
- ગીફ્ટ આઈટમ
- કરિયાવર
- આણાની આઈટમ
- લગ્ન પ્રસંગની આઈટમ વગેરે

બહાર ગામ વસતા સમાજબંધુઓને કૂરીયરથી મોકલવાની વ્યવસ્થા છે

પ્રો : રોહનભાઈ ટાંક

ટીપી-૩, ખીજડા મામા મંદિર રોડ, ખત્રી ચોક, ૧૨મી. રોડ,
અંજાર (કચ્છ) મો.નં. : 8141968106

@lagansara the weddings studio




OUR SERVICES
- ✓ FLIGHT BOOKING
- ✓ TRAIN BOOKING
- ✓ CRUISE BOOKING
- ✓ TOUR PACKAGES
- ✓ VISA SERVICES







TOUR PACKAGES

Domestic & International

Rahul Khodiyar

Contact us +91 9925949113

First floor, Office no. 12 Pooja Avenue, Pir vadi Anjar (Kutch) 370110

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા

તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.

ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઈકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.


**ફોનથી બુકીંગ કરવા માટેનો સમય :**
**સવારે** ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી, **સાંજે** ૫.૦૦ થી ૮.૦૦ સુધી
**ચેકઈન ટાઈમ :** સવારે ૧૦.૦૦, **ચેકઆઉટ ટાઈમ :** બીજા દિવસે સવારે ૧૦.૦૦

સરનામું : કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ, રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫ મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬, પ્રમુખ : ૯૯૨૪૪૧૧૮૦૭

Hemraj Damji Solanki
Ketan H. Solanki (B.Arch.)
Samir H. Solanki (B.E.)

098221 17126
098226 67940
097654 82266

**M/s. DAMJI GANGJI & Co. (Forest Contractor)**



**M/s. SAMEER TRADERS (Agencies House)**

**3rd DIMENSION (Architect & Engineers)**

D.G. Market, 1st Floor, Opp. Bus Station, Post Box No. 32, Po & Dist. NANDURBAR (M.S.) Ph. 02564 - 222365




KIA

Movement that inspires

## RATHOD KIA

**(3S-Sales, Service, Spares)**

Survey No. 916, 1496, Balitha, Vapi- 396191

TOYOTA

## RATHOD TOYOTA

**(3S-Sales, Service, Spares)**

**Vapi :** Survey No. 315/1, N.H.No.48, Balitha, Vapi.

**Navsari :** Block No. 1064, Opp. Sai Mandir Sisodra Ganesh, Navsari.







cromā

in-store | online | mobile

India's leading Consumer Durables and Electronics (CDE) retailer

## Rathod Chambers

Daman Road, Chala, Vapi- 396191

SANDY RESORT

Devka Beach, Daman - 396210

Mail : info@sandyresort.com

Website : www.sandyresort.com

Phone : 9727 223333




Late **Amritlal V. Rathod**

Nitin A. Rathod - 9898 907750
Rajen A. Rathod - 9898 907744
Ashok A. Rathod - 9898 907740
Ashish A. Rathod - 9898 907747

**Residence : Rathod House, Near Tapi complex, Udwada (RS) Dist. Valsad, Gujarat - 396 185.**



## Tanushree Chawda
### (Manglik)

| | | |
|---|---|---|
| D.O.B. | : | 25/01/1995 |
| Time of Birth | : | 07:30 am |
| Birth Place | : | Sawai - Madhopur (Rajasthan) |
| Height | : | 5'4" |
| Qualification | : | B.Com., M.Com., B.Ed. RS-CIT |
| **Father** | **:** | **Mr. Praveenbhai L. Chawda** |
| **Mother** | **:** | **Mrs. Bhawna Chawda** |
| Siblings | : | 2 Brother and 1 Sister |
| Native Place | : | Devaliya |
| Kuldevi | : | Shri Brahmani Maa and Shri Sikotar Maa |
| Gotra | : | Kashyap |
| **Mosad** | **:** | **Mr. Balram Jethalalbhai Yadav** Durg (C.G.) |
| Address | : | Plot No. 52-B, Giriraj Vihar, Gandhi Path West, Bhairavnagar, Lalarpura, Jaipur (Rajasthan) |
| Contact No. | : | 9414340584 (Father) 9462621136 (Brother-Yogesh Chawda) |



## Nitin Taunk

| | | |
|---|---|---|
| Date of Birth | : | 30/08/1998 |
| Birth Time | : | 03.30 pm |
| Birth Place | : | Bhatapara |
| Education | : | M.Com., PGDCA |
| Occupation | : | Accountant (Shree KGK Samaj Mahasabha) Own Freelancing Services of Accounting and Taxation |
| Height | : | 5Ft 6 inch |
| Complex | : | Wheatish |
| Language | : | English, Hindi & Gujarati |
| **Father** | **:** | **Umesh Keshavlal Taunk** |
| Occupation | : | Business Man |
| **Mother** | **:** | **Amita Taunk** |
| **Ygr. Sister** | **:** | **Ankita Taunk (Unmarried)** |
| Mataji | : | Brahmani Maa |
| Native Place | : | Kukma |
| Gotra | : | Shaunak |
| **Mama** | **:** | **Rakesh Hasmukhbhai Taunk** |
| Mama's Adrs. | : | Bhatapara (C.G.) |
| About My Self | : | I belong to a well-mannered family and strongly believe in Hindu Culture, Rituals & hold an open-minded personality. I am Affectionate, kind-hearted, caring, believe in hard working and creativity. |

# આઠમી વાર્ષિક શ્રદ્ધાંજલિ



સ્વ. જીવરામભાઈ
ગોપાલભાઈ પરમાર





સ્વ. જયાબેન
જીવરામભાઈ પરમાર

## સ્વ. જયસુખભાઈ જીવરામભાઈ પરમાર

દેહ વિલય : તા. ૧૨/૦૯/૨૦૧૫, મુળ ગામ : ગળપાદર, હાલ : ગાંધીધામ (કચ્છ)

*"યાદ રહેશે અમોને સદા, સદ્ સંસ્કાર તમારા, અમો સદા અગ્રેસર રહેશું, પથ પર તમારા, તમો સદા જીવંત છો, વિચારોમાં અમારા, શ્રદ્ધાસુમન અર્પિત છે ચરણોમાં તમારાં... પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અભ્યર્થના.... ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...*

**:: શોકમગ્ન પરિવારજનો ::**

સ્વ. જીવરામભાઈ ગોપાલભાઈ પરમાર - પિતા
સ્વ. જયાબેન જીવરામભાઈ પરમાર - માતા
ગં.સ્વ. ગૌરીબેન જયસુખભાઈ પરમાર - પત્ની

ચંપાબેન હરીલાલભાઈ પરમાર - ભાભી-ભાઈ
શારદાબેન ખીમજીભાઈ રાઠોડ - બહેન-બનેવી
સ્વ. લીલાબેન પરસોત્તમભાઈ ચાવડા - સારેલી-સાળા
સ્વ. ધનુબેન હેમરાજભાઈ ચાવડા - સારેલી-સાળા
નયનાબેન ભદ્રેશભાઈ પરમાર - ભત્રીજાવધુ-ભત્રીજા
હેતલબેન ભાવેશભાઈ પરમાર - પુત્રવધુ - પુત્ર
તૃપ્તીબેન કલ્પેશભાઈ પરમાર - પુત્રવધુ - પુત્ર
કાજલબેન અમિત પરમાર - દોહિત્રવધુ - દોહિત્ર
સુમીતાબેન કોમલભાઈ ટાંક - પુત્રી - જમાઈ
ધર્મિષ્ઠાબેન અશોકભાઈ ચાવડા - પુત્રી-જમાઈ
ઈલાબેન અનંતભાઈ ચાવડા - પુત્રી - જમાઈ
દીપાબેન દિનેશભાઈ ચાવડા - પુત્રી - જમાઈ
લીનાબેન ધર્મેન્દ્રભાઈ ચૌહાણ - દોહિત્રી-જમાઈ
માધવીબેન ધવલભાઈ વાઢેર - દોહિત્રી - જમાઈ
ગાર્ગીબેન દર્પણભાઈ પરમાર - દોહિત્રી-જમાઈ
પાર્થ, હર્ષ, સ્નેહ, હાર્દી - દોહિત્રા-દોહિત્રી
માનસીબેન નિરવભાઈ ચૌહાણ - દોહિત્રી-જમાઈ
કૌશલ, હિદયેશ, અક્ષત - પૌત્રા

દ્વિજરાજ, આરોહી, પરમરાજ, ધ્રુવ, યુવાંશ - પરદોહિત્રા-દોહીત્રી

# પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ



## સ્વ. જગદીશભાઈ હિરજીભાઈ ચૌહાણ

**(બ્રહ્માણી પ્રીન્ટીંગ પ્રેસવાળા - ગાંધીધામ)**

આપના ઉચ્ચ વિચાર, મિલનસાર સ્વભાવ, ધર્મમય જીવન, દુઃખમાં પણ સહજ રહેવું આવો સ્વભાવ અમે સર્વેને પ્રેરણા આપતા રહેશે. આપના આશીષ અમારા પરિવાર પર સદા રહે, પરમકળપાળુ પરમાત્મા આપના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના...

:: શોકમગ્ન પરિવારજનો ::

**ગં.સ્વ. સાવિત્રીબેન જગદીશભાઈ ચૌહાણ (પત્ની)**
**અ.સૌ. રસીલાબેન મગનભાઈ ચૌહાણ (નાનાભાઈ–પત્ની)**
**અ.સૌ. લતાબેન દિપેશભાઈ પરમાર (દિકરી–જમાઈ)**
**અ.સૌ. જ્યોતીબેન ભરતભાઈ ચાવડા (દિકરી–જમાઈ)**
**અ.સૌ. દક્ષાબેન મહેશભાઈ ચૌહાણ (દિકરી–જમાઈ)**
**અ.સૌ. મીતાલીબેન આશીષભાઈ પરમાર (દિકરી–જમાઈ)**
**મોનિસ અને મોનિકા (મોટા બાપા)**
**શિવમ, રૂચીર, ભવ્ય, અનમ, જૈવિક (દોહિત્રા)**
**પૂજા, કાજલ, દિક્ષિતા, દેવાંશી (દોહિત્રી)**

# સેતુ સમાજ સંદેશ

## :: ખાસ નોંધ ::

સવિનય જણાવવાનું કે, સેતુ સમાજ સંદેશનો આગામી નવેમ્બર'૨૦૨૩નો અંક દિવાળી અંક રૂપે પ્રકાશીત થશે. આ અંકમાં વિશેષ વાચન અર્થે સમાજના સર્વે વડીલો, ભાઈ-બહેનો, યુવાઓ, બાળકોને દિવાળીને અનુલક્ષીને બોધ લેખ, સામાજીક લેખ, કાવ્ય, અન્ય વાચન સામગ્રી તા. ૧૦/૧૦/૨૦૨૩ સુધી મોકલી આપવાની રહેશે. ક્યા લેખો અને કાવ્યોને અંકમાં સ્થાન આપવું તેનો આખરી નિર્ણય સેતુ સમાજ સંદેશ સમિતિને રહેશે.

## ::: ડિસેમ્બર'૨૦૨૩ના અંક માટે ખાસ નોંધ :::

'સેતુ સમાજ સંદેશ' નો ડિસેમ્બર'૨૦૨૩નો અંક દિવાળીના તહેવારો (તા. ૧૧-૧૧-૨૦૨૩ થી ૧૯-૧૧-૨૦૨૩ સુધી) ને કારણે સેતુ સમાજ સંદેશનું ટાઈપીંગ કાર્ય બંધ રહેશે. જેથી ડિસેમ્બર'૨૩ના અંકમાં પ્રકાશીત કરવાની વિગતો મોડામાં મોડી તા. ૦૫-૧૧-૨૦૨૩ સુધી ફરજીયાતપણે ઈ-મેલ, વોટ્સએપ અથવા બાય પોસ્ટ દ્વારા મોકલી આપવાની રહેશે. જેની ખાસ નોંધ લેવા વિનંતી.

**વિનોદભાઈ એમ. ખોડિયાર**
માનદ્ તંત્રીશ્રી

**હિતેશભાઈ બી. ચૌહાણ**
અધ્યક્ષશ્રી, સેતુ સમાજ સંદેશ




*आत्मिय प्रियजन,*

मैं आपका किमती समय लेना चाहता हु मेरा परिचय देने हेतु, मेरा नाम *मितेष जे. खोडियार* है। मैं अल.आई.सी., मेडीक्लेम एवं जनरल बीमा पोलीसी के माध्यम द्वारा बचत करना, बच्चो की उच्च शिक्षा हेतु बचत, रीटार्यमेन्ट पेन्सन का आयोजन एवं इनकम टेक्समे लाभ हेतु लोगो की और उनके परिवारजनोकी मदद करता हु। मैं पिछले 15 वर्षो से लगभग 1800 जीतने लोगो की और उनके परिवारजनोकी मदद करता आया हु। जिसकी S.A.U.M 48 Cr. से अधीक है। मैं मेरे अनुभव द्वारा अपने समाजके लोगो का भविष्य सुरक्षीत करना चाहता हु। कृप्या मुजे आपकी सेवा का अवसर प्रदान करने का मोका दे।

**भविष्य सुरक्षा हेतु सुझाव**

✓ संपूर्ण परिवार सुरक्षा बीमा ✓ स्वास्थ बीमा केशलेश सुविधा के साथ
✓ जिवनभर आय की बचत योजना ✓ बच्चो की उच्च शिक्षा और विवाह कि बचत योजना
✓ स्पेश्यल कन्यादान बीमा योजना ✓ पेन्शन बीमा बचत योजना
✓ वाहन, मकान एवं दुकान का बीमा ✓ करोड़पति योजना ✓ विदेश यात्रा बीमा

*घर बेठे आनलाईन, पेपरलेश, टाईमलेश बीमा पोलीसी की सेवा अपलब्ध है।**

FINANCIAL PEACE PRODUCER
TRANSFORMING STRESS IN TO PEACE
LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA
MDRT®

Insurance for NRI & FNIO*

STAR Health Insurance — Personal & Caring — The Health Insurance Specialist
HDFC ERGO — Take it easy!
IFFCO-TOKIO GENERAL INSURANCE — Muskurate Raho

Plot No. 104/1, Chitrakut Society, Anjar (Kutch) 370110. +91 94298 15059 mitesh.khdiar@gmail.com
Facebook.com/insurancebimapolicy insurance_bima_policy YouTube @InsuranceBimaPolicy
Jd Mitesh J. Khodiar Gandhidham

Surbhi
CLOTHING

MISS AKSHITA
B. CHAVDA (MD)



# Inspired By Culture

Manufecturer and Retailer of Kurti and Dresses

**Factory Address:**

Shraddha Complex, Adani School Rd,
Near Zero Point, Mundra 370421.

**Home Address:**

Girinarayan Street, Mandvi Chock,
Old Bandar Road, Mundra 370421.

**Contact Address:**

+91 93246 85342
+91 99208 43135

surbhiclothing@gmail.com



LALITA PUBLIC SCHOOL® (CBSE)
CHETNA KIDS PARADISE
Ring Road, Wardhaman Nagar, Nagpur- 35
Email : lpswnngp1@gmail.com | Website : lalitapublicschool.com
LALITHA PUBLIC SCHOOL
LALITHA PUBLIC SCHOOL
Fly With Me
Director :
Mrs. Chetna Raju Tank
PURUSHOTTAM JAIRAM CO. & M/S JAIRAM KARSAN TANK
IMPORTERS AND EXPORTERS OF TIMBER
69, LAKADGANJ, NAGPUR-440 008 INDIA Off.: 91-712-2764667, 2764639, Fax : 91-712-2765367, E-mail : pj.tank@yahoo.com
ASHUTOSH INDUSTRIES
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR. LARGEST MANUFACTURER OF DECORATIVE TEAK VENEER IN INDIA
RISING FURNITURE
Gandhi Putla Sq., Central Avenue, Nagpur-2
FURNITURE SHOWROOM FOR ALL TYPES OF FURNITURE
NARAYANA MINERALS
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR
MANUFACTURER OF MANAGANESE DI OXIDE (MNO2) & MANAGANESE OXIDE (MINO)


॥ ઓમ શાંતિઃ ॥
ભૂમિપૂજા એસ્ટેટ એજન્સી
લેન્ડ ડેવલોપર્સ એન્ડ એસ્ટેટ એજન્ટ
જમીન, વાડી, પ્લોટ, બંગલા લે-વેંચ માટે વિશ્વાસપાત્ર સ્થળ
કચ્છ જીલ્લાના કોઈપણ તાલુકામાં જમીન મળી શકશે
બ્રહ્માકુમાર બાબુલાલભાઈ અરજણભાઈ પરમાર
(ખંભરા)
ઉપપ્રમુખશ્રી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા
Mob. 98252 97341
ઓફીસ : વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ (કચ્છ) ફોન : Mo. 9537738640 (Deep)


માધવ સ્વીમીંગ - કુકમા
આપના શુભ પ્રસંગો, પારિવારીક ઉત્સવો, જન્મદિન જેવા પ્રસંગે પરિવાર સહીત ફરવાલાયક ઉત્તમ સ્થળ...
સ્વિમીંગ પુલ, બાગ-બગીચા સહીત નયનરમ્ય વાતાવરણનો આનંદ માણો...
શ્રી રામેશ્વરમ્ એગ્રી ફાર્મ - માધવ સ્વીમીંગ
આકાશવાણી રેડીયો સ્ટેશન ફાટકથી બે કી.મી. અંદર, કુકમા (કચ્છ)
શ્રી રામેશ્વરમ એસ્ટેટ બ્રોકર
બેંક ઓફ બરોડાની બાજુમાં, બસ સ્ટેશન પાસે, કુકમા
માધવ સ્વીટ એન્ડ નમકીન
બસ સ્ટેશન પાસે, કુકમા
શ્રી હરગોવિંદભાઈ એચ. ચૌહાણ
પ્રમુખશ્રી, કુકમા ઘટક
મો. ૯૮૨૫૫ ૧૪૩૫૧
શ્રી માધવ એચ. ચૌહાણ
કુકમા
મો. ૯૫૩૭૧ ૮૨૭૭૮



YOGESH CHAWDA



Aatur Chawda
(M.Arch Texas Univ.)



Raunak Chawda
(B.E. Civil, MBA)




# vedbhumi

## VEDBHUMI BUILDERS & DEVELOPERS PVT.LTD.
## VEDBHUMI INFRAPROJECTS PVT. LTD.

1st Level, Bhumi Arcade, Near Garden, Lakadganj, Nagpur - 08.
Ph.: 0712 - 2760512 | e-mail : info@vedbhumi.com | www.vedbhumi.com
Residence : "Amber", Vatsalya Bhumi, Wathoda, Nagpur - 35.
M : +91 9373129642 | M : +91 7773933433

**Meena Y. Chawda** | **Abhilasha A. Chawda**

(Chandia)




Khodiyar Engineering Works
Urja Engineering Company
Perfect Power Systems
Unique Power Systems

Anil Khodiyar
+ 91 98252 36151

Sumeet Khodiyar
+ 91 98791 95121

Jigar Khodiyar
+ 91 98794 04009

*(Electrical Contractors, Consultants & Engineers)*

Mfrs. Of : PCC, MCC, APFC, VFD, LDB, DG SET Panels

**Besides the manufacturing of Panel, we also attain works such as**

- ~ Installation of DP Structure.
- ~ Installation of Cables and connecting them, etc.
- ~ Supply of Transformers and Vaccume Circuit Breaker
- ~ Rewinding Of all types of Motors and Generators.
- ~ Filtration and supply of Transformer Oil.
- ~ Supply of All types of Switchgears.
- ~ All Types of HT & LT deals with P.G.V.C.L

Lighten Up Your Life...



Authorised Dealer

C&S electric
AVOCAB WIRES & CABLES
HPL The Power of Technology
connectwell THE RIGHT CONNECTION

**Office & Works : Shed No. L - 46, 47, 48 & M-50, Opp. I.T.I, G.I.D.C., Gandhidham (Kutch) Gujarat 370201.**
**Ph. (O) +91 2836 233791 • Fax : +91 2836 233761**
**E-mail : info@urjaengg.com / urjaengineeringcompany@gmail.com**
**Website : www.urjaengg.com / www.urjaengineeringcompany.com**




With Best Compliments



**Vipin Rathod**
Managing Director

UNITRON
The Instrumentation People

# UNITRON INSTRUMENTATION PVT. LTD.

The leading Suppliers of Scientific and Material Testing Equipments in India. Our major customers are Aerospace Industry, Automobile Industry, Steel Industry, Foundry & Forge Industry and Surface Coating Industry.



**Head Office**
127/34, 7th Cross, 4th Main Road, Wilson Garden, Bangalore- 560027
Tel: (080) 2227 5369, 2210 3752 Fax: (080) 2224 4717
Email- info@unitron.in unitron@vsnl.net Web: www.unitron.in
**Branch Office: Chennai, Delhi(Gurgoan), Pune**

**Developers and Sponsorers of Home Page of Rathods of Khambra**
**www.rathodsofkhambra.in**

SETU SAMAJ SANDESH - RNI NO. GUJ GUJ / 2008/25938
Published on October-2023
Postal Registration No. G-KCH-185/2023-2025 Posted at S.O. BHUJ on 2nd of Every Month.

|| જય સીયારામ ||



# 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરુષોત્તમભાઈ સોલંકી પરિવાર
# SHREE RAM GROUP OF INDUSTRIES

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ–કચ્છ) ૩૭૦૧૦૫, ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

### દાન માટે અપિલ :-

રૂા. ૫૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર મુરબ્બી દાતાશ્રી
રૂા. ૧૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર શુભેચ્છા દાતાશ્રી
રૂા. ૫,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર આશ્રય દાતાશ્રી
રૂા. ૬,૦૦૦/- નું દાન આપનાર દત્તક દાતાશ્રી (એક વિદ્યાર્થીનીની સત્ર ફી ભરી વિદ્યાદાન આપી શકાય છે.)
રૂા. ૪,૦૦૦/- નું દાન આપનાર પુણ્ય સ્મૃતિ ભોજન દાતાશ્રી તથા ખુશાલી ભોજન દાતાશ્રી
રૂા. ૨,૦૦૦/- નું દાન આપનાર આજીવન સભ્યશ્રી

**આપનું દાન ૮૦-જી (૫) મુજબ આવકવેરા મુક્તિને પાત્ર છે**

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842 IFSC Code : BARB0KUKMAX માં જમા કરાવી શ્રી મોહનલાલ કુંવરજી ચૌહાણ મો. 9427767810 ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.

**PAN NO. AABTS 4600 B**

**આપના વિનમ્ર**

'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પી. સોલંકી - પ્રમુખ
શ્રી જેઠાલાલ પી. પરમાર - ચેરમેન
શ્રી પ્રફુલ્લચંદ્ર કે. ટાંક - સલાહકાર પ્રમુખ
શ્રી રમેશચંદ્ર આર. ચૌહાણ - મંત્રી
શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ - ઉપપ્રમુખ
શ્રી વિનોદભાઈ કે. પઢિઆર - ઉપપ્રમુખ
શ્રી પ્રભુલાલ પી. પરમાર - ઉપપ્રમુખ
શ્રી મોહનલાલ કે. ચૌહાણ - માનદ્ વ્યવસ્થાપક
શ્રી રસીકલાલ પી. ચૌહાણ - સહમંત્રી
શ્રી અનિલભાઈ ડી. ચૌહાણ - કોષાધ્યક્ષ
શ્રીમતી અનસુયાબેન જે. પરમાર - સહ વ્યવસ્થાપક

મુદ્રક અને પ્રકાશક : વિનોદ મોહનલાલ ખોડીયાર એ આ મુખપત્રના માલિક : શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા (પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા), 'અંબર' વાત્સલ્ય ભૂમિ, વાઠોડા, નાગપુર - ૩૫ (મહારાષ્ટ્ર), મો. ૯૩૭૩૧૨૯૬૪૨ વતીથી, શ્રી ગાયત્રી ગ્રાફીક્સ - અંજાર ખાતે તૈયાર કરાવી, શ્રી હરિ ઓફસેટ - ફર્સ્ટ ફ્લોર, નરનારાયણ ચેમ્બર, સ્ટેશન રોડ, ભુજ (કચ્છ) ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭ ખાતે છાપ્યું અને એસ.ઓ. પોસ્ટ ઓફીસ : ભુજથી પ્રસિદ્ધ કર્યું.